અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૧ મે ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ સુદ ૪ | અંક : ૨૯૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### લાંબા સમયથી ચાલતી જાતિ આધારિત વસ્તી ગણતરી પર નિર્ણય

# મોદી સરકારનો મોટો નિર્ણય, જાતિ જનગણના કરાવશે કેન્દ્ર સરકાર

## અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે શિલોંગ અને સિલચર વચ્ચે એક નવા હાઇવેના નિર્માણને મંજૂરી આપી છે, જેનો ખર્ચ ૨૨,૮૬૪ કરોડ હશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

આખો દેશ પાકિસ્તાન સામે સૈન્ય કાર્યવાહીની રાહ જોઈ રહ્યો છે, તેની વચ્ચે મોદી સરકારે એક અતિ મહત્વનો નિર્ણય લીધો છે. લાંબા સમયથી ચાલતી જાતિ આધારિત વસ્તી ગણતરી પર મોદી કેબિનેટે મંજૂરીની મહોર મારી છે. આજે યોજાયેલી એક બેઠકમાં મોદી કેબિનેટે જાતિઆધારિત વસ્તી ગણતરી માટે મંજૂરી આપી દીધી છે. વાસ્તવમાં, રાજકીય બાબતોની કેબિનેટ સમિતિ એટલે કે CCPA ને સુપર કેબિનેટ તરીકે ઓળખવામાં આવે છે કારણ કે તેમાં કેન્દ્રીય કેબિનેટના ટોચના મંત્રીઓનો સમાવેશ થાય છે. CCPA ના વર્તમાન સભ્યોમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો સમાવેશ થાય છે, જે તેના અધ્યક્ષ છે. આ સાથે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ગૃહ પ્રધાન અમિત શાહ, માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરી, નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ અને વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલનો પણ તેમાં સમાવેશ થાય છે.

અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે શિલોંગ અને સિલચર વચ્ચે એક નવા હાઈવેના નિર્માણને મંજૂરી આપી છે, જેનો કુલ ખર્ચ ૨૨,૮૬૪ કરોડ રૂપિયા હશે. આ સાથે, ૨૦૨૫-૨૬ શેરડીની સીઝન માટે ખેડૂતોને રાહત આપતા, પ્રતિ ક્વિન્ટલ ૩૫૫ રૂપિયાના લઘુત્તમ ટેકાના ભાવ (MSP) ને પણ મંજૂરી આપવામાં આવી છે.

પત્રકારોને સંબોધતા અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આજે યોજાયેલી રાજકીય બાબતોની કેબિનેટ સમિતિ (CCPA)



ની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે આગામી વસ્તી ગણતરીમાં જાતિ વસ્તી ગણતરીનો સમાવેશ કરવામાં આવશે. આને એક ઐતિહાસિક પગલું માનવામાં આવી રહ્યું છે, કારણ કે અત્યાર સુધી જાતિ વસ્તી ગણતરી મૂળભૂત વસ્તી ગણતરીનો ભાગ રહી નથી. તેમણે કહ્યું, "કેટલાક રાજ્યોએ પોતાના સ્તરે જાતિ સર્વેક્ષણો કર્યા છે, પરંતુ સામાજિક માળખાને સમજવા માટે એક સર્વાંગી અભિગમ જરૂરી છે. CCPA એ નિર્ણય લીધો છે કે હવે જાતિઓની ગણતરી આગામી વસ્તી ગણતરીમાં કરવામાં આવશે, કોઈ અલગ સર્વેક્ષણ હેઠળ નહીં."

કોંગ્રેસ પાર્ટી પર નિશાન સાધતા અશ્વિની વૈષ્ણવે કહ્યું કે કોંગ્રેસ સરકારોએ હંમેશા જાતિ વસ્તી ગણતરીનો વિરોધ કર્યો છે. ૨૦૧૦ માં, સ્વર્ગસ્થ ડૉ. મનમોહન સિંહે કહ્યું હતું કે જાતિ વસ્તી ગણતરીનો મુદ્દો કેબિનેટમાં ધ્યાનમાં લેવો જોઈએ. આ વિષય પર વિચાર કરવા માટે મંત્રીઓનું એક જૂથ બનાવવામાં આવ્યું હતું. મોટાભાગના રાજકીય પક્ષોએ જાતિગત વસ્તી ગણતરીની ભલામણ કરી હતી. આમ છતાં, કોંગ્રેસ સરકારે જાતિ સર્વેક્ષણ અથવા જાતિ વસ્તી ગણતરી કરવાનો નિર્ણય લીધો. તેમણે કહ્યું કે એ વાત સારી રીતે સમજી શકાય છે કે કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ જાતિગત વસ્તી ગણતરીનો ઉપયોગ ફક્ત રાજકીય હથિયાર તરીકે કર્યો છે. કેટલાક રાજ્યોએ જાતિઓની ગણતરી માટે સર્વેક્ષણો હાથ ધર્યા છે. જ્યારે કેટલાક રાજ્યોએ તે સારી રીતે કર્યું છે, ત્યારે કેટલાક રાજ્યોએ ફક્ત રાજકીય દૃષ્ટિકોણથી બિન-પારદર્શક રીતે આવા સર્વેક્ષણો કર્યા છે. આવા સર્વેક્ષણોએ સમાજમાં શંકાઓ ઉભી કરી છે. રાજકારણથી આપણું સામાજિક માળખું નષ્ટ ન થાય તે માટે, સર્વેક્ષણને બદલે વસ્તી ગણતરીમાં જાતિ ગણતરીનો સમાવેશ થવો જોઈએ. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે બંધારણના અનુચ્છેદ ૨૪૬ હેઠળ, કેટલીક રાજ્ય સરકારોને પોતાના સ્તરે સામાજિક સર્વેક્ષણ કરવાનો અધિકાર છે. પરંતુ જાતિના ડેટાનો સમાવેશ હવે કેન્દ્રીય વસ્તી ગણતરી હેઠળ કરવામાં આવશે, જેથી એકરૂપતા અને ચોકસાઈ જાળવી શકાય. મોદી સરકારે શેરડીના ખેડૂતોને મોટી ભેટ આપી છે. શેરડીના FRPમાં વધારો કરવામાં આવ્યો છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતુ કે શિલોંગથી સિલ્વર કોરિડોરને મંજૂરી આપવામાં આવી છે. સરકારે મેઘાલયથી આસામ સુધીના નવા હાઈવેને મંજૂરી આપી છે, જે ૧૬૬.૮ કિમી લાંબો ૪-લેન હાઈવે હશે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર જાતિગત વસ્તી ગણતરી કરશે.

---

## ન્યૂઝ બ્રિફ

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની આગામી રશિયાની મુલાકાત રદ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની આગામી રશિયાની મુલાકાત રદ કરી છે. હવે તે ૯ મેના રોજ મોસ્કોમાં વિક્ટરી પરેડમાં ભાગ લેશે નહીં. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના પ્રેસ સેક્રેટરી દિમિત્રી પેસ્કોવે આ માહિતી આપી હતી.જોકે, રશિયાએ પીએમ મોદીની મોસ્કો મુલાકાત રદ કરવાનું કારણ જણાવ્યું નથી. કહેવામાં આવી રહ્યું છે કે પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ વર્તમાન સુરક્ષા સ્થિતિને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે ભારત તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આવી નથી.

### ટ્રમ્પે દ્વિપક્ષીય વેપાર કરાર મુદ્દે આપ્યા મહત્ત્વના સંકેત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આજે દાવો કર્યો છે કે, ભારત સાથે ટેરિફ મુદ્દે ચાલી રહેલી ચર્ચાઓ સકારાત્મક રીતે આગળ વધી રહી છે. ટૂંકસમયમાં બંને દેશો આ મુદ્દે સમાધાન કરશે. ટ્રમ્પના આ નિવેદનથી ભારતીય નિકાસકારોને રાહત મળી છે. ટ્રમ્પે આ નિવેદન મિશિગનમાં યોજાયેલી એક રેલીમાં ભાગ લેતાં પહેલાં આપ્યું હતું. વ્હાઈટ હાઉસની બહાર પત્રકારો સાથે વાત કરતાં ટ્રમ્પે જણાવ્યું કે, મને લાગે છે કે, અમે ભારત સાથે ટેરિફ મુદ્દે સમાધાન કરીશું.

---

### ૨૧ ધારાસભ્યોએ PM મોદીને આપ્યું અલ્ટીમેટમ

# મણિપુરના ધારાસભ્યોએ સરકારને સત્તા સોંપવા મુદ્દે ઝડપથી નિર્ણય લેવા અપીલ કરી

## જો ૧૫ મે સુધી કોઈ સકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે તો તેઓ પોતે સરકાર બનાવવાનો દાવો રજૂ કરી શકે છે આ અરજી પત્રમાં ભાજપના ૧૪ ધારાસભ્યોના નામ પણ સામેલ છે

। (એજન્સી) મણિપુર, તા.૩૦ ।

મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાદ્યાના ત્રણ મહિના બાદ ચૂંટાયેલી સરકારને પુનઃ સત્તા સોંપવાની માગ ઉભી થઈ છે. મણિપુરના ૨૧ ધારાસભ્યોએ વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીને પત્ર લખી રાજ્યમાં ચૂંટાયેલી સરકારને પુનઃસ્થાપિત કરવા અપીલ કરી છે. મણિપુરના ધારાસભ્યોએ સરકારને સત્તા સોંપવા મુદ્દે ઝડપથી નિર્ણય લેવા અપીલ કરી છે. તેઓએ કેન્દ્ર સરકારને અલ્ટીમેટમ પણ આપ્યું છે કે, જો મણિપુરમાં શાંતિ જોઈએ તો ૧૫ મે સુધી સરકારને પુનઃસ્થાપિત કરવા નિર્ણય લો. જો ૧૫ મે સુધી કોઈ સકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે તો તેઓ પોતે સરકાર બનાવવાનો દાવો રજૂ કરી શકે છે. આ અરજી પત્રમાં ભાજપના ૧૪ ધારાસભ્યોના નામ પણ સામેલ છે. નેશનલ પીપલ્સ પાર્ટીના ત્રણ, નાના પીપલ્સ ફ્રન્ટના બે અને બે અપક્ષ ધારાસભ્ય સામેલ છે. તે સિવાય આ ધારાસભ્યોને ૧૦ કુકી સમુદાયના ધારાસભ્યોનું પણ સમર્થન મળ્યું છે.ધારાસભ્યોએ પત્રમાં લખ્યું છે કે, ૧૩ ફેબ્રુઆરીએ રાષ્ટ્રપતિ શાસન લાગુ થયા પછી, જનતાને આશા હતી કે પરિસ્થિતિમાં સુધારો થશે, પરંતુ ત્રણ મહિના પછી પણ કોઈ નક્કર પ્રગતિ થઈ નથી. જનતામાં ફરીથી હિંસા ફાટી નીકળવાનો ભય વધી રહ્યો છે અને ઘણા સામાજિક સંગઠનો રાષ્ટ્રપતિ શાસનનો વિરોધ કરી રહ્યા છે. ફરી સરકાર ન બનાવવા માટે ધારાસભ્યોને દોષિત ઠેરવવામાં આવી રહ્યા છે. ધારાસભ્યોએ વધતી જતી અશાંતિ મુદ્દે પણ ચિંતા વ્યક્ત કરી હતી. પત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, ઘણા સંગઠનોએ રાષ્ટ્રપતિ શાસનનો વિરોધ શરૂ કર્યો છે અને સરકારની રચનાની માંગ કરી રહ્યા છે. જાહેર રેલીઓ અને શેરી સભાઓનું આયોજન થઈ રહ્યા છે, જ્યાં શાસક ધારાસભ્યો પર સરકાર બનાવવાનો દાવો ન કરવાનો અને રાષ્ટ્રપતિ શાસન લાદવાની માંગ કરવાનો આરોપ મૂકવામાં આવી રહ્યો છે. ૯ ફેબ્રુઆરીના રોજ, મુખ્યમંત્રી એન. બિરેન સિંહે આંતરિક મતભેદોને કારણે રાજીનામું આપી દીધું હતું.


---

### પાકિસ્તાનના માહિતી મંત્રી અતાઉલ્લાહ તરારે મોડી રાત્રે લગભગ ૧.૩૦ વાગ્યે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી

# ‘૨૪ થી ૩૬ કલાકમાં ભારત હુમલો કરશે’ : પાકિસ્તાની મંત્રી

। ઈસ્લામાબાદ, તા.૩૦ ।

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. ભારતની કાર્યવાહીના ડરથી પાકિસ્તાનમાં ગભરાટનો માહોલ છે. આ જ કારણ છે કે પાકિસ્તાનના માહિતી મંત્રી અતાઉલ્લાહ તરારે મોડી રાત્રે લગભગ ૧.૩૦ વાગ્યે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ દરમિયાન તેમણે દાવો કર્યો કે અમને વિશ્વસનીય ગુપ્ત માહિતી મળી છે. જે દર્શાવે છે કે ભારત આગામી ૨૪ થી ૩૬ કલાકમાં લશ્કરી હુમલો કરી શકે છે. આ નિવેદન એવા



સમયે આવ્યું છે જ્યારે પીએમ મોદીએ મંગળવારે આતંકવાદ સામે નિર્ણાયક લડાઈ માટે સશસ્ત્ર દળોને છૂટ આપી હતી. જેથી તેઓ પહલગામ હુમલાના ગુનેગારો અને તેમના સાથીઓને સજા આપી શકે. આ આતંકવાદી હુમલામાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા.પાકિસ્તાનના માહિતી મંત્રી તરારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં લખ્યું છે કે પાકિસ્તાન પાસે વિશ્વસનીય ગુપ્ત માહિતી છે કે ભારત પહેલગામ ઘટનાને ખોટા બહાના તરીકે ઉપયોગ કરીને આગામી ૨૪ થી ૩૬ કલાકમાં સૈન્ય કાર્યવાહી કરી શકે છે. તરારે ચેતવણી આપતા કહ્યું કે કોઈપણ આક્રમક કાર્યવાહીનો નિર્ણાયક જવાબ આપવામાં આવશે. પાકિસ્તાન પોતે આતંકવાદનો ભોગ બન્યું છે અને આ કટોકટીના દુઃખને ખરેખર સમજે છે. અમે હંમેશા દુનિયા સમક્ષ આતંકવાદની નિંદા કરી છે. તરારે કહ્યું કે પાકિસ્તાને સત્ય બહાર લાવવા માટે નિષ્ણાતોના તટસ્થ કમિશન દ્વારા વિશ્વસનીય, પારદર્શક અને સ્વતંત્ર તપાસની અમે દિલથી ઓફર કરી છે.

---

### ફોટા જોઈ પાકિસ્તાનનો પરસેવો છૂટી જશે

# તણાવપૂર્ણ માહોલ વચ્ચે નેવીની X ઉપર મહત્વની પોસ્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે પાકિસ્તાન સામે કડક વલણ અપનાવ્યું છે. પાકિસ્તાન ભારતની બદલાની કાર્યવાહીથી ગભરાઈ રહ્યું છે, ત્યારે ભારતીય નૌકાદળે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટ શેર કરી, જેમાં તાકાત દર્શાવવામાં આવી. નૌકાદળના સત્તાવાર હેન્ડલ @IndiannavyMedia એ લખ્યું, ‘Fuelling the Ma®iime Might – No mission too distant, No Sea too vast #FleªSupport #AnytimeAnywhereAnyhow.’ આ પોસ્ટ નૌકાદળની દરિયાઈ શક્તિને જ પ્રતિબિંબિત કરતી નથી, પરંતુ પહેલગામ હુમલા પછી વધી રહેલા તણાવ વચ્ચે એક મજબૂત સંદેશ પણ આપે છે. લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF) દ્વારા પહેલગામમાં કરાયેલા આતંકવાદી હુમલાએ ભારત-પાકિસ્તાન સંબંધોમાં વધુ તણાવ ઉભો કર્યો છે. આ હુમલા પછી, ભારતે સિંધુ જળ સંધિને સ્થગિત કરવા, અટારી-વાઘા સરહદ બંધ કરવા અને પાકિસ્તાની રાજદ્વારીઓને હાંકી કાઢવા જેવા કડક પગલાં લીધાં.

---

# અમૂલ દૂધના ભાવમાં પ્રતિ લિટર રૂપિયા ૨નો વધારો, નવો ભાવ આજથી લાગુ

। નવીદિલ્હી, તા.૩૦ ।

અમૂલ બ્રાન્ડ હેઠળ વેચાતા દૂધનો ભાવવધારો રાત્રે ૧૨ વાગ્યા પછી અમલમાં આવશે. સાબરકાંઠા સહિત ગુજરાત અને અન્ય રાજ્યોમાં અમૂલના તમામ દૂધ ઉત્પાદનોમાં ભાવવધારો કરવામાં આવ્યો છે. રાજ્યમા એક લિટર દૂધમાં રૂપિયા બેનો વધારો કરવામાં આવ્યો છે. સાબરડેરી મુજબ, અમૂલ ગોલ્ડ ૫૦૦ એમએલનો ભાવ રૂપિયા ૩૩થી વધીને રૂપિયા ૩૪ થયો છે. અમૂલ શક્તિ હવે રૂપિયા ૩૦ને બદલે રૂપિયા ૩૧માં મળશે. બંને પ્રકારનાં દૂધ ૫૦૦ એમએલના પાઉચમાં વેચાય છે.

અન્ય દૂધની વાત કરીએ તો ૧ લિટર અમૂલ ટી-સ્પેશિયલમાં બે રૂપિયાના વધારાથી પાઉચ હવે રૂપિયા ૬૩માં મળશે. અમૂલ તાજા રૂપિયા ૨૮માં ઉપલબ્ધ મળશે. ભેંસના દૂધના ભાવમાં પણ રૂપિયા ૧નો વધારો કરાયો છે. ૫૦૦ એમએલનું પાઉચ હવે રૂપિયા ૩૬ને બદલે રૂપિયા ૩૭માં મળશે. જ્યારે એક લિટરમાં ૨ રૂપિયાનો વધારો થયો છે.

---

### ૨૦ ફૂટ હિસ્સો ધસી પડતાં ૮ના મોત

# વિશાખાપટ્ટનમના નરસિમ્હા સ્વામી મંદિરમાં મોટી દુર્ઘટના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

વિશાખાપટ્ટનમમાં શ્રી વરાહલક્ષ્મી નરસિમ્હા સ્વામી મંદિરમાં ચંદનોત્સવ દરમિયાન મંદિરનો ૨૦ ફૂટ લાંબો ભાગ તૂટી પડતાં આઠ લોકોના મોત થયા હતા અને ચાર ઘાયલ થયા હતા. જેની જાણકારી મળતાં જ SDRF અને NDRFની ટીમોએ ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી. પરિસ્થિતિ જોઈને આંધ્રપ્રદેશના ગૃહમંત્રી વાંગલાપુડી અનિતા પણ ઘટનાસ્થળે પહોંચ્યા અને અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. ચંદનોત્સવ દરમિયાન ૨૦ ફૂટ લાંબો મંદિરનો હિસ્સો અચાનક તૂટી પડવાથી આ ઘટના બની હતી. દર વર્ષે ચંદનોત્સવમાં મોટી સંખ્યામાં ભક્તો ભાગ લે છે. આ વર્ષે પણ એવો અંદાજ છે કે લગભગ બે લાખ ભક્તો આ મહોત્સવમાં હાજર રહ્યા હતા. સિંહચલમ ટેકરી પર આવેલું આ મંદિર સદીઓ જૂનું છે. ચંદનોત્સવ અને અન્ય ધાર્મિક વિધિઓ માટે હજારો ભક્તો અહીં એકઠા થયા હતા. આ ઘટના ત્યારે બની જ્યારે ભીડ ખૂબ જ હતી અને ભક્તો ભગવાનના દર્શન માટે કતારમાં ઉભા હતા. બુધવારે સવારે ૧ વાગ્યે ‘સુપ્રભાતમ’ સાથે ચંદનોત્સવ શરૂ થયો હતો. ત્યારપછી વિશ્વસેન પૂજા, પુણ્યવચના, ઋત્વિકવરણ, પંચકલવાહન અને ચન્નોત્તરમ્ કરવામાં આવ્યા હતા.

---

### નેપાળ એવરેસ્ટ પર ચઢાઈના નિયમ કડક બનાવશે

# ૭૦૦૦ મીટરથી વધુ પર્વતારોહણ કરનારને જ પરમિશન મળશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

વિશ્વના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટ પર હવે કોઈ પણ પર્વતારોહક એમ જ નહીં ચઢી શકશે. નેપાળ સરકારે એક નવો ડ્રાફ્ટ કાયદો રજૂ કર્યો છે જે હેઠળ માત્ર એવા જ પર્વતારોહકો એવરેસ્ટ પર ચઢી શકશે જેમણે અગાઉ ઓછામાં ઓછા ૭,૦૦૦ મીટરથી વધુ પર્વતારોહણ કર્યું હોય.

નેપાળની સંસદના ઉપલા ગૃહમાં તાજેતરમાં રજૂ કરાયેલા ’ઈન્ટિગ્રેટેડ ટુરિઝમ બિલ’ પ્રમાણે હવે એવરેસ્ટ (૮,૮૪૮.૮૬ મીટર) પર ચઢવા માટે પહેલા પોતાને સાબિત કરવું ફરજિયાત રહેશે. આ બિલમાં ઘણી કડક જોગવાઈઓ છે. - પર્વતારોહકે ૭૦૦૦ મીટરથી ઉપર ચઢાણનો પુરાવો આપવો પડશે. - દરેક પર્વતારોહકે ચઢાણના એક મહિનાની અંદર સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત તબીબી સંસ્થા તરફથી જારી કરાયેલ તબીબી ફિટનેસ પ્રમાણપત્ર સબમિટ કરવું ફરજિયાત રહેશે.

સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતા લોકોને ચઢવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

- વર્તમાન ૪,૦૦૦ ડોલરનો રિફંડેબલ કચરો ડિપોઝિટ ફી હવે નોન-રિફંડેબલ કચરા ફીમાં બદલાશે - પર્વત પર મૃતદેહોના નિકાલ માટે વીમા યોજનાની પણ જોગવાઈ છે, કારણ કે એક મૃતદેહના નિકાલનો ખર્ચ ૨૦ હજારથી ૨ લાખ ડોલર સુધીનો હોઈ શકે છે. એક અહેવાલ પ્રમાણે ૨૦૨૪માં અત્યાર સુધીમાં ૪૦૦થી વધુ પર્વતારોહકોને એવરેસ્ટ પર ચઢવાની પરવાનગી મળી છે.

---

### પાકિસ્તાનની નિર્લજ્જતા

# પહલગામ આતંકી હુમલામાંથી TRFનું નામ હટાવ્યું હોવાની કબૂલાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

પહલગામ આતંકવાદી હુમલાની જવાબદારીમાંથી હાથ ઝાટકી દેનારા પાકિસ્તાને પોતાની જ સંસદમાં સ્વીકાર્યું છે કે, તેણે જ UNSCના પ્રસ્તાવમાંથી પહલગામ આતંકવાદી હુમલા માટે જવાબદાર આતંકી જૂથ TRFનું નામ દૂર કર્યું હતું. પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી ઈશાક ડારે સંસદમાં કબૂલ્યું હતું કે, મેં જ UNSC (યુનાઈટેડ નેશન્સ ઓફ સિક્યુરિટી કાઉન્સિલ) દ્વારા મોકલવામાં આવેલા પ્રસ્તાવમાંથી પહલગામ આતંકી હુમલા માટે જવાબદાર આતંકી સંગઠન TRF (ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ)નું નામ દૂર કર્યુ હતું. આંતકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાનું આતંકી જૂથ ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટે ૨૨ એપ્રિલે પહલગામ આતંકી હુમલાની જવાબદારી લીધી હતી. પરંતુ બાદમાં અચાનક જ આ જવાબદારીમાંથી હાથ ઝાટક્યા હતાં કે, તેના આ ઘટના સાથે કોઈ લેવાદેવા નથી. ટીઆરએફની પલટીથી જ લોકોએ અંદાજ લગાવ્યો હતો કે, પાકિસ્તાન સરકારના કહેવા પર ટીઆરએફે આ નિવેદન આપ્યું હશે. બાદમાં બીજા દિવસે પાકિસ્તાન સરકારે વિશ્વ સમક્ષ પહલગામ હુમલા મુદ્દે નિષ્પક્ષ તપાસની માગ કરી હતી. પાકિસ્તાને UNSC તરફથી મોકલેલા પ્રસ્તાવમાંથી આતંકી સંગઠનનું નામ દૂર કર્યું હતું. UNSCના ૧૦ અસ્થાયી સભ્યો સામેલ છે. જે ૨-૨ વર્ષ માટે ચૂંટાય છે.

---

### મંત્રી સત્યેન્દ્ર જૈનની મુશ્કેલીઓ અટકવાનું નામ લઈ રહી નથી

# AAPના બે દિગ્ગજ નેતા નવી મુશ્કેલીમાં ફસાયા, ૨૦૦૦ કરોડના કૌભાંડમાં નામ સંડોવાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયા અને પૂર્વ પીડબ્લ્યૂડી મંત્રી સત્યેન્દ્ર જૈનની મુશ્કેલીઓ અટકવાનું નામ લઈ રહી નથી. દિલ્હીની એન્ટી કરપ્શન બ્રાન્ચે રૂ. ૨૦૦૦ કરોડનું ક્લાસરૂમ કૌભાંડ મામલે આ બંને નેતાઓ વિરૂદ્ધ વધુ એક એફઆઈઆર નોંધી છે. આ કૌભાંડમાં અન્ય સરકારી અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર્સની સંડોવણી હોવાની શક્યતાઓ પર તપાસ થઈ રહી હોવાનું એસીબી ચીફ મધુર વર્માએ જણાવ્યું હતું. કથિત લીકર કૌભાંડ અને મની લોન્ડરિંગના આરોપોનો સામનો કરી રહેલા સિસાદિયા અને જૈન વિરૂદ્ધ શાળાઓના ક્લાસરૂમ બાંધકામમાં રૂ. ૨૦૦૦ કરોડનું કૌભાંડ આચર્યું હતું. એસીબીએ જણાવ્યા પ્રમાણે, આમ આદમી પાર્ટીએ પોતાની સરકારના કાર્યકાળમાં ૧૨૭૪૮ ક્લાસરૂમ બાંધકામમાં રૂ. ૨૦૦૦ કરોડનું કૌભાંડ આચર્યું હતું. કેજરીવાલની સરકારમાં નાયબ મુખ્યમંત્રી સિસોદિયા શિક્ષણ વિભાગ સંભાળી રહ્યા હતા. જ્યારે જૈન પીડબ્લ્યૂડી (પબ્લિક વર્ક ડિપાર્ટમેન્ટ)નો ચાર્જ સંભાળી રહ્યા હતા. ક્લાસરૂમના બાંધકામનો કોન્ટ્રાક્ટ ૩૪ કોન્ટ્રાક્ટરને આપવામાં આવ્યો હતો. જે તમામ છઇઁ સાથે જોડાયેલા હતા. છઝમ્એ જણાવ્યું હતું કે, યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના જ એડવાઈઝર અને આર્કિટેક્ટની નિમણૂક કરવામાં આવી હતી. સસ્તી ગુણવત્તાના ક્લાસરૂમ બાંધી ખર્ચ ઉચ્ચ કક્ષાની ગુણવત્તાને સમકક્ષ દર્શાવવામાં આવ્યો હતો.

## અજમેર ડિવિઝન પર બ્લોકને કારણે સાબરમતી-જોધપુર એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે

। અમદાવાદ, તા.૩૦ ।

ઉત્તર પશ્ચિમ રેલ્વેના અજમેર ડિવિઝન પર મદાર-પાલનપુર સેક્શનના જવાઈ બાંધ-મોરી બેડા સ્ટેશનો વચ્ચે બ્રિજ નંબર ૬૭૫ કિમી ૫૧૮/૩-૪ પર ઇઝઝ બોક્સ લોન્ચિંગ માટે પ્રસ્તાવિત બ્લોકને કારણે સાબરમતી-જોધપુર-સાબરમતી એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છે.

● ૦૧ અને ૦૨ મે ૨૦૨૫ ના રોજ જોધપુર થી દોડનારી ટ્રેન નં. ૧૪૮૨૧ જોધપુર-સાબરમતી એક્સપ્રેસ રદ રહેશે.

● ૦૨ અને ૦૩ મે ૨૦૨૫ ના રોજ સાબરમતી થી દોડનારી ટ્રેન નં. ૧૪૮૨૨ સાબરમતી-જોધપુર એક્સપ્રેસ રદ રહેશે.

## અમદાવાદ મંડળના વિવિધ સ્ટેશનો પર શ્રી રાઘવ સેવા સમિતિના સહયોગથી વિનામૂલ્યે ઠંડા પાણીની સેવા



। અમદાવાદ, તા.૩૦ ।

પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ હંમેશા પોતાના રેલવે યાત્રીઓની સુવિધાને સર્વોપરી રાખે છે. આ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતાં, મંડળે શ્રી રાઘવ સેવા સમિતિના સહયોગથી ચાર મુખ્ય સ્ટેશનો મણીનગર, સાબરમતી, વટવા અને અસારવા પર વિનામૂલ્યે ઠંડા પાણીની વ્યવસ્થા કરી છે. આ સેવાનો શુભારંભ ૩૦ એપ્રિલ ૨૦૨૫ ના રોજ મણીનગર રેલવે સ્ટેશન પર પરમપૂજ્ય આચાર્ય શ્રી રામચંદ્ર દાસ જી (ચિત્રકૂટ), પરમપૂજ્ય ધર્માચાર્ય મહંત શ્રી અખિલેશ્વર દાસ જી મહારાજ, (નરોડા) દ્વારા માનનીય ધારાસભ્ય મણીનગર શ્રી અમૂલ ભટ્ટની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિમાં કર્યો. આ અવસર પર શ્રી રમાકાંત ચતુર્વેદી (પેન્થર સિક્યોરિટી & એલાઈએડ સર્વિસીઝ) પણ ઉપસ્થિત રહ્યા, જેમણે આ પહેલમાં પોતાનો સહયોગ આપ્યો છે. સૌએ મળીને યાત્રીઓની સેવા માટે આ વિનામૂલ્યે ઠંડા પાણીની સેવાને સફળતા પૂર્વક શરૂ કરવામાં પોતાનું યોગદાન આપ્યું.

આસિસ્ટન્ટ કોમર્શિયલ મેનેજર શ્રી સંજય યાદવે શ્રી રાઘવ સેવા સમિતિના આ પ્રયાસની પ્રશંસા કરી. આ વિનામૂલ્યે ઠંડા પાણીની સેવા આ ચારેય સ્ટેશનો પર યાત્રીઓ માટે એક મોટી સુવિધા સાબિત થશે. વિશેષરૂપે ગરમીની ઋતુમાં જ્યારે તાપમાન અત્યંત વધી જાય છે. પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ યાત્રીઓની સુવિધા અને કલ્યાણ માટે આ પ્રકારના અન્ય પગલાં લેવા માટે કટિબદ્ધ છે.

### ઉમરગામ તાલુકાના કલગામમાં

## ૬૬ કે.વી. સબ સ્ટેશનનું લોકાર્પણ કરતા રાજ્યના ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ

। વલસાડ, તા.૩૦ ।

ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લી. (જેટકો) દ્વારા વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કલગામ ખાતે રૂા. ૨૪.૮૫ કરોડના ખર્ચે નવનિર્મિત ૬૬ કે. વી. સબ સ્ટેશનનું રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનું સુકાન સંભાળ્યા બાદ અનેકવિધ સુધારાઓ કર્યા. આદિવાસીઓ માટે વનબંધુ યોજના,માછીમારો માટે સાગરખેડૂ યોજના શરૂ કરી,



જેની બજેટમાં અલગથી જોગવાઈ કરવામાં આવી છે. જે યોજનાઓનું આજે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈની રાહબરીમાં સારી રીતે અમલીકરણ થઈ રહ્યું છે. સાગરખેડૂ યોજનાથી કાંઠા વિસ્તારના સબ સ્ટેશન અને ડીજીવીસીએલની કચેરીઓ માટેની મંજૂરી આપવામાં આવે છે. મંત્રીશ્રીએ પદાધિકારીઓને ગામ, તાલુકા કે જિલ્લાના વિકાસ કરવો હોય તો પોઝીટીવ વલણ રાખી વિકાસ કાર્યો કરતા રહેતા જણાવ્યું હતું. ગુજરાતમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સહયોગથી વિકાસ કાર્યો થઈ રહયા છે.

આજ પ્રમાણે વલસાડ જિલ્લામાં પણ અનેક વિકાસના કાર્યો થઈ રહયા છે. મંત્રીશ્રીએ આ પ્રસંગે સ્માર્ટ મીટર લગાવવા માટે કોઈપણ જાતની ગેરસમજ વગર લગાવવા માટે વિનંતી કરી હતી. સ્માર્ટ મીટરને લીધે દરેક ગ્રાહકને ફાયદો થાય છે એમ જણાવ્યું હતું. આ પ્રસંગે જેટકો વડોદરાના મુખ્ય ઈજનેર કે. બી. રાઠોડે સ્વાગત પ્રવચન અને જેટકો નવસારીના અધિક્ષક ઈજનેર પી. એન. પટેલે આભારવિધિ કરી હતી.

## આનંદ આશ્રમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કાળજી કેર સેન્ટરમાં સિનિયર સિટીઝન સેવા યોજવામાં આવી

। વડોદરા, તા.૩૦ ।

આજના ભાગદોડભર્યા જીવનમાં, વરિષ્ઠ નાગરિકો ઘણીવાર એકલતા અને નિરાધારતા અનુભવે છે. તેમની શારીરિક અને માનસિક જરૂરિયાતોને પહોંચી વળવું તેમના માટે એક પડકાર બની જાય છે. આવા સંજોગોમાં, આનંદ આશ્રમ ચેરીટેબલ ટ્રસ્ટ કાળજી કેર સેન્ટર વરિષ્ઠ નાગરિકો માટે એક આશીર્વાદરૂપ સાબિત થયું છે. કાળજી કેર સેન્ટર એક એવી જગ્યા છે જ્યાં વરિષ્ઠ નાગરિકોને માત્ર આશ્રય જ નહીં, પરંતુ પ્રેમ, સંભાળ અને સન્માન પણ મળે છે. ટ્રસ્ટનો મુખ્ય ઉદ્દેશ્ય એવા વરિષ્ઠ લોકોને મદદ કરવાનો છે જેઓ એકલા છે, આ કેન્દ્રમાં વરિષ્ઠ નાગરિકો માટે અનેક સેવાઓ ઉપલબ્ધ છે. અહીં તેમને સ્વચ્છ અને સલામત રહેઠાણ, પૌષ્ટિક ભોજન અને નિયમિત તબીબી તપાસ જેવી પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવામાં આવે છે.

### હિટ એન્ડ રનની ઘટનાઓનો સિલસિલો યથાવત

## વડોદરા નજીક વધુ એક હિટ એન્ડ રનની ઘટનાઃ બે યુવકોના કમકમાટીભર્યા મોત

**અકસ્માતની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને બંને યુવકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી**

। (એજન્સી) વડોદરા, તા.૩૦ ।

વડોદરામાં હિટ એન્ડ રનની ઘટનાઓનો સિલસિલો યથાવત છે. ત્યારે વડોદરા નજીક વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. જેમાં અજાણ્યા વાહન ચાલકે બાઈકને ટક્કર મારતાં બે યુવકોના ઘટનાસ્થળે મોત નીપજ્યા હતા. અકસ્માતની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને બંને યુવકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર વડોદરા નજી વાઘોડિય ચોકડી પાસે અજાણ્યા વાહન ચાલકે બાઈક સવારને અટફેટે લેતાં ૨ યુવકોને જીવ ગુમાવ્યો હતો. અકસ્માત સર્જાયા બાદ વાહનચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતની જાણ થતાં આસપાસમાંથી લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું અને પોલીસને જાણ કરી હતી. અકસ્માતને પગલે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

અકસ્માતની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે મૃતક યુવકોની ઓળખવિધિ માટે તપાસ ધમધમાટ શરૂ કરી દીધો છે. તો બીજી તરફ અજાણ્યા વાહન ચાલકને પકડી પાડવા માટે આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ ફંફોળવાનું શરૂ કરી દીધું છે.

## સુરતના ગાર્ડનમાં એક સંસ્થાનો લોક જાગૃતિ થકી ૧૦૦ ટકા પ્લાસ્ટિક મુક્ત ગાર્ડન બનાવવા પ્રયાસ

### જહાંગીરપુરાના એક ગાર્ડનમાં કાયમ આવતી એક સંસ્થાઓ લોક જાગૃતિ થકી ગાર્ડનને પ્લાસ્ટિક મુક્ત બનાવવાનું અભિયાન શરૂ કર્યું છે

। (એજન્સી) સુરત, તા.૩૦ ।

સુરતને પ્લાસ્ટિક મુક્ત બનાવવાનો સુરત પાલિકાના પ્રયાસ ટુંકા પડી રહ્યાં છે ત્યારે સુરતના જહાંગીરપુરાના એક ગાર્ડનમાં કાયમ આવતી એક સંસ્થાઓ લોક જાગૃતિ થકી ગાર્ડનને પ્લાસ્ટિક મુક્ત બનાવવાનું અભિયાન શરૂ કર્યું છે. તેમાં માત્ર એક અઠવાડિયામાં ૩૦ ટકા જેટલું પ્લાસ્ટિક અટકાવવામાં સફળતા મળી છે.

એક મહિનામાં આ ગાર્ડન ૧૦૦ ટકા પ્લાસ્ટિક મુક્ત થાય તેવો પ્રયાસ સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ એક સંસ્થાના પ્રયાસ બાદ શહેરના અન્ય ગાર્ડન તથા અન્ય જાહેર જગ્યાએ પ્લાસ્ટિક અટકાવવાના પ્રયાસ શરૂ કરવા પ્રેરણા મળશે. સુરત સહિત સમગ્ર વિશ્વમાં પ્લાસ્ટિકના કારણે પર્યાવરણ સામે જોખમ ઊભું થયું છે ત્યારે સુરત પાલિકા દ્વારા સુરતને પ્લાસ્ટિક મુક્ત બનાવવા સમયાંતર અભિયાન ચલાવવામાં આવે છે. પાલિકાની આ કામગીરી દરમિયાન શહેરમાંથી હજારો કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત પણ કરવામા આવે છે છતાં કાયમી ધોરણે પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ થતો નથી. જેના કારણે હવે આ સામાજિક જવાબદારી કેટલીક સંસ્થાઓ ઉપાડી રહી છે. સુરતના જહાંગીરપુરા ગાર્ડન ખાતેના મોઝેક ગાર્ડનમાં નક્ષત્ર પ્રભાત શાખાના સ્વયં સેવકો દ્વારા ગાર્ડનને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે અભિયાન શરૂ કર્યું છે. આ અંગે શાખાના નિલેશ પંડ્યા કહે છે, ગાર્ડનમાં અનેક લોકો આવે છે અને તેઓ પ્લાસ્ટિકનો ઉપયોગ કરે છે તેમાં જાગૃતિનો અભાવ છે તેથી તેઓને જાગૃત કરવા માટે ગાર્ડનમાં આવતા મુલાકાતીઓ સાથે મળીને દર રવિવારે સવારે ૬.૩૦ વાગ્યે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે જે ચાર રવિવાર સુધી કરવામાં આવશે. જેમાં પ્લાસ્ટિક પર્યાવરણને કેટલું મોટું નુકશાન કરે છે તેની માહિતી આપવામાં આવે છે. શાખાના સ્વયંસેવકો અને મુલાકાતીઓ પ્લે કાર્ડ અને બેનર લઈને પ્લાસ્ટિકનો ઉપયોગ નહી કરવા માટે અપીલ કરવામાં આવી રહી છે. એક રવિવારના જાગૃતિ અભિયાન બાદ ૩૦ ટકા ફેર પડ્યો છે અને અનેક લોકો પ્લાસ્ટિકના બદલે કાપડની થેલી લઈ આવતા નજરે પડે છે.

## સુરતમાં ભેદી તાવ અને ઉલ્ટીને કારણે બે બાળકોના મોત થયા

। (એજન્સી) સુરત, તા.૩૦ ।

સુરતમાં સચિન વિસ્તારમાં ભેદી તાવ અને ઉલ્ટીને કારણે બે બાળકોના મોત થતાં ચકચાર મચી જવા પામી છે. સચિનમાં ભેદી તાવને કારણે ત્રણ વર્ષના બાળકનું અને પાંડેસરામાં ઉલ્ટીને કારણે ૧૧ વર્ષના બાળકનું મોત નિપજ્યું છે. બે બાળકોના મોત થતાં સુરતમા આરોગ્ય વિભાગના અધિકારીઓ દોડતા થઈ ગયાં છે. શહેરમાં એપ્રિલ મહિનામાં રોગચાળાના આંકડા પણ ચોકાવનારા છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરતમાં ભેદી તાવ અને ઉલ્ટીને કારણે બે બાળકોના મોત થતાં આરોગ્ય વિભાગના અધિકારીઓ દોડતા થઈ ગયાં છે. શહેરના સચિન વિસ્તારમાં ભેદી તાવને કારણે એક બાળક અને પાંડેસરામાં શ્રમજીવી પરિવારના ૧૧ વર્ષના બાળકનું ઉલ્ટીને કારણે મોત નિપજ્યું છે. બાળકોના મોતની ઘટના બનતાં આરોગ્ય વિભાગમાં દોડધામ વધી ગઈ છે.

### પતિએ માથામાં પાટલી મારતાં મોત નીપજ્યું હતું

## મહેસાણાના પાલોદરમાં પત્નીની હત્યા કરનારા પતિને આજીવન કેદ

**હત્યાની આ ઘટનામાં મહેસાણા સેશન્સ કોર્ટે આરોપી પતિને આજીવન કેદની સજા અને રૂ.૫૦૦૦નો દંડ ફટકાર્યો છે**

। (એજન્સી) મહેસાણા, તા.૩૦ ।

મહેસાણા તાલુકાના પાલોદર ગામે પત્નીને અવારનવાર મારઝૂડ કરીને ત્રાસ આપતા પતિએ દોઢેક વર્ષ પહેલાં પત્નીના માથામાં પાટલી મારી દેતાં તેણીનું મોત નીપજ્યું હતું. હત્યાની આ ઘટનામાં મહેસાણા સેશન્સ કોર્ટે આરોપી પતિને આજીવન કેદની સજા અને રૂ.૫૦૦૦નો દંડ ફટકાર્યો છે.મહેસાણા તાલુકાના પાલોદર ગામે મલાઈ માતાના મંદિર પાછળ નવીઓળ ઠાકોરવાસમાં રહેતા અને પ્રેમલગ્ન કરનાર લાલાજી ઈશ્વરજી ઠાકોર કલરકામની મજૂરી અને તેમનાં પત્ની જશોદાબેન ખેત મજૂરી કરતાં હતાં. બે સંતાનો સાથે રહેતા પરિવારમાં લાલાજી અવારનવાર પત્નીને મારઝૂડ કરતા ત્યારે પડોશી રેખાબેન વિષ્ણુજી ઠાકોર તેમની વચ્ચે પડીને જશોદાબેનને છોડાવતાં હતાં. રેખાબેનનાં માતા બિમાર થતાં પંદરેક દિવસથી તેઓ સુરત ગયાં હતાં તે દરમિયાન તા.૨૨-૯-૨૩ના રાત્રે ૧૦થી સવારે ૧૦ વાગ્યા દરમિયાન કોઈ સમયે લાલાજી અને જશોદાબેન વચ્ચે ઝઘડો થતાં લાલાજીએ પ્લાસ્ટિકની પાઈપથી માર મારીને જશોદાબેનના માથામાં લાકડાની પાટલી મારી દેતાં તેમનું મોત નીપજ્યું હતું. મૃતકનું પીએમ કરાવવા સહિતની કાર્યવાહી સાથે લાલાજી વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધાયો હતો.આ કેસમાં સરકારી વકીલ ભરતકુમાર જી. પટેલે કોર્ટ સમક્ષ ૪૮ જેટલા પુરાવા રજૂ કરીને ૨૦ સાક્ષીઓ તપાસ્યા હતા તેમજ દલીલો કરી હતી. જે દલીલો અને પુરાવા ધ્યાને લઈ મહેસાણા સેશન્સ જજ જે.આર. શાહે આરોપી લાલાજી ઈશ્વરજી ઠાકોરને IPC કલમ ૩૦૨માં આજીવન કેદની સજા અને રૂ.૫૦૦૦ દંડ ફટકાર્યો હતો.

### દાહોદ જિલ્લામાં ચાર પાકિસ્તાની નાગરિકો સરકારી ચોપડે નોંધાયેલા

## પહેલગામ હુમલા બાદ દાહોદમાં ચેકિંગ ચાર પાકિસ્તાની મહિલાઓ ઓળખાઇ

**૧૧ મકાનમાલિકો વિરુદ્ધ જાહેરનામા ભંગનો ગુનો, પાકિસ્તાનીઓની મુલાકાત લઈ ગૃહ વિભાગમાં રિપોર્ટ કરાયો**

। (એજન્સી) દાહોદ, તા.૩૦ ।

ધરતીના સ્વર્ગ ગણાતા જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ દેશભરમાં રોષ ફેલાયેલો છે. રાજ્ય સરકાર દ્વારા પાકિસ્તાની નાગરિકોને તેમના વતન પરત મોકલવા માટે અભિયાન ચલાવવામાં આવ્યું છે. સાથે સાથે બાંગ્લાદેશીઓને પણ ક્રોસ ચેક કરી તેમને પણ તેમના વતન ડિપાર્ટ કરવાની તજવીજ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે. ત્યારે દાહોદ જિલ્લામાં એ.સો.જી તેમજ એલ.સી.બી દ્વારા પાકિસ્તાનીઓ તેમજ બાંગ્લાદેશીઓને શોધવા માટે જુદા-જુદા એકમો તેમજ વિસ્તારોમાં ચેકીગ આ ધરવામાં આવ્યું છે.ત્યારે સરકારી ચોપડે નોંધાયેલા ચાર પાકિસ્તાની નાગરિકોની પોલીસ દ્વારા મુલાકાત કરી તને ડોક્યુમેન્ટ વેરીફાઈ કરી ગૃહ વિભાગમાં રિપોર્ટ કરવામાં આવ્યો છે. એસઓજી એલસીબી પોલીસે દાહોદ જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરી ૪૦ થી વધુ નાગરિકોને ક્રોસ વેરીફાઈ કરવામાં આવ્યા છે. જેમાં એક પણ બાંગ્લાદેશી મળી આવ્યું નથી. દરમિયાન પર પ્રાંતીઓને ભાડે મકાન આપ્યા બાદ પોલીસને જાણ ન કરતા જાહેરનામા ભંગની ફરિયાદ નોંધવામાં આવી છે.દાહોદ જિલ્લામાં ચાર પાકિસ્તાની નાગરિકો સરકારી ચોપડે નોંધાયેલા છે. ઉપરોક્ત પાકિસ્તાની નાગરિકો મહિલાઓ હોવાનું સામે આવ્યું છે. તેઓ લોંગ ટર્મ વિઝા લઈ ભારત આવ્યા છે અને પરણેલા હોવાનું સામે આવ્યું છે. જેમાં ત્રણ મહિલાઓ પીપલોદમાં જ્યારે એક મહિલા દાહોદમાં વસવાટ કરી રહી છે.પોલીસે ચારેય પાકિસ્તાની મહિલાઓની મુલાકાત લઈ તમે ડોક્યુમેન્ટ વેરીફાઈ કરી તેનો રિપોર્ટ વિભાગમાં મોકલી દીધા છે. હવે ગૃહ વિભાગમાંથી પોલીસી નક્કી થયા બાદ આગળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**વિશેષ** ઓઢવ નારી ગૃહમાં ફક્ત ગુજરાતની જ નહિ, પરંતુ સમગ્ર દેશની મહિલાઓને મળી રહ્યો છે સહારો

# સમગ્ર ગુજરાત રાજ્યમાં માનસિક દિવ્યાંગ અને શેરો પોઝિટિવ, નિરાધાર મહિલાઓનો અધિકૃત સહારો એટલે ઓઢવનું નારી સંરક્ષણ ગૃહ


**નિરાધાર મંદ બુદ્ધિ, શેરો પોઝિટિવ મહિલાઓની સારવાર, સુરક્ષા અને પુનઃસ્થાપનથી લઈને તેમના અંતિમ સંસ્કાર સુધીની દરકાર કરતું ઓઢવ નારી સંરક્ષણ ગૃહ**

। (અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરી) શ્રદ્ધા ટીકેશ ।

મહિલાઓ જેમનું કોઈ ઘર નથી, જેમની કોઈ ઓળખ નથી, જેમના કોઈ સગા-સંબંધી પણ નથી. જેઓ સગાસંબંધી દ્વારા ત્યજાયેલા છે; મહિલાઓ જેમની માનસિક સ્થિતિ સારી નથી, જેઓ બોલી નથી શકતા અને બોલી શકે છે તો વ્યક્ત નથી કરી શકતા; શેરો પોઝિટિવ (એચ.આઈ.વી.) જેવા રોગનો ભોગ બનેલી અને પોતાની અગણિત યાતનાઓ દબાવીને બેઠેલી અનેક મહિલાઓનો સહારો બની તેમને ઘર જેવી અનુભૂતિ કરાવતી જગ્યા એટલે અમદાવાદના ઓઢવ વિસ્તારમાં આવેલું નારી સંરક્ષણ ગૃહ. સમગ્ર ગુજરાત રાજ્યનું આ એકમાત્ર એવું નારી ગૃહ છે જ્યાં માનસિક રોગોથી પીડિત તથા શેરો પોઝીટીવ (એચ.આઈ.વી. ગ્રસ્ત) મહિલાઓને પણ આશરો આપવામાં આવે છે.

નારી સંરક્ષણ ગૃહ / કેન્દ્ર એ મહિલા અને બાળ વિકાસ વિભાગની એક યોજના છે. જે અંતર્ગત જે-તે જિલ્લાની મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રીની કચેરી દ્વારા યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે. આ યોજના હેઠળ હિંસાનો ભોગ બનેલી મહિલાઓ, કુટુંબના અત્યાચારનો ભોગ બનેલી મહિલાઓ, ત્યજી દેવામાં આવેલી મહિલાઓ, આશ્રયની જરૂર હોય તેવી, પોલીસ દ્વારા, સામાજિક કાર્યકર અથવા સામાજિક સંસ્થા, સગા-સંબંધીઓ દ્વારા કે સ્વૈચ્છાએ આશ્રય માટે આવેલી મહિલાઓ આ નારી ગૃહમાં સ્વમાનભેર આશ્રય મેળવી શકે છે. ઓઢવ નારી સંરક્ષણ ગૃહની વ્યવસ્થાપક સમિતિની અધ્યક્ષતા અમદાવાદ જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટરશ્રી કરે છે. આ સમિતિમાં જિલ્લા સેશન્સ જજશ્રી, અમદાવાદ પોલીસ કમિશ્નરશ્રી, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સચિવશ્રી, અમદાવાદ ગ્રામ્ય પોલીસ અધિક્ષકશ્રી અને ચાઈલ્ડ વેલફેર સમિતિના ચેરમેનશ્રી સહિત કુલ ૨૭ સભ્યો અને આમંત્રિત સભ્યો હોય છે.

આ નારી ગૃહમાં ૧૮થી ૬૦ વર્ષ સુધીની એવી મહિલાઓને આશરો મળે છે, જેમનો કોઈ સહારો નથી હોતો અને જે મંદ બુદ્ધિ છે, શેરો પોઝિટિવ છે અથવા જે મંદ બુદ્ધિ સાથે શેરો પોઝિટિવ છે. જેમ કે, કોર્ટના ઓર્ડર થયા બાદ આશ્રયની જરૂર હોય તેવી મહિલાઓ, ફૂટપાથ કે અન્ય રોડ રસ્તા પરથી મળી આવેલી મહિલાઓ, સખી વનસ્ટોપ સેન્ટરથી આવેલી મહિલાઓને અહીં આશરો આપવામાં આવે છે. આ નારી ગૃહ એક અનોખું નારી ગૃહ છે, જેમાં ૮૦ મહિલાઓને રાખી શકાય તેવી વ્યવસ્થા છે. હાલમાં અહીંયા વસવાટ કરતી ૬૦ મહિલાઓમાંથી ૫૨ મહિલાઓ મંદ બુદ્ધિ અથવા માનસિક દિવ્યાંગ છે



તથા ૮ મહિલાઓ શેરો પોઝિટિવ (એચ આઈ.વી. પોઝિટિવ) છે. ઓઢવ નારી ગૃહમાં આવેલી મહિલાઓ જે માનસિક દિવ્યાંગ હોય, તેમને શાહીબાગ ખાતે આવેલી માનસિક આરોગ્યની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવે છે. તેમનું કાઉન્સેલિંગ કરવાની સાથે તેમના ઘર અને સંબંધીઓની શોધખોળ કરવામાં આવે છે. જો આ મહિલાઓના સંબંધીઓ મળી જાય તો તેમના પુનઃસ્થાપનની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. પુનઃસ્થાપન માટે તેમના રહેઠાણના પુરાવાની ચકાસણી અને સગા સંબંધીઓની ઓળખ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ મહિલાને પરત મોકલવામાં આવે છે. ઓઢવ નારી ગૃહમાં શેરો પોઝિટિવ (એચ.આઈ.વી. પોઝિટિવ) મહિલાઓને આશરો આપતા પહેલા તેમના જરૂરી રિપોર્ટ કરાવવામાં આવે છે. ગૃહમાં આશરો મેળવ્યા બાદ ગૃહના સ્ટાફ દ્વારા આ મહિલાઓની દવાઓથી લઈને તેમના સ્વાસ્થ્ય સુધીનું પૂરતું ધ્યાન રાખવામાં આવે છે. જ્યારે માનસિક દિવ્યાંગ મહિલાઓનું પણ આ જ રીતે ધ્યાન રાખવામાં આવે છે. કેટલીક મહિલાઓ માનસિક દિવ્યાંગ હોવાની સાથે શેરો પોઝિટિવ (એચ.આઈ.વી. પોઝિટિવ) પણ હોય છે; તેવી મહિલાઓને પણ જરૂરિયાત અનુસાર દવાઓ અને સારવાર આપવામાં આવે છે. માનસિક દિવ્યાંગ મહિલાઓના કાઉન્સેલિંગ માટે દર મહિને બે વખત મનોવિજ્ઞાની દ્વારા અને એક વખત મનોચિકિત્સક દ્વારા મુલાકાત કરવામાં આવે છે. માનસિક રોગની પીડિત બહેનો જો કાબૂની બહાર હોય તેમને શાહીબાગ ખાતે આવેલી માનસિક આરોગ્યની હોસ્પિટલમાં દાખલ કરાવી તેમની સઘન સારવાર કરાવવામાં આવે છે. ઓઢવ નારીગૃહમાં આ મહિલાઓની સાર સંભાળ માટે કુલ ૧૮ લોકોનો સ્ટાફ છે, જેમાં મેનેજર, ડેપ્યૂટી મેનેજર, ટીચર, નર્સ, પટાવાળા, વોચમેન, રસોઈયા અને આયા બહેનો સામેલ છે. નારી ગૃહમાં રહેલા મેનેજર અને ડેપ્યૂટી મેનેજર દિવસ રાત ડ્યુટી ઉપર હોય તેમ કહી શકાય. કારણ કે, ક્યારેક મોડી રાત્રે પણ ગૃહની મહિલાઓને તત્કાળમાં સંભાળવાની જરૂરિયાત ઊભી થતી હોય છે. ગૃહનો આખો સ્ટાફ આ મહિલાઓની ઘડિયાળના કાંટે સાર સંભાળ રાખે છે, તેમ કહીએ તો ખોટું નહીં! ઓઢવ નારી ગૃહમાં મહિલાઓને સવારના નાસ્તાથી લઈને રાત્રિના ભોજન સુધીની સુવિધા મળી રહે, તે માટે ખાસ રસોઈયા બહેનોની નિમણૂક કરવામાં આવે છે. આ બહેનો નારી ગૃહના રસોડાથી લઈને ગૃહમાં રહેલી માનસિક દિવ્યાંગ અને શેરો પોઝિટિવ (એચ.આઈ.વી. પોઝિટિવ) મહિલાઓને ભોજન મળી રહે તેનું ધ્યાન રાખતી હોય છે. નારીગૃહમાં રહેલી મહિલાઓને વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. જેમાં ચિત્રકામ, રમત ગમત, પ્રવાસ, ગાર્ડનિંગ, ફિલ્મ દર્શન, આર્ટવર્ક, યોગ વગેરે સામેલ છે. ઓઢવ નારી ગૃહનો સ્ટાફ ખૂબ જ સંવેદનશીલ છે, કારણ કે, તેમણે દરરોજ માનસિક દિવ્યાંગ મહિલાઓ સાથે રહેવાનું હોય છે. આ મહિલાઓને પ્રવૃત્ત રાખવા માટે સ્ટાફ દ્વારા તેમની સાથે ખોખો, કેરમ, લુડો જેવી રમતો રમવામાં આવે છે. આ રચનાત્મક પ્રવૃત્તિઓથી આ મહિલાઓ ખૂબ જ આનંદની અનુભૂતિ કરે છે. મહિલાઓ રોજિંદા જીવનમાં વ્યસ્ત રહે તથા તેમના માનસિક અને શારીરિક સ્વાસ્થ્યને પણ સાચવી શકાય તે હેતુથી આ પ્રકારની પ્રવૃત્તિઓ નારી ગૃહમાં કરાવવામાં આવે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન: ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### બજારમાં ૨૦૦૦ પોઈન્ટથી વધુનો ઘટાડો થયો

# ભારત-પાકિસ્તાન વિવાદને કારણે પાકિસ્તાન શેરબજારની હાલત ખરાબ

## ૨૨ એપ્રિલના રોજ થયેલા હુમલાથી ભારત અને પાકિસ્તાન વચ્ચેના વિવાદમાં વધુ વધારો થયો છે, જેની અસર શેરબજારમાં પણ દેખાવા લાગી છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।**

પહેલગામ આતંકવાદી હુમલા પછી, ભારત સાથે યુદ્ધના ડરને કારણે પાકિસ્તાનનું શેરબજાર તૂટી પડવા લાગ્યું છે. સમાચાર લખતી વખતે, બપોરે ૧.૨૨ વાગ્યે, કરાચી સ્ટોક એક્સચેન્જનો KSE ૧૦૦ ઈન્ડેક્સ ૨૬૪૦ પોઈન્ટ ઘટ્યો હતો. હાલમાં તે ૧૧૨૨૩૨ પર ટ્રેડ થઈ રહ્યો છે. તે જ સમયે, ભારતીય શેરબજારમાં પણ થોડો વધારો જોવા મળી રહ્યો છે. બપોરે ૧:૨૪ વાગ્યે, BSE સેન્સેક્સ લગભગ ૩૦ પોઈન્ટ વધીને ૮૦,૩૧૨ પર ટ્રેડ કરી રહ્યો છે. NSE નિફ્ટી લગભગ ૧ પોઈન્ટ વધીને ૨૪,૩૩૭ પર ટ્રેડ થઈ રહ્યો છે. જે ફ્લેટના વ્યવસાય તરફ ઈશારો કરી રહ્યું છે. ૨૨ એપ્રિલના રોજ થયેલા હુમલાથી ભારત અને પાકિસ્તાન વચ્ચેના વિવાદમાં વધુ વધારો થયો છે. જેની અસર શેરબજારમાં પણ દેખાવા લાગી છે.

જો આપણે પાછલા અઠવાડિયા પર નજર કરીએ, એટલે કે ૨૩ એપ્રિલથી અત્યાર સુધી (૩૦ એપ્રિલ), તો આ લખાઈ રહ્યું છે ત્યારે, પાકિસ્તાન શેરબજાર બપોરે ૧:૩૧ વાગ્યે ૪૭ ટકા ઘટ્યું છે. તે જ સમયે, ગયા અઠવાડિયાથી અત્યાર સુધી ભારતીય શેરબજારમાં મિશ્ર કારોબાર જોવા મળ્યો છે. એક દિવસ શેરબજારમાં ૧૦૦૦ પોઈન્ટથી વધુનો ઘટાડો થયો. અન્ય સમયે, શેરબજારમાં સારી ખરીદી જોવા મળી




હતી.આનંદરથીના અહેવાલ મુજબ, ભારત અને પાકિસ્તાન વચ્ચેના અગાઉના ચાર વિવાદોની ભારતીય શેરબજાર પર ખાસ અસર પડી નથી. આ ૪ વિવાદોમાં કારગિલ યુદ્ધ, સંસદ પર હુમલો, ઉરી હુમલો અને પુલવામા હુમલોનો સમાવેશ થાય છે. આ બધા વિવાદોમાંથી, સંસદ પરના હુમલા દરમિયાન શેરબજારને સૌથી વધુ નુકસાન થયું છે. કારગિલ યુદ્ધ ૩ મે ૧૯૯૯ ના રોજ થયું હતું. આને ભારત અને પાકિસ્તાન વચ્ચેનો સૌથી મોટો વિવાદ માનવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન, બંને દેશોના ઘણા લોકોએ જીવ ગુમાવ્યા. આ યુદ્ધ ૨૬ જુલાઈ ૧૯૯૯ ના રોજ સમાપ્ત થયું.

આ દરમિયાન, શેરબજારમાં માત્ર ૦.૮ ટકાનો ઘટાડો થયો હતો. વર્ષ ૦૦૧ માં ભારતીય સંસદ પર આતંકવાદી હુમલો થયો હતો. આ આતંકવાદી હુમલાથી લોકોમાં ભારે ગુસ્સો ફેલાયો હતો. ડિસેમ્બર ૨૦૦૧ થી ઓક્ટોબર ૨૦૦૨ સુધી અર્થતંત્રને અસર કરી. આ સમયગાળા દરમિયાન, શેરબજારમાં ૧૩.૯ ટકાનો ઘટાડો થયો છે. ઉરી હુમલોઃ ઉરી હુમલો વર્ષ ૨૦૧૬માં થયો હતો. જેમની સામે સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવી હતી. આ સમયે પણ શેરબજારમાં ૨.૧ ટકાનો ઘટાડો થયો છે. પુલવામા હુમલોઃ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ પુલવામામાં આતંકવાદી હુમલો થયો હતો. જેની સામે સર્જિકલ સ્ટ્રાઈક પણ કરવામાં આવી હતી. આ હુમલો લગભગ ૧ મહિના સુધી ચાલ્યો. આ સમયગાળા દરમિયાન, શેરબજારમાં ૧.૮ ટકાનો ઘટાડો થયો છે. આનંદરથીના અહેવાલને ટાંકીને કહી શકાય કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા વિવાદની અસર ભારતીય શેરબજાર પર ઓછી પડશે.


**ન્યૂઝ બ્રિફ**

### માસૂમ લોકોની હત્યા કરનારા આતંકીઓના આકા પાકિસ્તાનને હવે ભારતથી ડર લાગી રહ્યો છે

**। (એજન્સી) ઇસ્લામાબાદ, તા.૩૦ ।**

પહલગામમાં આતંકી હુમલો અને માસૂમ લોકોની હત્યા કરનારા આતંકીઓના આકા પાકિસ્તાનને હવે ભારતથી ડર લાગી રહ્યો છે. પાકિસ્તાનના તમામ નેતાઓ દાવા કરી રહ્યા છે કે, ભારત કોઈ પણ સમયે પાકિસ્તાન વિરુદ્ધ જંગ શરુ કરી શકે છે. ડરના માહોલની વચ્ચે હવે પાકિસ્તાન સરકારે પોતાની રક્ષા કરવા માટે મોટા નિર્ણયો લીધા છે. પાકિસ્તાને પોતાના બે મહત્ત્વના શહેરો ઈસ્લામાબાદ અને લાહોરને નો ફ્લાઈ ઝોન ઘોષિત કર્યા છે. પાકિસ્તાનમાંથી સામે આવી રહેલી જાણકારી અનુસાર, પાકિસ્તાને ૨ મે સુધી ઈસ્લામાબાદ અને લાહોર પર નો ટૂ એરમેન એટલે કે નોટમ ઈશ્યૂ કરી દીધું છે. તે અનુસાર હવે આ નો ફ્લાઈ ઝોન હશે અને અહીં કોઈ પણ એરક્રાફ્ટ ફ્લાઈ નહીં કરી શકે. અહીં ઉલ્લેખનિય છે કે, ઈસ્લામાબાદ અને લાહોર પાકિસ્તાનના સૌથી વધારે મહત્ત્વના શહેરોમાંથી છે. જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ પાકિસ્તાનમાં ડરનો માહોલ છે. પાકિસ્તાનીઓને એ વાતનો ડર સતાવી રહ્યો છે કે, ભારત ટૂંક સમયમાં મોટી સૈન્ય કાર્યવાહી શરુ કરી શકે છે. ભારતમા પણ હલચલ તેજ થઈ ગઈ છે અને પીએમ મોદી તરફથી સેનાને ખુલી છૂટ પણ આપી દેવામાં આવી છે.

### સ્વિડનના ઉપ્સાલામાં અંધાધૂંધ ગોળીબાર, હેર સલૂનમાં અફરાતફરી મચી



**। (એજન્સી) સ્વિડન, તા.૩૦ ।**

સ્વીડનના ઉપ્સલા શહેરમાં મંગળવારે (૨૯મી એપ્રિલ) એક હેર સલૂનમાં અંધાધૂંધ ગોળીબારની ઘટના સામે આવી છે. આ હુમલામાં ત્રણ લોકોના મૃત્યુ થયા છે, જ્યારે ઘણાં લોકો ઈજાગ્રસ્ત થયા છે. પોલીસે આ મામલો તપાસ શરૂ કરી છે. અહેવાલો અનુસાર, ગોળીબારની ઘટના વાકસાલા સ્ક્વેર નજીક સ્થિત એક સલૂનમાં બની હતી. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે,પાંચ ગોળીબારના અવાજ સાંભળ્યા અને લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. આ હુમલાખોર સ્કૂટર પર ભાગી ગયો હતો. તે હાલમાં પોલીસ કસ્ટડીની બહાર છે. ઘટના બાદ મોટી સંખ્યામાં પોલીસ અને ઈમરજન્સી સેવાઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસ પ્રવક્તા મેગ્નસ જેન્સન ક્લેરિને જણાવ્યું હતું કે, 'આ વિસ્તારમાં મોટા વિસ્ફોટોના અનેક અહેવાલો મળ્યા છે. આ ઘટના એવા સમયે બની જ્યારે ઉપ્સલામાં વેલપુરગીસ વસંત મહોત્સવની તૈયારીઓ ચાલી રહી હતી, જેમાં સામાન્ય રીતે ભારે ભીડ ઊમટે છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ સ્વીડનમાં સૌથી ભયંકર ગોળીબારની ઘટના બની હતી. ગોળીબારમાં ૧૦ લોકોના મોત થયાની તપાસમાં જાણવા મળ્યું છે કે રેબ્રો શહેરમાં એક પુખ્ત શિક્ષણ કેન્દ્રમાં ૩૫ વર્ષીય વ્યક્તિએ વિદ્યાર્થીઓ અને શિક્ષકો પર ગોળીબાર કર્યો હતો.

### અભ્યાસ માટે ગઈ હતી

# પંજાબના આપ નેતાની પુત્રી વંશિકાનું કેનેડામાં રહસ્યમય મોત

## ૨૧ વર્ષીય પુત્રી વંશિકા તાજેતરમાં ગુમ થઈ ગઈ હતી હવે, બે દિવસ પછી, તેનો મૃતદેહ તેની કોલેજ નજીકના દરિયા કિનારેથી મળી આવ્યો

**। (એજન્સી) કેનેડા,તા.૩૦ ।**

કેનેડાના ઓટાવામાં અભ્યાસ કરતી પંજાબ મોહાલીના ડેરાબસ્સીના આપ નેતા દવિંદર સૈનીની ૨૧ વર્ષીય પુત્રી વંશિકા તાજેતરમાં ગુમ થઈ ગઈ હતી. હવે, બે દિવસ પછી, તેનો મૃતદેહ તેની કોલેજ નજીકના દરિયા કિનારેથી મળી આવ્યો. પોલીસે મૃતદેહને પોતાના કબજામાં લઈ લીધો છે અને તેના રહસ્યમય મૃત્યુની તપાસ શરૂ કરી દીધી છે પરંતુ મૃત્યુનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. વંશિકા કેનેડાના ઓટાવામાં અભ્યાસ કરતી હતી અને ભાડાના ઘરમાં રહેતી હતી. વંશિકાના પિતા



દવિંદર સૈનીના જણાવ્યા અનુસાર વંશિકાએ છેલ્લે ૨૨ એપ્રિલના રોજ પરિવાર સાથે ફોન પર વાત કરી હતી, ત્યારબાદ તે ગુમ થઈ ગઈ હતી. તેની મિત્રએ વંશિકાના ગુમ થવાની પરિવારને જાણ કરી હતી. બીજા દિવસે તેની રૂમ પાર્ટનરનો ફોન આવ્યો કે વંશિકા રૂમમાં પાછી ફરી નથી અને તેનો સેલ ફોન પણ સ્વિચ ઓફ છે અને બે દિવસ પછી કોલેજ નજીકના બીચ પરથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. વંશિકા ભારતમાં ૧૨ ધોરણમાં નોન મેડિકલ કરીને બે વર્ષ પહેલા અભ્યાસ માટે કેનેડા ગઈ હતી, જ્યાં બે વર્ષ મેડિકલનો અભ્યાસ કરીને તાજેતરમાં જ પાર્ટ ટાઈમ નોકરીમાં લાગી હતી. કોલેજમાં તેનો વધુ અભ્યાસ પણ ચાલુ હતો. વંશિકાના પરિવારે કેન્દ્ર સરકાર પાસે મદદ માંગી છે જેથી તેના મૃતદેહને ભારત પરત લાવી શકાય. જો કે તેના મૃત્યુનું કારણ હજુ સુધી તેના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં બહાર આવ્યું નથી. કેનેડિયન હાઈ કમિશને આ દુઃખદ ઘટનાની માહિતી સોશિયલ મીડિયા પર શેર કરી અને લખ્યું, 'ઓટાવામાં ભારતીય વિદ્યાર્થી વંશિકાના મૃત્યુ વિશે જાણીને અમને ખૂબ જ દુઃખ થયું છે. આ મામલામા સ્થાનિક પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. અમે શક્ય તેટલી બધી સહાય પૂરી પાડવા માટે શોકગ્રસ્ત પરિવાર અને સ્થાનિક સમુદાય સંગઠનો સાથે સંપર્કમાં છીએ.'

## પૂર્વ રો પ્રમુખ આલોકને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડના અધ્યક્ષ બનાવાયા

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।**

પાકિસ્તાન સાથે ભારતના તણાવ વચ્ચે ભારતે મોટો નિર્ણય કર્યો છે. સરકારે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડમાં ફેરફાર કર્યો છે. પૂર્વ રૉ પ્રમુખ આલોક જોશીને અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે. આ ઉપરાંત બોર્ડમાં વધુ છ સભ્યોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં પૂર્વ વેસ્ટર્ન એર કમાન્ડર એર માર્શલ પીએમ સિંહા, ભૂતપૂર્વ સધર્ન આર્મી કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ એકે સિંહ અને રીઅર એડમિરલ મોન્ટી ખન્ના, લશ્કરી સેવાઓમાંથી નિવૃત્ત અધિકારીઓનો સમાવેશ થાય છે. રાજીવ રંજન વર્મા અને મનમોહન સિંહ ભારતીય પોલીસ સેવાના બે નિવૃત્ત સભ્યો છે. સાત સભ્યોના બોર્ડમાં બી વેંકટેશ વર્મા નિવૃત્ત વિદેશ સેવા અધિકારી છે. આ નિર્ણય પહલગામ આતંકવાદી હુમલાના પગલે લેવામાં આવ્યો છે, જેમાં એક નેપાળી નાગરિક સહિત ૨૬ નિર્દોષ નાગરિકોએ જીવ ગુમાવ્યા હતા તેમજ કેટલાક લોકો ઈજાગ્રસ્ત થયા હતા. પહલગામ આતંકવાદી હુમલા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દ્વારા તેમના નિવાસસ્થાને બોલાવવામાં આવેલી સુરક્ષા મામલેની કેબિનેટ સમિતિ (CCS) ની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

### નિર્દયતાપૂર્વક હત્યા બાદ આખા દેશમાં ગુસ્સાનો માહોલ છે

# ફજેતી કરાવ્યા બાદ કોંગ્રેસ પાર્ટીએ ટ્વિટ ડિલીટ કર્યું, નેતાઓને કડક નિર્દેશ આપ્યા

## આ સૂચનાનું કોઈપણ ઉલ્લંઘન કોઈપણ અપવાદ વિના કડક શિસ્તભંગના પગલાંને આમંત્રણ આપશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।**

જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલા અને લોકોને ધર્મ પૂછીને નિર્દયતાપૂર્વક હત્યા બાદ આખા દેશમાં ગુસ્સાનો માહોલ છે. આખા દેશ અને તમામ રાજકીય પાર્ટીઓ એકજૂટ થઈને આતંકીઓ અને તેમના આકા પાકિસ્તાન વિરુદ્ધ કાર્યવાહીની માગ કરી રહ્યા છે. જો કે આ દરમ્યાન કોંગ્રેસે સોશિયલ મીડિયા હેંડલથી પીએમ મોદી વિરુદ્ધ એવું ટ્વીટ કર્યું હતું, જેના પર વિવાદ થઈ ગયો હતો. વિવાદ બાદ કોંગ્રેસે ટ્વિટ ડિલીટ કરી નાખ્યું છે. હવે કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે કોંગ્રેસ નેતાઓ માટે



કડક નિર્દેશો આપ્યા છે. કોંગ્રેસે પહલગામ આતંકી હુમલાના સંબંધમાં નેતાઓ માટે નિર્દેશ જાહેર કર્યા છે. કોંગ્રેસ મહાસચિવ કેસી વેણુગોપાલે એક પરિપત્રના માધ્યમથી નિર્દેશ આપ્યા છે કે, તમામ પદાધિકારીઓને સાર્વજનિક સંચારમાં વધારે અનુશાસન અને નિરંતરતા બનાવી રાખવાના નિર્દેશ આપવામાં આવે છે. પાર્ટી તરફથી બોલવા માટે અધિકૃત લોકોને ૨૪ એપ્રિલ ૨૦૨૫ના રોજ પાસ કરેલા પ્રસ્તાવમાં સીડબ્લ્યૂસી દ્વારા બતાવવામાં આવેલી સ્થિતિ સુધી જ મર્યાદિત રહેવું જોઈએ. આ સૂચનાનું કોઈપણ ઉલ્લંઘન કોઈપણ અપવાદ વિના કડક શિસ્તભંગના પગલાંને આમંત્રણ આપશે. ચાલો આપણે કોંગ્રેસ પાર્ટીના મૂલ્યો અને પરંપરાઓનું ધ્યાન રાખીએ અને રાષ્ટ્ર આપણી પાસેથી જે ગૌરવ અને સંયમની અપેક્ષા રાખે છે તે સાથે તેનો સામનો કરીએ.''અહીં ઉલ્લેખનિય છે કે, કોંગ્રેસે પોતાના એક્સ હેન્ડલ પર પીએમ મોદીનું નામ લીધા વિના એક ફોટો પોસ્ટ કર્યો હતો.

### ભારત સહિત અનેક દેશોમાં તેમની ધરપકડનો વિરોધ થયો હતો

# બાંગ્લાદેશના હિન્દુ સંત ચિન્મય કૃષ્ણ દાસને હાઈકોર્ટે જામીન આપ્યા

## ન્યાયાધીશ મોહમ્મદ ઉતાઉર રહમાન અને ન્યાયાધીશ મોહમ્મદ અલી રજાની બેંચે અરજી પર સુનાવણી હાથ ધરી આ આદેશ પસાર કર્યો

**। (એજન્સી) બાંગ્લાદેશ,તા.૩૦ ।**

બાંગ્લાદેશની હાઈકોર્ટે આજે (૩૦ એપ્રિલ) હિન્દુ સંત ચિન્મય કૃષ્ણ દાસને જામીન આપ્યા છે, તેઓ દેશદ્રોહના કેસમાં છેલ્લા પાંચ મહિનાથી જેલમાં બંધ હતા. જોકે હજુ પણ તેઓ જેલમાં જ રહેશે, તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે, કારણ કે સુપ્રીમ કોર્ટ જામીનના આદેશ પર રોક લગાવી શકે છે. વાસ્તવમાં ચિન્મય કૃષ્ણ દાસ દ્વારા જામીન અરજી દાખલ કરવામાં આવી હતી, ત્યારબાદ ન્યાયાધીશ મોહમ્મદ ઉતાઉર રહમાન અને ન્યાયાધીશ મોહમ્મદ અલી રજાની બેંચે અરજી



પર સુનાવણી હાથ ધરી આ આદેશ પસાર કર્યો છે. બાંગ્લાદેશના ચટગાંવમાં ઓક્ટોબર-૨૦૨૪માં 'સનામત જાગરણ મંચ' નામથી રેલી યોજાઈ હતી, જેમાં ચિન્મય દાસે સંબોધન કર્યું હતું. તે જ દિવસે ન્યૂ માર્કેટ વિસ્તારમાં ભગવો ધ્વજ લહેરાયો અને તેમાં લખ્યું હતું કે, આમી સનાતની. થોડા દિવસો બાદ બીએનપી નેતા ફિરોજ ખાને આક્ષેપ કર્યો હતો કે, આ ધ્વજની ઘટનાના કારણે દેશના રાષ્ટ્રીય ધ્વજનું અપમાન થયું છે. ત્યારબાદ ચિન્મય દાસ સહિત ૧૯ લોકો વિરુદ્ધ દેશદ્રોહને કેસ નોંધાયો હતો, જેના કારણે તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ દરમિયાન માત્ર બાંગ્લાદેશ જ નહીં, ભારત સહિત અનેક દેશોમાં તેમની ધરપકડનો વિરોધ થયો હતો. ચિન્મય કૃષ્ણ દાસ બ્રહ્મચારી બાંગ્લાદેશ સનાતન જાગરણ મંચના પ્રમુખ નેતા અને ઈસ્કોન ચટગાંવના પુંડરીક ધામના અધ્યક્ષ છે. તેમનું અસલી નામ ચંદન કુમાર ધર છે.

### સિંધુ નદી પ્રણાલીની જળસંધિ બાબતે ખાસ્સો ગરમાયો

# પાક.નું પાણી રોકવું હોય તો ભારતને ભાખરા નાંગલ જેવા ૨૨ ડેમની જરૂર પડશે : નિષ્ણાતો

## સરકારી રેકોર્ડ મુજબ, પશ્ચિમી નદીઓમાંથી દર વર્ષે સરેરાશ ૧૩૬ MAF (મિલિયન એકર ફૂટ) પાણી વહે છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।**

પહેલગામ આતંકવાદી હુમલાને પગલે તાજેતરમાં ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલો તણાવ સિંધુ નદી પ્રણાલીની જળસંધિ બાબતે ખાસ્સો ગરમાયો છે. ભારત જો સિંધુ નદીનું પાણી રોકી દે તો પાકિસ્તાન તરસે મરી જાય, એવી થિયરી વ્યક્ત કરનારા એ હકીકત નથી સમજતાં કે બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિના કોઈપણ નદીનું પાણી રોકી દેવું શક્ય નથી. પાકિસ્તાનમાં વહી જતાં પાણીને સંગ્રહિત કરવું હોય તો ભારતે ભાખરા નાંગલ બંધના કદ જેટલા ઓછામાં ઓછા ૨૨ ડેમ બાંધવા પડે એમ છે. સરકારી રૅકોર્ડ મુજબ, પશ્ચિમી નદીઓમાંથી દર વર્ષે સરેરાશ ૧૩૬ MAF (મિલિયન એકર ફૂટ) પાણી વહે છે. ૧ MAF પાણી ૧૦ લાખ એકર જમીન એટલે કે દિલ્હી-NCR પ્રદેશ કરતાં ત્રણ ગણા વિસ્તારને ૧ ફૂટ ઊંડા પાણીમાં ડુબાડી શકે છે. જો પશ્ચિમી નદીઓમાંથી વહેતું બધું પાણી રોકી દેવામાં આવે તો એટલું પાણી ૪૨૨૪૧ ચોરસ કિલોમીટરમાં



ફેલાયેલા સમગ્ર જમ્મુ-કાશ્મીરને ૧૩ ફૂટ પાણીમાં ડુબાડી દે. નદી પર બંધ બાંધીને પાણીનો સંગ્રહ કરાય તો એમાંથી વીજળી પણ ઉત્પન્ન કરી શકાય અને સિંચાઈ પણ કરી શકાય. જોકે, સિંધુ નદી જળ સંધિ ભારતને પાકિસ્તાનને ફાળવવામાં આવેલી પશ્ચિમી નદીઓ પર બંધ બનાવવાની મંજૂરી આપતી નથી. તેથી, હાલમાં સિંધુ, ચિનાબ અને ઝેલમ નદીઓ પર ભારતનો એક પણ બંધ નથી. હા, આ નદીઓ પર ભારતને 'રન ઑફ ધ રિવર' પ્રોજેક્ટ ચલાવવાની છૂટ છે અને ભારત એવા પ્રોજેક્ટ્સ ચલાવે પણ છે. જોકે, એના જળાશયોમાં પણ ભારતને 3.6 MAFથી વધુ પાણી સંગ્રહવાની છૂટ નથી. 'રન ઑફ ધ રિવર' પ્રોજેક્ટ એ એક પ્રકારની હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર ઉત્પાદન યોજના છે. એમાં વીજળી ઉત્પન્ન કરવા માટે નદીના કુદરતી પ્રવાહ, ઊંચેથી આવતા પાણીના પ્રવાહનો જ ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં મોટા બંધ કે જળાશય બાંધવાના હોતા નથી. નદીના કુદરતી પ્રવાહને જ સીધા ટર્બાઈન તરફ વાળવામાં આવે છે. આવા પ્રોજેક્ટમાં અમુક હદ સુધીના નાના બંધ બાંધવાની છૂટ હોય છે. હાલમાં સ્થિત એવી છે કે જમ્મુ અને કાશ્મીરના તમામ જળાશયો મળીને પણ સિંધુ, ચિનાબ અને ઝેલમ નદીના વાર્ષિક પ્રવાહનો એક ટકા પાણી પણ સમાવી શકતા નથી. પશ્ચિમી નદીઓ પર હાલમાં ભારતના છ જળવિદ્યુત પ્રોજેક્ટ- સલાલ, કિશનગંગા, બાગલીહાર, ઉરી, દુલ્હસ્તી અને નિમુ બાઝગો- ચાલી રહ્યા છે. જોકે, તેમાંથી કોઈ પણ બંધ તરીકે વર્ગીકૃત થયેલ નથી, દરેક પ્રોજેક્ટ તેના જળાશયમાં સતત કામગીરી માટે થોડું પાણી રાખે છે. જળસંચયની માત્રામાં વધારો થશે.

# કંગાળ પાકિસ્તાને ફરી IMF સામે ૧.૩ અબજ ડોલરની મદદ માટે ઝોળી ફેલાવી

## જુલાઇ ૨૦૨૪મા પાકિસ્તાનમા IMFએ ૭ અબજ ડોલરનો સોદો કર્યો હતો ૩૭ મહિનાના આ સોદાની છ સમીક્ષા બાકી છે

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૦ ।**

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (IMF)ના કાર્યકારી બોર્ડની બેઠક ૯ મેના રોજ થવાની છે. જેમાં પાકિસ્તાન સાથે થયેલી ૧.૩ અબજ ડોલરના સ્ટાફ લેવલ સમજૂતિ પર વિચાર કરવામાં આવશે, જે પાકિસ્તાન સાથે ચાલી રહેલા ૩૭ મહિનાના બેલઆઉટ કાર્યક્રમનો હિસ્સો છે. જુલાઈ ૨૦૨૪મા પાકિસ્તાનમા IMFએ ૭ અબજ ડોલરનો સોદો કર્યો હતો. ૩૭ મહિનાના આ સોદાની છ સમીક્ષા બાકી છે. જેમા ૯મેના રોજ તેની બીજી સમીક્ષા થશે. જો તેને મંજૂરી મળી જાય છો તો પાકિસ્તાનને ૧ અબજ ડોલરની સહાય અપાશે. નોંધનીય છે કે આ સોદો પાકિસ્તાન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે દેશમાં મોંઘવારી ટોચ પર છે, વિદેશી મુદ્રા ભંડારમાં ઘટાડો થયો છે, શેરબજાર પણ સતત ઘટી રહ્યું




છે. માર્ચની શરૂઆતમાં, IMF અને પાકિસ્તાને ૨૮-મહિનાના સ્ટાફ-લેવલના સોદા પર સંમત થયા હતા, જેનો ઉદ્દેશ્ય આબોહવા પરિવર્તનની અસરને ઘટાડવા અને તેનો સામનો કરવાના પાકિસ્તાનના પ્રયત્નોને ટેકો આપવાનો હતો.જ્યારે IMFની ટીમે ૩૭ મહિનાના બેલઆઉટ પ્રોગ્રામના ભાગ રૂપે માર્ચમાં પાકિસ્તાનની મુલાકાત લીધી, ત્યારે તેને જાણવા મળ્યું કે પાકિસ્તાને આર્થિક સુધારા માટે ઘણા પગલાં લીધા છે, જેમ કે ફુગાવાને અંકુશમાં રાખવા વ્યાજ દરો ઊંચા રાખવા અને ઊર્જા ક્ષેત્રમાં સુધારાઓ જોવા મળ્યા હતા. બેલઆઉટ વાસ્તવમાં આર્થિક કટોકટીનો સામનો કરી રહેલા દેશને નાણાકીય મદદ પૂરી પાડવાની એક પદ્ધતિ છે જેથી તેની આર્થિક સ્થિતિમાં સુધારો કરી શકાય.જો આ વખતે એક્ઝિક્યુટિવ બોર્ડ મંજૂરી આપે છે, તો પાકિસ્તાનને એક્સટેન્ડેડ ફંડ ફેસિલિટી (EFF) હેઠળ ૧ અબજ ડોલરની રકમ મળશે. આ સાથે, આ પ્રોગ્રામ હેઠળ કુલ વિતરણ ૨ અબજ ડોલર સુધી પહોંચી જશે. અગાઉ, સપ્ટેમ્બર ૨૦૨૪માં ૧.૦૩ અબજ ડોલરનો પ્રથમ હપ્તો આપવામાં આવ્યો હતો. પાકિસ્તાન ૧૯૫૦થી IMFનું સભ્ય છે અને દેશમાં આર્થિક અસ્થિરતાને કારણે અને આયાત પરની તેની નિર્ભરતા ઘટાડવા માટે ૨૪ વખત IMFનો સંપર્ક કર્યો છે.

## તંત્રી લેખ...

# હજ યાત્રીઓ નિયમોનું ઉલ્લંઘન કરશે તો ભરવો પડશે દંડ

વિશ્વભરના મુસ્લિમો પવિત્ર યાત્રા હજ ૨૦૨૫ માટે તૈયારીઓ કરી રહ્યા છે. આ દરમિયાન, સાઉદી અરેબિયાએ પરવાનગી વિના હજ પર જનારાઓ માટે કડક દંડની જાહેરાત કરી છે. સાઉદી અરેબિયાના વહીવટીતંત્રે સ્પષ્ટપણે કહ્યું છે કે મક્કામાં ફક્ત તે જ લોકોને પ્રવેશ આપવામાં આવશે જેમના વિઝામાં હજ યાત્રાની પરવાનગી શામેલ છે. જે વિઝા ધારકો સાઉદી અરેબિયા કોઈ અન્ય કામ માટે આવ્યા હતા અને પરવાનગી વિના મક્કા પહોંચ્યા હતા તેમના પર દંડ લાદવામાં આવશે. પરવાનગી વિના હજ યાત્રા પર જનારાઓને ૨૦,૦૦૦ સાઉદી રિયાલ સુધીનો દંડ ચૂકવવો પડશે, એટલે કે આશરે ૪.૫ લાખ રૂપિયા.આ પ્રતિબંધિત સમયગાળા દરમિયાન મક્કા અથવા નજીકના પવિત્ર સ્થળોએ પ્રવેશતા વિઝિટ વિઝા ધારકોને પણ દંડ લાગુ પડે છે. તેનો હેતુ મક્કામાં ભીડને નિયંત્રિત કરવાનો છે. આ ઉપરાંત, ભિખારીઓને દૂર રાખવાના પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સાઉદી અરેબિયા સરકારે હજ સંબંધિત નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ પાકિસ્તાનને કડક ચેતવણી આપી છે. હકીકતમાં, પાકિસ્તાન જેવા ઘણા દેશોમાંથી હજારો લોકો ગેરકાયદેસર રીતે સાઉદી અરેબિયા જાય છે. આવા લોકો મક્કા અને મદીનામાં ભીખ માંગે છે.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧ અને ૨ મેનાં રોજ મહારાષ્ટ્ર, કેરળ અને આંધ્રપ્રદેશની મુલાકાતે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧ અને ૨ મેનાં રોજ મહારાષ્ટ્ર, કેરળ અને આંધ્રપ્રદેશની મુલાકાત લેશે. તેઓ ૧ મેના રોજ મુંબઈનો પ્રવાસ કરશે અને સવારે લગભગ ૧૦:૩૦ વાગ્યે તેઓ વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ (વેવ્સ)નું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ તેઓ કેરળની મુલાકાત લેશે અને ૨ મેના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે તેઓ વિઝિંજમ ઈન્ટરનેશનલ ડીપવોટર મલ્ટિપર્પઝ સીપોર્ટ દેશને સમર્પિત કરશે. તેઓ આ પ્રસંગે જનમેદનીને સંબોધન પણ કરશે. ઉપરાંત તેઓ આંધ્રપ્રદેશના પ્રવાસે જશે અને બપોરે લગભગ ૩:૩૦ વાગ્યે તેઓ અમરાવતીમાં રૂ. ૫૮,૦૦૦ કરોડથી વધુની કિંમતની વિવિધ વિકાસ પરિયોજનાઓનો શિલાન્યાસ, ઉદઘાટન અને દેશને સમર્પિત કરશે. તેઓ જાહેર સમારંભને સંબોધન પણ કરશે. પ્રધાનમંત્રીએ મહારાષ્ટ્રમાં પ્રધાનમંત્રી મુંબઈમાં જિયો વર્લ્ડ સેન્ટર ખાતે ભારતની આ પ્રકારની સૌ પ્રથમ વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ વેવ્સ ૨૦૨૫નું ઉદઘાટન કરશે. "કનેક્ટિંગ ક્રિએટર્સ, કનેક્ટિંગ કન્ટ્રીઝ"ની ટેગલાઈન સાથેની આ ચાર દિવસીય સમિટમાં દુનિયાભરના સર્જકો, સ્ટાર્ટઅપ્સ, ઉદ્યોગના અગ્રણીઓ અને નીતિ ઘડવૈયાઓને એક સાથે લાવીને ભારતને મીડિયા, મનોરંજન અને ડિજિટલ નવીનતા માટેના વૈશ્વિક કેન્દ્ર તરીકે સ્થાન આપવાની તૈયારી છે. પ્રધાનમંત્રીના ઉજ્જવળ ભવિષ્યને આકાર આપવા માટે સર્જનાત્મકતા, ટેકનોલોજી અને પ્રતિભાનો ઉપયોગ કરવાના વિઝનને અનુરૂપ વેવ્સ ફિલ્મો, ઓટીટી, ગેમિંગ, કોમિક્સ, ડિજિટલ મીડિયા, એઆઈ, એવીજીસી-એક્સઆર, બ્રોડકાસ્ટિંગ અને ઉભરતી ટેકનોલોજીને સંકલિત કરશે.

**આજે આપણે ગુજરાત પ્રાંત, ગુજરાતી સંસ્કૃતિ, અને ગુજરાતી ભાષા, એ ત્રણ શબ્દથી બનતા ગુજરાત વિશે વાત કરીશું**

# ૧ મે ગુજરાત સ્થાપના દિવસ! આજે તો હવે ગુજરાત અને ગુજરાતી બંને જગ પ્રસિદ્ધ છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ગુજરાતી હોવાનું ગર્વ કરી લઈએ, હિંદુ સનાતન ધારાને અનુસરતી હું એક ભારતીય છું, ગાંધીનાં અહિંસાના ગુણને પૂર્ણપણે માનનારી એક ગુજરાતી છું, તેમજ નરસિંહના વશંજ તરીકે નિત્ય પ્રભાતે પોતે જાગી સૌને જગાડવા તેને યાદ કરનાર એક નાગર છું, અને ઉચ્ચ સંસ્કાર ધરાવતા ગુજરાતી માતા પિતાનું ગૌરવ અનુભવું છું, ગુજરાતના પાટનગર એવા ગાંધીનગર તેમજ અમદાવાદમા મારો જન્મ અને બાળપણની સ્મૃતિથી હું સમૃદ્ધ છું.**

૧ મે એટલે ગુજરાત સ્થાપના દિવસ છે, આઝાદી પછી મહાગુજરાત આંદોલન થયું અને જેમાં મુંબઈ રાજ્યનાં બે ભાગ કરવામાં આવ્યા, ગુજરાતીઓ માટે ગુજરાત તેમજ મરાઠી લોકો માટે મહારાષ્ટ્ર એમ બે અલગ રાજ્યની રચના થઈ. ગુજરાત અને ગુજરાતી વિશે તો હવે આપણે શું લખવું! કારણ કે પુરા વિશ્વને તેનો પરિચય થઈ ગયો છે. રાજકીય રીતે તો ગુજરાતમાં ઘણા મહાનુભાવો થઈ ગયાં, એમાં આઝાદીના સૌથી મોટા પ્રણેતા એવા આપણાં રાષ્ટ્રપિતા ગાંધીબાપુ, સરદાર વલ્લભભાઈ પટેલ, રવિશંકર મહારાજ, મહાદેવભાઈ દેસાઈ, અને બીજાએ કેટલાંય.આ ઉપરાંત બીજા એવા કેટલાયે ગુજરાતીઓ થઈ ગયાં જેનું વિશ્વ ફલક પર ખૂબ જ આદરથી નામ લેવાય છે, જેમાં આપણાં લોકલાડીલા નરેન્દ્રભાઈ મોદી, રામકથાને ઘરે ઘરે પહોંચાડનારા સૌના પ્રિય એવાં પૂજ્ય મોરારીબાપુ, અને જાણીતા ઉદ્યોગપતિ ધીરુભાઈ અંબાણી, મુકેશ અંબાણી, ટાટા ગૃપ, બીજા પણ પોતપોતાનાં ક્ષેત્રમાં સફળતા મેળવી વિશ્વ ફલક પર પ્રસિદ્ધ થયાં હશે. ટૂંકમાં કહેવાનું એટલું જ કે હવે ગુજરાત અને ગુજરાતીથી આખું વિશ્વ પરિચિત છે, અને પ્રભાવિત પણ છે. ગુજરાતી હોવાને નાતે બહુ જ સ્વાભાવિક રીતે ગુજરાત પ્રત્યે આપણને સૌને ગર્વ હોય. વિશ્વનાં ખુણે ખૂણે ગુજરાતીઓ વસ્યા છે!!તો આજે આપણે ગુજરાત પ્રાંત, ગુજરાતી સંસ્કૃતિ, અને ગુજરાતી ભાષા, એ ત્રણ શબ્દથી બનતા ગુજરાત વિશે વાત કરીશું.

**ગુજરાત રાજ્ય**
**ઉત્તરે ઈડરિયો ગઢ ભલો, દખ્ખણે**
**દરિયાની અમીરાત,**
**ખમીર જેનું ખણખણે એ છે**
**ધમધમતું ગુજરાત.**

મુંબઈ એક એવું રાજ્ય હતું, જ્યાં કચ્છી ગુજરાતી અને મરાઠી ભાષા બોલવા વાળા લોકો વસતા હતા, અને સૌરાષ્ટ્ર, કચ્છ, તેમજ મુંબઈ એ રીતે અલગ અલગ પ્રાત હતાં. ઈન્દુલાલ યાજ્ઞિક તેમજ કનૈયાલાલ મુનશીએ મહાગુજરાતની ચળવળ શરૂ કરી, અને એમાં કેટલાંય લોકો શહીદ થયા. અમદાવાદના લાલ દરવાજા પાસે મહાગુજરાતનું સ્મારક પણ જોવા મળે છે, એ પછી ત્યારના રાષ્ટ્રપતિ ડોક્ટર રાજેન્દ્ર પ્રસાદ રાધાકૃષ્ણ સર્વપલ્લી અને વડાપ્રધાન પંડિત જવાલાલ નેહરૂ એ ૧૯૬૦ ની સાલના ૧ મે નાં ગુજરાત મહારાષ્ટ્ર એમ બે અલગ રાજ્યની ઘોષણા કરી, આજે ૬૫મોં ગુજરાત સ્થાપના દિવસ છે. રાજ્યની રીતે જોઈએ તો ગુજરાત એક વિવિધ ભૌગોલીકતા ધરાવતું રાજ્ય છે, જેને લાંબો સમુદ્ર કિનારો મળ્યો છે, આ ઉપરાંત પર્વતની રીતે પણ અહીં વિંધ્યાચલ, અને શેત્રુંજીની લાંબી પર્વતમાળા તેમજ ગિરનાર જેવો વર્ષો જૂનો પર્વત છે. નદીઓની રીતે નર્મદા, સાબરમતી, શેત્રુંજી, જેવી મુખ્ય નદીઓ પણ મળી છે. આ ઉપરાંત સોમનાથનું જ્યોતિર્લિંગ, અને શ્રીકૃષ્ણની દ્વારકા નગરીનો ગુજરાત રાજ્યમાં સમાવેશ થાય છે, અને આ ઉપરાંત ગુજરાત ખૂબ મોટો હેરીટેજ વારસો ધરાવે છે, અને એ પરથી આપણી સંસ્કૃતિ કેટલી મહાન હશે એ આપણે જાણીએ છીએ. પર્યટક રાજ્ય તરીકે આપણા ગુજરાતની ગાથા જ્યારે અમિતાભ બચ્ચન જેવા સદીના મહાનાયક ગાય પછી તો કહેવું શું!! આમ તો બિનસાંપ્રદાયિક દેશનું, બિનસાંપ્રદાયિક રાજ્ય એટલે અહીં લગભગ બધી જ પ્રજાઓ વસે, અને તેઓની સંસ્કૃતિના તહેવારો પણ ગુજરાતીઓ હોશે હોશે ઉજવતા દેખાય છે. હાલના તબક્કે જોઈએ તો ગુજરાત એક ભારતનું વિકાસશીલ અને સમૃદ્ધ રાજ્ય છે. અહીં શિક્ષણની રીતે પણ સમાજમાં ઘણી જાગૃતિ જોવા મળે છે. ઉદ્યોગો ખૂબ વિકસ્યા હોવાથી, રોજગારી પણ ખૂબ છે, ગુજરાતી સમાજ અન્ય પ્રાંતના પ્રમાણમાં ઘણો વિચારશીલને સુધરેલો છે.

**ગુજરાતી**
**કૃષ્ણની દ્વારિકા ને સાચવીને**
**બેઠેલું જળ છું**
**હું નરસિંહના પ્રભાતિયાંથી**
**પરિતૃપ્ત પ્રભાત છું.**
**વેપાર છું વિસ્તાર છું વિખ્યાત છું !!**
**હા... હું ગુજરાત છું...!!**

આટલા સુંદર રાજ્યના આપણે રહેવાસી છીએ, એનું ગર્વ કોને ન્હોય!! એમાં પણ ગુજરાતીની વાત આવે એટલે રાષ્ટ્રપિતા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ, મોરારજીભાઈ દેસાઇ, રવિશંકર મહારાજ, લાલ બહાદુર શાસ્ત્રી, અને ન જાણે કેટલાય વીર ગુજરાતીઓના નામ હૈયે ચડે. પૂર્વની સંસ્કૃતિ જોઈએ તો નરસિંહ જેવા નાગર, ગંગા સતી, જલારામ બાપા, સંત કબીર, અને એવાં કેટલાય આ પંથકમાં થયાં. આ મહાન ભૂમિમાં આપણને જન્મ મળ્યો એ ખરેખર ગૌરવ કરવા જેવી વાત છે. ભલે એ ગૌરવને આપણે એટલું સાચવી શક્યા નથી, એ પણ એટલી જ સત્ય હકીકત છે. ગુજરાતી પ્રજા પોતાના મોજશોખ માટે, વિશ્વભરમાં જાણીતી છે. ગુજરાતી પ્રજા વિશ્વમાં સૌથી વધુ મનોરંજનને મહત્ત્વ આપનાર પ્રજા છે, અને કદાચ એટલે જ આજે તે વિશ્વનાં ખૂણે ખૂણે જઈને વસી છે. ગુજરાતી ભેજું સામ-દામ-દંડ-ભેદની નીતિએ ગમે ત્યાં પોતાનું કામ કરાવી, અને કઢાવી શકવાની ક્ષમતા ધરાવે છે, અને તેનું પ્રત્યક્ષ ઉદાહરણ આપણા વડાપ્રધાન છે. આ ઉપરાંત ગુજરાતી લોકો પોતાની અમુક ખાસિયતને કારણે જગ પ્રસિદ્ધ થયા છે. ગુજરાતીઓની વાનગીએ વિશ્વમાં સારું એવું નામ કર્યું છે. થેપલા, ઢોકળા, ખાખરા, હાંડવો, ગાંઠિયા, ભજીયાં, બટેટા વડા, અને બીજા ૩૨ પકવાન તેમજ મોહનથાળ, મગજ, ખીર, દૂધપાક, પુરણપોળી, લાડું લાપસી, શ્રીખંડ, જેવા મિષ્ટાનથી ધમધમતો રસથાળ ધરાવતી ગુજરાતી વાનગીઓ પણ ડોનાલ્ડ ટ્રમ્પથી માંડીને કેટલાય વિદેશી લોકોનાં જીભનો ચટાકો બની છે. હા એ વાત અલગ છે કે, આજની આપણી યુવાની ફાસ્ટ ફૂડના ફ્યુઝન ટેસ્ટ ઉપર ઉતરી ગઈ છે, અને વાનગીઓના પોષ્ટિક લાભથી વંચિત થતી જાય છે, અને એને કારણે નાની ઉંમરથી શરીરમાં મેદસ્વિતા જેવા રોગનો શિકાર બને છે. ગુજરાતી પ્રજાની રહેણી કહેણી અને પોશાક પણ ખૂબ જ આગવો છે, એમાં પણ સાડીએ સૌને આકર્ષિત કરતો અને ગમતો પોશાક છે, જે નારીના સૌંદર્યને આબેહૂબ રજૂ કરતાં પોશાક તરીકે જગપ્રસિદ્ધ છે. ગુજરાતીઓની કપડાં પહેરવાની એક અલગ ને આગવી શૈલી તેમજ રસ રુચિ વધું હોવાથી કાપડ ઉદ્યોગ પણ એટલે જ ખૂબ સારો ચાલે છે. આમ ગુજરાતી પ્રજા સૌના દિલમાં પોતાનું એક અલગ સ્થાન બનાવવા માટે પણ બહુ જાણીતી છે.

**ગુજરાતી ભાષા**
**જય! જય! ગરવી ગુજરાત!**
**દીપે અરુણું પ્રભાત**
**જય! જય! ગરવી ગુજરાત!**
**ધ્વજ પ્રકાશશે ઝળળળળ**
**કસુંબી, પ્રેમશૌર્યઅંકિત,**
**તું ભણવ ભણવ નિજ સંતતિ**
**સહુને પ્રેમભક્તિની રીત. -**
**ઊંચી તુજ સુંદર જાત**
**જય! જય! ગરવી ગુજરાત!**

ગુજરાતી ભાષા તરીકે પણ એક સમૃદ્ધ ભાષા છે. ભાષાનો સીધો સાદો અર્થ કરીએ તો બોલી, અને એને લખવા વાંચવા માટે એક યોગ્ય બંધારણમાં બાંધવામાં આવે તે ભાષા. ગુજરાતી ભાષા ખૂબ જ સમૃદ્ધ વારસો ધરાવે છે. ગુજરાતી ભાષામાં પુષ્કળ સાહિત્ય લખાયું છે, નરસિંહથી શરૂ કરીને ઝવેરચંદ મેઘાણી, કવિ દલપતરામ, નાનાલાલ, સુન્દરમ, જોકે નામ લેવામાં કેટલાય રહી જશે! આમ અસંખ્ય પદ્ય અને ગદ્ય એમ બેય પ્રકારે ગુજરાતી સાહિત્ય લખાયું છે અને ખૂબ જ વૈભવ ધરાવે છે. પદ્યમાં હાઈકુ, મુક્તક, સોનેટ, મૌલિક કાવ્ય, અછંદાસ, અને છંદ, તેમજ ગુજરાતી ગઝલનો પણ સમાવેશ કરવામાં આવે છે. જ્યારે ગદ્યમાં તમાંમ પ્રકારના લેખ, આત્મકથા, તથા વાર્તાઓનો ખજાનો આપણેને મળે છે, અને વાર્તાના તમામ પ્રકારોનો સમાવેશ એટલે કે નવલકથા, લઘુ કથા, મોટી વાર્તા, સામાજિક વાર્તા, પ્રેરણાત્મક, એ બધુજ ગદ્યના પ્રકારમાં આવે છે. ગુજરાતી ભાષાનો ઈતિહાસ અને વર્તમાન બંને ઉજળું હોવાથી ભવિષ્ય પણ સુંદર બનશે. આજે કેટલાય નાના નાના લેખકો અને કવિઓ પોતાના મૌલિક વિચારોની રજૂઆત કરે છે, અને એ રીતે ગુજરાતી સાહિત્યનો વૈભવ વધારતા જ જાય છે. સાહિત્યની વાત કરતા હોઈએ અને ચારણી સાહિત્યને યાદ ન કરીએ એક કેમ ચાલે! દોહા છંદ એ ગુજરાતી સાહિત્યનું એક ઘરેણું છે, અને એના થકી આપણને ગુજરાતી સાહિત્યનાં વૈભવનો અહેસાસ થાય છે. આ ઉપરાંત લોકગીત, લોકસંસ્કૃતિ અને બીજી કેટલીય રીતે ગુજરાત એક સમૃદ્ધ રાજ્ય છે. ગુજરાતની પ્રજા સંસ્કારી છે, અને ગુજરાતી ભાષા પણ પુષ્કળ વૈભવ ધરાવતી ભાષા છે, જેનો પ્રયોગ આજકાલ ફિલ્મ જગતમાં પણ થઈ રહ્યો છે. ગુજરાતી હોવાનું ગર્વ કરી લઈએ, હિંદુ સનાતન ધારાને અનુસરતી હું એક ભારતીય છું, ગાંધીનાં અહિંસાના ગુણને પૂર્ણપણે માનનારી એક ગુજરાતી છું, તેમજ નરસિંહના વશંજ તરીકે નિત્ય પ્રભાતે પોતે જાગી સૌને જગાડવા તેને યાદ કરનાર એક નાગર છું, અને ઉચ્ચ સંસ્કાર ધરાવતા ગુજરાતી માતા પિતાનું ગૌરવ અનુભવું છું, ગુજરાતના પાટનગર એવા ગાંધીનગર તેમજ અમદાવાદમા મારો જન્મ અને બાળપણની સ્મૃતિથી હું સમૃદ્ધ છું, ભાવની નગરી એવાં ભાવેણામાં પ્રિય પતિ પરિવાર સાથે વસવાટ છે, અને સદગુરુની વિશેષ કૃપાથી વસુધૈવ કુટુંબ સાથે અનન્ય સંબંધથી જોડાયેલ છું. આવાં ગૌરવવંતા ગુજરાત માટે મારાં મનમાં કાયમ આદર રહેશે. જય હિન્દ.

**ગુજરાત રાજ્યની સ્થાપના સમયે અમદાવાદ તેની રાજધાની હતું, વર્ષ ૧૯૭૦માં નવા બનાવાયેલ પ્લાન્ડસિટી ગાંધીનગર ને રાજધાની ઘોષિત કરાયું**

# પહેલગામના વંટોળમાં ગુજરાત સરકારની કડકાઈ વચ્ચે પાંસઠમા ગુજરાત સ્થાપના દિવસે વિશેષ ગર્વ છે, ગુજરાતી છું.. દેશનું મોડલ રાજ્ય છે.. જય જય ગરવી ગુજરાત



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ગુજરાત સ્થાપના દિવસ વિશેષઃ ગર્વ છે, ગુજરાતી છું પહેલી મે ૧૯૬૦ના દિવસે મહાગુજરાતના આંદોલન બાદ વિશાળ બોમ્બે સ્ટેટ (બૃહદ મુંબઈ) ના ભાષાના આધારે બે ભાગ પડ્યા, મરાઠી બોલતા લોકોનો પ્રાંત મહારાષ્ટ્ર બન્યો અને ગુજરાતી બોલતા લોકોના પ્રાંતને 'ગુજરાત' નામ મળ્યું.**

પહેલગામમાં પર્યટકો પર આતંક વાદીઓના હુમલા બાદ વંટોળમાં પાકિસ્તાનીઓ નહી બાંગ્લાદેશી ઓને સીધા નિશાન બનાવી અમદાવાદના ચંડોળા તળાવ આજુબાજુની મોંઘી જમીન ગુજરાતની પ્રમાણિક સરકાર અને બાહોશ પોલીસ એટલી ઝડપથી ખાલી કરાવી રહી છે કે આગામી દિવસોમાં અદાણી અંબાણી નગરનું નિર્માણ થાય તો નવાઈ નહી.આજે તા ૦૧/૦૫/ ૨૦૨૫ ને ગુરુવારે પાંસઠમા ગુજરાત સ્થાપના દિવસ આ બાબતે વિશેષ ગર્વ છે, ગુજરાતી છું.. જય જય ગરવી ગુજરાત અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત આઝાદ થયા બાદ ભાગલા પછી ઈ.સ. ૧૯૪૭ના વર્ષમાં ભારત સરકારે પશ્ચિમ ભાગમાં રજવાડાં ઓને ભેગાં કરી ત્રણ રાજ્યોની રચના કરી. આ રાજ્યો સૌરાષ્ટ્ર, કચ્છ અને મુંબઈ હતાં.ઈ.સ. ૧૯૫૬ના વર્ષમાં મુંબઈ રાજ્યનો વિસ્તાર કરીને કચ્છ, સૌરાષ્ટ્ર અને હૈદરાબાદ તથા મધ્યપ્રદેશના કેટલાક ભાગો એમાં ઉમેરવામાં આવ્યા અને તેને બૃહદ મુંબઈ રાજ્ય નામ અપાયું.આ નવા રાજ્યમાં ઉત્તર ભાગમાં ગુજરાતી બોલતા લોકો અને દક્ષિણ ભાગમાં મરાઠી બોલતા લોકો હતા.મહાગુજરાત આંદોલન અને અલગ મરાઠી રાજ્યની માંગણી પછી ૧ મે, ૧૯૬૦ના રોજ મુંબઈ રાજ્યના બે ભાગલા મહારાષ્ટ્ર અને ગુજરાત તરીકે કરવામાં આવ્યા. ગુજરાત સરકારે આ દિવસને ગુજરાત ગૌરવ દિવસ તરીકે ઘોષિત કર્યો છે અને દર વર્ષે વિવિધ જિલ્લાઓમાં તેની ઊજવણી કરવામાં આવે છે. સામાન્ય રીતે તેમાં વિવિધ વિકાસ અને લોકોપયોગી કાર્યોની શરૂઆત કે લોકાર્પણ વિધિ કરવામાં આવે છે.દાદા ભગવાનના પરમ ઉપાસક અને પ્રમાણિક મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને બાહોશ જ્ઞાની કડક ગૃહ રાજ્ય મંત્રીનો ફફડાટથી ગુજરાતમાં રામ રાજ્ય જેવી શાંતિ છે દારૂબંધીનો કડક લાકડા તોડ અમલ થઈ રહયો છે ત્યારે આવા કડક ગૃહ રાજ્યમંત્રી અને પોલીસ અધિકારીઓને ગુજરાત ની રામભક્ત પ્રજા અભિનંદન પાઠવે છે.આવી વ્યવસ્થા અને દારૂબંધીની કડકાઈ કાયમ રહેવી જોઈએ.આજે જન્મ દિવસ મુબારક કહી ગુજરાત વિશે થોડું જાણીએ ભારતની પશ્ચિમે આવેલું એક રાજ્ય નામે ગુજરાત જેની બર્થ સર્ટિફિકેટમાં ઉંમર માત્ર ૬૫ વર્ષની છે પણ ન જાણે કેટલીય સદીઓ થી વૃધ્ધિ અને વિકાસનું પ્રતિકરહ્યું છે. આપણા દેશમાં કદાચ એવું કોઈ જ ક્ષેત્ર નથી જેમાં કોઈ ગુજરાતીનું યોગદાન ન હોય.ગુજરાત રાજ્યના ઈતિહાસ વિષે પુસ્તકોમાં ઈન્ટરનેટમાં, સાહિત્યમાં નાટકોમાં, શીલ્પ સ્થાપત્યોમાં વગેરે અનેક સ્વરૂપે ગર્વભેર વર્ણન કરવામાં આવ્યું છે.અને ગુજરાત ની આ સમગ્ર ગૌરવગાથાનો સાક્ષી રહ્યો છે દેશનો સૌથી લાંબો સોળસો કિમીનો દરિયાકિનારો. હજારો વર્ષો પહેલા આ દરિયાકિનારાએ જ અહીં વસતા લોકોમાં સાહસ અને વેપારના વિચારને જન્મ આપ્યો હતો. સદીઓથી ગુજરાતીઓ દુનિયભરમાં વ્યાપેલા છે તેનું કારણ પણ આ દરિયો જ! લોકો દરિયાની મદદથી વ્યાપારાર્થે સાત સમંદર પાર સ્થાયી થયા અને માનભેર વેપાર કર્યો, હજુયે કરી રહ્યા છે. આજે વેપાર ગુજરાતની ગળથૂથીમાં છે. ચાલો, આજે ઢોકળા-ફાફડા, ગરબા-ગાંઠિયા, સાવજ- સરદાર, નરસિંહ-મુનશી, સારાભાઈ, અંબાણી અદાણીની ભૂમિ વિષે થોડું મંથન કરીએ. ગુજરાતની ગરવી ભૂમિ આમ તો હજારો વર્ષોનો ઈતિહાસ ધરાવે છે. હાલના રાજસ્થાન રાજ્યથી હજારો વર્ષો પહેલા ગુજ્જરો ભારતનાં પશ્ચિમ વિસ્તારમાં શાસન કરવા આવ્યા હતા. હડપ્પા અને ધોળાવીરા સમયે સિવિલાઈઝેશનની શરૂઆત પણ આ જ ભૂમિના એક ભાગ પર થઈ હતી. ભગવાન કૃષ્ણની નગરી દ્વારકા, મૌર્ય વંશના રાજા સમ્રાટ અશોકે રાજ કરેલ નગર જુનાગઢ,કર્ણદેવ ની નગરી કર્ણાવતી હાલનું અમદાવાદ સિધ્ધરાજ જયસિંહનું નગર પાટણ,મરાઠી રાજા મહારાજા સયાજીરાવ ગાયકવાડ નું વડોદરા,સો કરતાં પણ વધુ દેશી રજવાડાઓમાં રાજપૂત રાજાઓએ પ્રેમથી સાચવેલું સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના તમામ જિલ્લાઓએ આ રાજ્યને ભારતનું સવર્શ્રેષ્ઠ રાજ્ય માંનું એક બનાવવા સદીઓથી ભરપૂર યોગદાન આપ્યું છે. અમુક સદીઓ પહેલા મુઘલોનું આગમન થયું અને દેશના અન્ય પ્રાંતની માફક ગુજરાત પણ મુઘલ શાસકો દ્વારા લૂંટાયું.પણ કેટકેટલી ય વાર હુમલાઓનો ભોગ બનનાર સોમનાથ મહાદેવ મંદિરની માફક ગુજરાત પણ ઝીંક જીલતું રહ્યું અને આગળ વધવા મહેનત કરતું રહ્યું. રાજપૂતો અને મરાઠાઓએ ફરીથી ગુજરાત પર શાસન મેળવ્યું અને ગુજરાત આગળ વધતું રહ્યું. ગુજરાત સ્થાપના દિવસ વિશેષઃ ગર્વ છે, ગુજરાતી છું પહેલી મે ૧૯૬૦ના દિવસે મહાગુજરાતના આંદોલન બાદ વિશાળ બોમ્બે સ્ટેટ(બૃહદ મુંબઈ) ના ભાષાના આધારે બે ભાગ પડ્યા. મરાઠી બોલતા લોકોનો પ્રાંત મહારાષ્ટ્ર બન્યો અને ગુજરાતી બોલતા લોકોના પ્રાંતને 'ગુજરાત' નામ મળ્યું. ગુજરાત રાજ્યની સ્થાપના સમયે અમદાવાદ તેની રાજધાની હતું.વર્ષ૧૯૭૦માં નવા બનાવાયેલ પ્લાન્ડસિટી ગાંધીનગર ને રાજધાની ઘોષિત કરવામાં આવ્યું. મહાગુજરાત આંદોલનમાં અનેક ગુજરાતીઓના અનેક પ્રયાસો છતાંય દેશની આર્થિક રાજધાની એવું મુંબઈ મહારાષ્ટ્રના ભાગમાં આવ્યું. આજે ૬૫ વર્ષે કદાચ આ વાતનો આપણે કોઈ ગુજરાતીએ અફસોસ કરવા જેવો નથી કેમકે મુંબઈ વિના પણ ગુજરાતના શહેરો તમામ ક્ષેત્રે વિકાસમાં હરણફાળ ભરી રહ્યા છે. જય!જય!ગરવી ગુજરાત!દીપે અરુણું પ્રભાત જય! જય! ગરવી ગુજરાત!ધ્વજ પ્રકાશશે ઝળહળ ભારત દેશની સ્વતંત્રતા અને ભાગલા પછી ઈ.સ. ૧૯૪૭ ના વર્ષમાં ભારત સરકારે પશ્ચિમ ભાગમાં રજવાડાંઓને ભેગાં કરી ત્રણ રાજ્યોની રચના કરી. આ રાજ્યો સૌરાષ્ટ્ર, કચ્છ અને મુંબઈ હતાં.ઈ.સ.૧૯૫૬ના વર્ષમાં મુંબઈ રાજ્યનો વિસ્તાર કરીને કચ્છ, સૌરાષ્ટ્ર અને હૈદરાબાદ તથા મધ્યપ્રદેશના કેટલાક ભાગો એમાં ઉમેરવામાં આવ્યા અને તેને બૃહદ મુંબઈ રાજ્ય નામ અપાયું. આ નવા રાજ્યમાં ઉત્તર ભાગમાં ગુજરાતી બોલતા લોકો અને દક્ષિણ ભાગમાં મરાઠી બોલતા લોકો હતા.મહાગુજરાત આંદોલન અને અલગ મરાઠી રાજ્યની માંગણી પછી ૧ મે,૧૯૬૦ના રોજ મુંબઈ રાજ્યના બે ભાગલા મહારાષ્ટ્ર અને ગુજરાત તરીકે કરવામાં આવ્યા. ગુજરાત સરકારે આ દિવસને ગુજરાત ગૌરવ દિવસ તરીકે ઘોષિત કર્યો છે અને દર વર્ષે વિવિધ જિલ્લાઓમાં તેની ઊજવણી કરવામાં આવે છે. સામાન્ય રીતે તેમાં વિવિધ વિકાસ અને લોકોપયોગી કાર્યોની શરૂઆત કે લોકાર્પણ વિધિ કરવામાં આવે છે. દેશની પશ્ચિમે આવેલું એક રાજ્ય નામે ગુજરાત,જેની બર્થ સર્ટિફિ કેટમાં ઉંમર માત્ર ૬૫ વર્ષની છે પણ નજાણે કેટલીય સદીઓથી વૃધ્ધિ અને વિકાસનું પ્રતિક રહ્યું છે. આપણા દેશમાં કદાચ એવું કોઈ જ ક્ષેત્ર નથી જેમાં કોઈ ગુજરાતીનું યોગદાન ન હોય. ગુજરાત રાજ્યના ઈતિહાસ વિષે પુસ્તકોમાં ઈન્ટરનેટમાં, સાહિત્યમાં નાટકોમાં, શીલ્પ સ્થાપત્યોમાં વગેરે અનેક સ્વરૂપે ગર્વભેર વર્ણન કરવામાં આવ્યું છે.અને ગુજરાત ની આ સમગ્ર ગૌરવ ગાથાનો સાક્ષી રહ્યો છે. દેશનો સૌથી લાંબો ૧૬૦૦ કિમીનો દરિયા કિનારો.હજારો વર્ષો પહેલા આ દરિયાકિનારાએ જ અહીં વસતા લોકોમાં સાહસ અને વેપારના વિચારને જન્મ આપ્યો હતો. સદીઓથી ગુજરાતીઓ દુનિયા ભરમાં વ્યાપેલા છે તેનું કારણ પણ આ દરિયો જ!લોકો દરિયા ની મદદથી વ્યાપ ારાર્થે સાત સમંદર પાર સ્થાયી થયા અને માનભેર વેપાર કર્યો, હજુયે કરી રહ્યા છે. આજે વેપાર ગુજરાતની ગળથૂથીમાં છે. ચાલો,આજે ઢોકળા ફાફડા, ગરબા ગાંઠિયા, સાવજ- સરદાર, નરસિંહ-મુનશી, સારાભાઈ, નરેન્દ્ર મોદી,અમિત શાહ,અંબાણી અદાણીની ભૂમિ વિષે થોડું મંથન કરીએ. ગુજરાતની ગરવી ભૂમિ આમ તો હજારો વર્ષોનો ઈતિહાસ ધરાવે છે. હાલના રાજસ્થાન રાજ્યથી હજારો વર્ષો પહેલા ગુજ્જરો ભારતનાં પશ્ચિમ વિસ્તારમાં શાસન કરવા આવ્યા હતા. હડપ્પા અને ધોળાવીરા સમયે સિવિલાઈઝેશનની શરૂઆત પણ આ જ ભૂમિના એક ભાગ પર થઈ હતી. ભગવાન કૃષ્ણની નગરી દ્વારકા, મૌર્ય વંશના રાજા સમ્રાટ અશોકે રાજ કરેલ નગર જુનાગઢ,કર્ણદેવ ની નગરી કર્ણાવતી હાલનું અમદાવાદ સિધ્ધરાજ જયસિંહનું નગર પાટણ,મરાઠી રાજા મહારાજા સયાજીરાવ ગાયકવાડ નું વડોદરા, સો કરતાં પણ વધુ દેશી રજવાડા ઓમાં રાજપૂત રાજાઓએ પ્રેમથી સાચવેલું સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના તમામ જિલ્લાઓએ આ રાજ્યને ભારત નું સવર્શ્રેષ્ઠ રાજ્યમાંનું એક બનાવવા સદી ઓથી ભરપૂર યોગદાન આપ્યું છે. અમુક સદીઓ પહેલા મુઘલોનું આગમન થયું અને દેશના અન્ય પ્રાંતની માફક ગુજરાત પણ મુઘલ શાસકો દ્વારા લૂંટાયું.પણ કેટ કેટલીય વાર હુમલાઓનો ભોગ બનનાર સોમનાથ મહાદેવ મંદિર ની માફક ગુજરાત પણ ઝીંક જીલતું રહ્યું અને આગળ વધવા મહેનત કરતું રહ્યું. રાજપૂતો અને મરાઠા ઓએ ફરીથી ગુજરાત પર શાસન મેળવ્યું અને ગુજરાત આગળ વધતું રહ્યું.ગુજરાત સ્થાપના દિવસ વિશેષઃ ગર્વ છે, ગુજરાતી છું. પહેલી મે ૧૯૬૦ના દિવસે મહા ગુજરાતના આંદોલન બાદ વિશાળ બોમ્બે સ્ટેટ(બૃહદ મુંબઈ ના ભાષાના આધારે બે ભાગ પડ્યા.મરાઠી બોલતા લોકોનો પ્રાંત મહારાષ્ટ્ર બન્યો અને ગુજરાતી બોલતા લોકોના પ્રાંતને 'ગુજરાત' નામ મળ્યું. ગુજરાત રાજ્યની સ્થાપના સમયે અમદાવાદ તેની રાજધાની હતું. વર્ષ ૧૯૭૦માં નવા બનાવાયેલ પ્લાન્ડ સિટી ગાંધીનગરને રાજધાની જાહેર કરવામાં આવી. મહાગુજરાત આંદોલનમાં અનેક ગુજરાતીઓના અનેક પ્રયાસો છતાંય દેશની આર્થિક રાજધાની એવું મુંબઈ મહારાષ્ટ્રના ભાગમાં આવ્યું. આજે ૬૫ વર્ષે કદાચ આ વાતનો આપણે કોઈ ગુજરાતીએ અફસોસ કરવા જેવો નથી કેમકે મુંબઈ વિના પણ ગુજરાતના શહેરો તમામ ક્ષેત્રે વિકાસમાં હરણફાળ ભરી રહ્યા છે. જય! જય! ગરવી ગુજરાત! દીપે અરુણું પ્રભાતજય! જય! ગરવી ગુજરાત!ધ્વજ પ્રકાશશે ઝળળળળ કસુંબી,પ્રેમશૌર્ય અંકિત,તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને પ્રેમભક્તિની રીત. ઊંચી તુજ સુંદર જાત જય! જય! ગરવી ગુજરાત!ઉત્તરમાં અંબામાત પૂરવમાં કાળી માત,છે દક્ષિણ દિશ માં કરંત રક્ષા કુંતેશ્વર મહાદેવ ને સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ છે સહાયમાં સાક્ષાત્જય!જય!ગરવીગુજરાત! નદી તાપી નર્મદા જોય, મહીને બીજી પણ જોય, વળી જોય સુભટના જુદ્ધ રમણને રત્નાકર સાગર,પર્વત પર થી વીર પૂર્વજો દે આશિષ જય કર;સંપે સોહે સહુ જાત જય જય ગરવી ગુજરાત!તે અણહિલવાડના રંગ, તે સિદ્ધરાજ જયસંગ;તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત!શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે વીતી ગઈ છે રાત;જન ઘૂમે નર્મદા સાથજય! જય! ગરવી ગુજરાત! ઝળહળ કસુંબી,પ્રેમશૌર્ય અંકિત,તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને પ્રેમ ભક્તિની રીત.-ઊંચી તુજ સુંદર જાત જય! જય! ગરવી ગુજરાત!ઉત્તરમાં અંબામાત પૂરવમાં કાળી માત,છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા કુંતેશ્વર મહાદેવ ને સોમનાથને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ છે સહાયમાં સાક્ષાત્ જય!જય!ગરવી ગુજરાત! નદી તાપી નર્મદા જોય, મહીને બીજી પણ જોય, વળી જોય સુભટના જુદ્ધરમણને રત્નાકર સાગર, પર્વત પરથી વીર પૂર્વજો દે આશિષ જયકર;સંપે સોહે સહુ જાત, જય! જય! ગરવી ગુજરાત! તે અણહિલવાડના રંગ,તે સિદ્ધ રાજ જય સંગ;તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત!શુભ શકુન દીસે મધ્યાહને શોભશે વીતી ગઈ છે રાત જન ઘૂમે નર્મદા સાથ જય! જય! ગરવી ગુજરાત! વાચક ચાહક મિત્રો, સૌને ૬૫મા ગુજરાત સ્થાપના દિને શુભકામના સાથે અસ્તુ...

### સૈફ અલી ખાન મુસ્લિમ અને પટૌડીના નવાબ છે

# રેડ ૨’ રિલીઝ થાય તે પહેલાં સેન્સર બોર્ડની કાતર ફરી

અજય દેવગન, રિતેશ દેશમુખ અને વાણી કપૂર સ્ટારર ફિલ્મ ‘રેડ ૨’ રિલીઝ થવામાં હવે ફક્ત એક દિવસ બાકી છે. તે ૧ મેના રોજ સિનેમાઘરોમાં આવશે અને આખો દેશ તેની આતુરતાથી રાહ જોઈ રહ્યો છે. સ્ટાર કાસ્ટ પણ તેનું જોરશોરથી પ્રમોશન કરી રહી છે. દરમિયાન, સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશનએ પણ ફિલ્મનો સમય ઘટાડી દીધો છે. નિર્માતાઓને કેટલાક ફેરફારો કરવા કહેવામાં આવ્યું છે. એક અહેવાલ મુજબ, સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન એ ‘રેડ ૨’ ને લીલી ઝંડી આપી દીધી છે. કોઈ દ્રશ્ય કાપવામાં આવ્યું નથી. તેણે બધું આમ જ ચાલ્યું જવા દીધું છે. પરંતુ બોર્ડે ફિલ્મ નિર્માતાઓને બે સંવાદો બદલવા કહ્યું છે. ઉપરાંત, તેમણે ફિલ્મમાંથી ૮ સેકન્ડના સંવાદો પણ દૂર કર્યા છે.પોર્ટલ અનુસાર, ‘રેલ્વે મંત્રી’ શબ્દને ‘બડા મંત્રી’થી બદલવામાં આવ્યો છે. તે જ સમયે, ફિલ્મની શરૂઆતમાં આવતા આઠ સેકન્ડના સંવાદ ‘પૈસા, શસ્ત્રો, શક્તિ’ને પણ દૂર કરવામાં આવ્યો હોવાના અહેવાલ છે. ‘રેડ ૨’ ને માર્ચમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન તરફથી સેન્સર સર્ટિફિકેટ મળ્યું. તેને ‘યુએ ૭+’ રેટિંગ મળ્યું છે. આ ફિલ્મ ૧૫૦ મિનિટ અને ૫૩ સેકન્ડ લાંબી છે એટલે કે તેનો સમયગાળો ૨ કલાક, ૩૦ મિનિટ અને ૫૩ સેકન્ડનો છે. ફિલ્મ ‘રેઈડ ૨’માં રજત કપૂર, સૌરભ શુક્લા, સુપ્રિયા પાઠક અને અમિત સિયાલ પણ છે. તેનું દિગ્દર્શન રાજ કુમાર ગુપ્તા દ્વારા કરવામાં આવ્યું છે. આમાં ફરી એકવાર ભ્રષ્ટાચારની વાર્તા જોવા મળશે. અગાઉ સૌરભ શુક્લા અને અજય દેવગન વચ્ચે અણબનાવ દર્શાવવામાં આવ્યો હતો. અને વાર્તા રિતેશ દેશમુખ સાથે વણાયેલી છે.




### ‘સુભમ’માં સામંથાએ ફ્રેશ કાસ્ટ લીધી છે

# સામંથા પ્રભુની પ્રોડ્યુસર તરીકે પ્રથમ ફિલ્મમાં હોરર કોમેડીનો ટ્રેન્ડ દેખાયો

**એક્ટિંગમાં પડકારજનક રોલને પસંદ કરનારી સામંથા રૂથ પ્રભુએ પ્રોડ્યુસર તરીકે ઝંપલાવ્યું**



એક્ટિંગમાં પડકારજનક રોલને પસંદ કરનારી સામંથા રૂથ પ્રભુએ પ્રોડ્યુસર તરીકે ઝંપલાવ્યું છે. છેલ્લા કેટલાક સમયથી હોરર કોમેડી ફિલ્મોનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે ત્યારે સામંથાએ પણ આ ટ્રેન્ડને ફોલો કરતાં પ્રોડ્યુસર તરીકે પહેલી ફિલ્મ આ જોનરમાં જ બનાવી છે. સામંથાની પહેલી ફિલ્મ ‘સુભમ’નું ટ્રેલર તાજેતરમાં રિલીઝ થયું છે, જ્યારે ફિલ્મને ૯મેના રોજ રિલીઝ કરવામાં આવશે. ‘સુભમ’માં ફ્રેશ સ્ટોરી લાઈનની સાથે સામંથાનો દમદાર કેમિયો પણ જોવા મળશે. ટ્રેલરની શરૂઆતમાં કેટલાક મિત્રોની ગપસપ જોવા મળે છે. પત્નીને કંટ્રોલ કરવા બાબતે બે મિત્રોના ઓપિનિયન આવે છે. એક મિત્ર નમ્રતાથી પત્ની સાથે વાત કરવાનું કહે છે, જ્યારે બીજા મિત્રનો અભિપ્રાય સાવ અલગ છે. સામંથાએ આ ફિલ્મ અંગે એક સ્ટેટમેન્ટમાં જણાવ્યું હતું કે, ટ્રાલાલા બેનર હેટળ આ ફિલ્મ બની રહી છે, જેનું વિઝન યુનિક છે. હોરર અને કોમેડીને દર્શાવતા આ ટીઝરમાં પ્લોટ અંગે કોઈ વાત થઈ નથી અને નેરેટિવ પણ જટિલ જણાય છે.‘સુભમ’માં સામંથાએ ફ્રેશ કાસ્ટ લીધી છે. હર્ષિતા રેડ્ડી, કાવિરેડ્ડી શ્રીનિવાસ, ચરન પેરી, શ્રીયા કોન્થામ, શ્રાવણી લક્ષ્મી, શાલિની કોન્ડેપુડી અને વામશિધર ગૌડ જેવા નવોદિતોને સામંથાએ તક આપી છે. નવા પ્રોડક્શન બેનર સાથે ફ્રેશ સ્ટોરી લાઈન અને નવોદિતોને દર્શાવતી આ ફિલ્મ ઓડિયન્સને કેટલી પસંદ આવે છે, તે જોવું રહ્યું.

### ઓસ્કારમાં પણ લોબી કામ કરી જતી હોય છે

# નેશનલ એવોર્ડ્સમાં પણ રમત રમાય, લોબીઈંગ કરનારા જીતેઃ પરેશ રાવલ

**દિગ્ગજ કલાકારોના પોઝિટિવ શબ્દોને પોતાના સૌથી મોટા એવોર્ડ્સ ગણાવ્યા હતા**



સંવેદનશીલ એક્ટર પરેશ રાવલે નેશનલ એવોર્ડ્સમાં ચાલતી પોલમપોલને ઉજાગર કરી છે. એક ઈન્ટરવ્યૂ દરમિયાન પીઢ કલાકારે નેશનલ એવોર્ડમાં ચાલતા ભ્રષ્ટાચાર અને લોબીઈંગ અંગે ખુલાસો કર્યો હતો. તેમણે અન્ય કોઈ કલાકાર કે ફિલ્મની વાત કરવાના બદલે પોતાનું જ ઉદાહરણ આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, તેમની બે ફિલ્મો ‘સર’ અને ‘સરદાર’ નેશનલ એવોર્ડ્સની દાવેદાર હતી. આ સમયે તત્કાલીન સાંસદે દિલ્હીમાં બેસીને તેમને લોબીઈંગના મહત્ત્વ વિષે વાત કરી હતી. પરેશ રાવલે નેશનલ એવોર્ડ્સને એક ગેમ જેવા જણાવ્યા હતા. તેમણે કહ્યું હતું, નેશનલ એવોર્ડ્સ માટે મને માન છે, પરંતુ તે કઈ રીતે કામ કરે છે, તેની મને ખબર છે.  એવોર્ડની સાથે અનેક પ્રકારના સમીકરણો જોડાયેલા હોવાનું જગજાહેર છે. પરેશ રાવલે આ અંગે વિગતે વાત કરતાં કહ્યું હતું કે, બે એવોર્ડનું હું હૃદયના ઊંડાણથી સન્માન કરુ છું. આ બંને એવોર્ડ મને મળ્યા છે. જેમાં દિનાનાથ મંગેશકર એવોર્ડ અને પી.એલ. દેશપાંડે એવોર્ડનો સમાવેશ થાય છે. અન્ય એવોર્ડ માટે હું ઘરની બહાર પણ ના નીકળું. આ કોણ આપે છે, તેનું સન્માન હોય છે. બાકી એવોર્ડ આપે છે, તો એક પ્રકારનું એકનોલેજમેન્ટ છે. મારી પૂરી ટીમનું એકનોલેજમેટ છે, માત્ર મારું નહીં. હું એટલો બધો ઈનડિફરન્ટ છું, કે તમારે આપવો હોય તો, હું એવોર્ડ પણ લઈશ. નેશનલ એવોર્ડ્સમાં ચાલતા લોબીઈંગ અને સિલેક્શન પ્રોસેસ અંગે વાત કરતાં પરેશ રાવલે કહ્યું હતું કે, મોદી સાહેબની સરકારમાં મને એવોર્ડ નથી મળ્યો. ૨૦૧૩માં મળ્યો હતો. તે સરકારનો એવોર્ડ છે. નેશનલ એવોર્ડની હું કદર કરુ છું. નેશનલ એવોર્ડમાં ક્યારેક શું થાય છે? ફિલ્મ કોઈએ પ્રોપર રીતે મોકલી ન હોતી વગેરે જેવી ટેકનિકાલિટીઝ અંગે વાત કરવામાં આવે છે. આ બધી ગંદી રમતો છે અને તેમાં ખેલ થઈ જાય છે. લોબી હોય છે અને જોરદાર હોય છે. ઓસ્કારમાં લોબી હોય છે, તો પછી આ શું ચીજ છે?  પરેશ રાવલે નસીરુદ્દિન શાહ અને ઓમ પુરી જેવા દિગ્ગજ કલાકારોના પોઝિટિવ શબ્દોને પોતાના સૌથી મોટા એવોર્ડ્સ ગણાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, મારા માટે એ એવોર્ડ છે, જ્યારે ‘મુંબઈ મેરી જાન’ જોયા પછી નસીરભાઈ મને કોલ કરે અને કહે કે, જિયો પરેશ. શું કામ કર્યુ છે! પેટ ભરાઈ જાય છે. ઓમ પુરી કહેશે, ક્યા કામ કિયા તુને! આ ઈન્ટરવ્યૂ દરમિયાન પરેશ રાવલે ‘હેરા ફેરી’ જેવી ફિલ્મો કરીને પોતે કંટાળી ગયા હોવાનું પણ કહ્યું હતું.

# ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડશે જાણીતી અભિનેત્રી?

**૫૫ વર્ષથી બોલિવૂડમાં છું છતાં જોઈએ એવું કામ નથી મળતું : સીમા પાહવા**



**સીમાએ કહ્યું, જો તમે ઓછા બજેટની સારી ફિલ્મ બનાવો છો, તો ૫ માંથી ૨ ફિલ્મ સફળ થશે**

દિગ્ગજ અભિનેત્રી સીમા પાહવા ૫ દશકથી વધુ સમયથી ભારતીય સિનેમા જગતમાં છે. આ સમય દરમિયાન, તેમણે થિયેટરથી ટેલિવિઝન અને સિનેમાથી ઓટીટી સુધીની સફર જોઈ છે. સીમાને હંમેશા તેના અદ્ભુત અભિનય કૌશલ્ય માટે પ્રશંસા મળી છે. તાજેતરમાં જ અભિનેત્રીએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની પરિસ્થિતિ વિશે વાત કરી હતી. તેમજ ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડવા વિષે વાત કરી હતી. મીડિયા સાથેની વાતચીતમાં સીમાએ કહ્યું, ‘મને લાગે છે કે ટૂંક સમયમાં મારે ફિલ્મ ઈન્ડસ્ટ્રીને નમસ્તે કહેવું પડશે. ઈન્ડસ્ટ્રીની સ્થિતિ ખૂબ જ ખરાબ થઈ ગઈ છે. અથવા મારે એમ કહેવું જોઈએ કે તેમણે ઈન્ડસ્ટ્રીના ક્રિએટીવ લોકોની હત્યા કરી છે. તે સંપૂર્ણપણે બિઝનેસમેનના હાથમાં આવી ગઈ છે. તેઓ બિઝનેસ માઈન્ડથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને જીવંત રાખવા માંગે છે. આથી મને લાગતું કે અમારા જેવા જે લોકો વર્ષોથી આ ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહ્યા છે તેઓ ટકી શકશે.’આ અંગે સીમાએ વધુમાં કહ્યું કે, ‘ઈન્ડસ્ટ્રીએ કલાત્મક મૂલ્યને બાજુ પર રાખ્યું છે. હું સમજી શકું છું કે તેઓ પૈસા કમાવવા માંગે છે અને કદાચ તેમને અમારા જેવા લોકોની જરૂર નથી. તેઓ અમને વૃદ્ધ લોકો કહે છે અને તેઓ કહે છે કે આપણી વિચારસરણી ખૂબ જૂની થઈ ગઈ છે. અમારો મત છે કે એક અભિનેતા જ ફિલ્મ ચલાવી શકે છે. જ્યારે તેમના મતે, ફિલ્મો વ્યાપારી બાબતોથી ચાલે છે.’સીમાએ કહ્યું, ‘જો તમે ઓછા બજેટની સારી ફિલ્મ બનાવો છો, તો ૫ માંથી ૨ ફિલ્મ સફળ થશે. પરંતુ તે જૂના ફોર્મ્યુલાને વળગી રહેવા માંગે છે. OTT ની પોતાની સમસ્યાઓ છે. આથી મેં મારી જાતને થિયેટર તરફ વાળી. મને નથી લાગતું કે આપણને ફિલ્મોમાં એ સન્માન અને કામ મળશે જેના આપણે હકદાર છીએ. મેં ઈન્ડસ્ટ્રીમાં ૫૫ વર્ષ આપ્યા છે પણ જો કોઈ આવીને કહે કે બીજા કોઈએ મારા કરતાં ૫ વર્ષ વધુ આપ્યા છે તો દિલને દુઃખ થાય છે. મને ખૂબ દુઃખ થયું, તેથી જ હું થિયેટર તરફ વળી અને હું જે કામ કરી રહી છું તેનાથી હું ખુશ છું.’જણાવી દઈએ કે સીમાએ ટીવીથી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સુધીની પોતાની સફર પૂર્ણ કરી. અભિનેત્રીએ ઘણા લોકપ્રિય ટીવી શોમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી છે. સીમા પાહવા ‘કસમ સે’, ‘હમ લડકિયાં’ અને ‘અસ્તિત્વ એક પ્રેમ કહાની’ જેવા લોકપ્રિય ટીવી શોમાં જોવા મળી છે.આ સાથે જ અભિનેત્રીએ ‘ગંગુબાઈ કાઠિયાવાડી’, ‘ડ્રીમ ગર્લ ૨’, ‘બરેલી કી બરફી’ અને ‘શુભ મંગલ સાવધાન’ જેવી હિટ ફિલ્મોમાં પોતાના દમદાર અભિનયથી પોતાનું નામ બનાવ્યું છે.

# અભિનેતા સની દેઓલે દેહરાદૂનમાં ‘બોર્ડર ૨’નું શૂટિંગ શરૂ કર્યું




**ફિલ્મની વાર્તા અંગે અભિનેતાએ કહ્યું કે ‘બોર્ડર ૨’ ૧૯૭૧ના યુગની પૃષ્ઠભૂમિ પર આધારિત ફિલ્મ છે**

દિગ્દર્શક જેપી દત્તાની હિટ ફિલ્મ ‘બોર્ડર’ની સિક્વલનું શૂટિંગ શરૂ થઈ ગયું છે. એક તરફ, સની દેઓલની ફિલ્મ ‘જાટ’ બોક્સ ઓફિસ પર ખૂબ જ સારી કમાણી કરી રહી છે, તો બીજી તરફ, તે હવે તેની આગામી ફિલ્મની તૈયારીમાં વ્યસ્ત છે. અહેવાલ છે કે સની દેઓલ તેની આગામી ફિલ્મ ‘બોર્ડર ૨’ ના શૂટિંગ માટે દેહરાદૂન પહોંચી ગયો છે. દેઓલે ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી શેર કરી, જેમાં તેણે લખ્યું, ‘હું બોર્ડરના શૂટિંગ માટે દેહરાદૂન પહોંચ્યો છું, જ્યાં મેં પડકારજનક હવામાન અને સુંદર સૂર્યાસ્ત જોયો.’બોર્ડર ૨’ એ ૧૯૯૭ માં રિલીઝ થયેલી સફળ ફિલ્મ ‘બોર્ડર’ નો બીજો ભાગ છે. આ ફિલ્મનું નિર્દેશન અનુરાગ સિંહ કરી રહ્યા છે. જોકે, ફિલ્મના નિર્માતા જેપી દત્તા હશે. તેમની સાથે, તેમની પુત્રી નિધિ દત્તા પણ જેપી ફિલ્મ્સના બેનર હેઠળના આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલી છે. આ ઉપરાંત, ભૂષણ કુમાર અને કૃષ્ણ કુમાર પણ ટી-સીરીઝના બેનર હેઠળ સહ-નિર્માતા તરીકે ફિલ્મ સાથે જોડાયેલા છે.સની દેઓલે ફિલ્મ ‘બોર્ડર ૨’ વિશે વાત કરી. ફિલ્મની વાર્તા અંગે અભિનેતાએ કહ્યું કે ‘બોર્ડર ૨’ ૧૯૭૧ના યુગની પૃષ્ઠભૂમિ પર આધારિત ફિલ્મ છે. પહેલી ફિલ્મ ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ પર આધારિત હતી, જ્યારે બીજો ભાગ પણ તેની આસપાસ ફરશે. સનીએ કહ્યું હતું કે, ‘અમે બીજા ભાગમાં પણ પહેલા ભાગની સુંદરતા જાળવી રાખવા માંગીએ છીએ.’તેમણે વધુમાં કહ્યું કે ‘બોર્ડર ૨’ બનાવવાનો હેતુ નવી પેઢી એટલે કે યુવાનોમાં દેશભક્તિની એ જ ભાવના જાગૃત કરવાનો છે, જે દર્શકોને પહેલા ભાગમાં જોવા મળી હતી. આ ફિલ્મમાં સની દેઓલ ઉપરાંત વરુણ ધવન, દિલજીત દોસાંઝ અને અહાન શેટ્ટી છે. આ ફિલ્મ આવતા વર્ષે ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ‘બોર્ડર ૨’ ઉપરાંત, સની દેઓલ ‘લાહોર ૧૯૪૭’ માટે પણ સમાચારમાં છે.

# ક્યારેય વિચાર્યું નહોતું કે સંસ્કાર જ ઘા બનશે



જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં બનેલી તાજેતરની ઘટના અંગે દેશભરમાં ભારે આક્રોશ છે. પહલગામમાં આતંકવાદીઓએ જે રીતે ૨૬ નિર્દોષ લોકોને તેમનો ધર્મ પૂછીને મારી નાખ્યા તે ભયાનક હતું. ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ઘણા કલાકારોએ પણ આ ઘટનાની નિંદા કરી છે. હવે દિગ્ગજ ડિરેક્ટર મહેશ ભટ્ટે હિન્દુ-મુસ્લિમ હિંસા પર વાત કરી છે અને તેમના બાળપણના દિવસોનું ઉદાહરણ પણ આપ્યું છે. પહલગામમાં આતંકવાદીઓએ જે રીતે ૨૬ નિર્દોષ લોકોને તેમનો ધર્મ પૂછીને મારી નાખ્યા તે ભયાનક હતું બોલિવૂડ ડિરેક્ટર મહેશ ભટ્ટે આ મામલે કહ્યું- ‘મારી મમ્મી શિયા મુસ્લિમ હતી અને મારા પિતા નાગર બ્રાહ્મણ હતા. બાળપણમાં જ્યારે મારી મમ્મી મને નવડાવતી અને સ્કૂલે મોકલતી, ત્યારે તે કહેતી, દીકરા, તું નાગર બ્રાહ્મણનો દીકરો છે. ભાર્ગવ ગોત્ર છે અને અશ્વિન શાખા છે. તો જ્યારે પણ તમને ડર લાગે, ત્યારે યા અલી મદદ બોલજે. તો એ સમયે તો હું ભારતમાં માંસ્સલ હતો. ક્યારેય વિચાર્યુ નહોતું કે એક સમય એવો પણ આવશે કે જ્યારે આપણે આ સંસ્કૃતિ જે મારા આપણા શરીર સમાન છે, આપણી સચ્ચાઈ સમાન છે તેને આ રીતે એક ઘા તરીકે લઈને ચાલવું પડશે.’ પહલગામમાં આતંકવાદીઓએ જે રીતે ૨૬ નિર્દોષ લોકોને તેમનો ધર્મ પૂછીને મારી નાખ્યા તે ભયાનક હતું મહેશ ભટ્ટની આ પ્રતિક્રિયા ખૂબ જ વાઈરલ થઈ રહી છે. ડિરેક્ટરની વાત કરીએ તો, તેમણે તેમના કરિયર દરમિયાન ઘણા એવા નિવેદનો આપ્યા હતા જેના કારણે તેમનો વિરોધ થયો હોય. આ ઉપરાંત તેમણે ઘણી શાનદાર ફિલ્મો પણ આપી. મહેશ ભટ્ટે તેમની કારકિર્દીમાં અર્થ, સારાંશ, નામ, લહુ કે દો રંગ, ડેડી, આશિકી, દિલ હૈ કી માનતા નહીં, ગુનાહ, સર, નાજાયાઝ, પાપા કહેતે હૈ, યે હૈ મુંબઈ મેરી જાન અને સડક ૨ જેવી ફિલ્મો બનાવી છે.

### ક્રિશ ૧૬ વર્ષનો છે અને તેણે અભિનયની ઔપચારિક તાલીમ લીધી છે

# ૧૬ વર્ષના છોકરાએ લાવ્યો અક્ષયને પરસેવો



અક્ષય કુમાર અને આર. માધવન ઉપરાંત, કેસરી ૨ માં બીજો એક સ્ટાર હતો જેણે પોતાના નાના રોલથી આખી ફિલ્મ પર પ્રભુત્વ જમાવ્યું. આ પાત્ર પરગટ સિંહનું હતું. ફિલ્મની શરૂઆતમાં જલિયાંવાલા બાગમાં પેમ્ફલેટ વહેંચતો જોવા મળતો એ જ નાનો બાળક અને તેના થોડા સમય પછી ત્યાં ગોળીબાર થાય છે. આ ગોળીબાર વચ્ચે તે પોતાની માતા અને બહેનને બચાવવા માટે કેવી રીતે દોડે છે. તે કેવી રીતે લાશોના ઢગલા નીચે દટાય છે. જ્યારે તે આખરે બહાર આવે છે, ત્યારે તેની નજર સામે તેની બહેનને ગોળી મારીને હત્યા કરવામાં આવે છે. આવા કરુણ દ્રશ્યોથી લઈને હત્યાના પોસ્ટર બનાવવા અને અક્ષય કુમારના પાત્રને પોતાનો અવાજ આપવા સુધી, પરગટ પ્રભાવિત કરે છે. પણ આ ભૂમિકા કોણે ભજવી? આ ફિલ્મમાં પોતાના નાના રોલથી છાપ છોડનાર અભિનેતાનું નામ ક્રિશ રાવ છે. ક્રિશ ૧૬ વર્ષનો છે અને તેણે અભિનયની ઔપચારિક તાલીમ લીધી છે. કેસરી ૨ તેમનો પહેલો પ્રોજેક્ટ ન હતો, આ પહેલા તેઓ ગન્સ એન્ડ રોઝીસ અને કાલા પાનીમાં કામ કરી ચૂક્યા છે.૬ જૂન ૨૦૦૮ના રોજ જન્મેલા ક્રિશ રાવે એક ઈન્ટરવ્યુ દરમિયાન અભિનેતા બનવાની તેમની સફર વિશે વાત કરી હતી. ક્રિશે જણાવ્યું કે તેને બાળપણથી જ ટીવી પ્રત્યે ખૂબ આકર્ષણ હતું. તે જાહેરાત ફિલ્મો જોતો અને તેનું અનુકરણ કરતો. ૬ જૂન ૨૦૦૮ના રોજ જન્મેલા ક્રિશ રાવે એક ઈન્ટરવ્યુ દરમિયાન અભિનેતા બનવાની તેમની સફર વિશે વાત કરી હતી તે સમયે તે ફક્ત ૩-૪ વર્ષનો હતો. ૧૦ વર્ષની ઉંમરે, ક્રિશની માતાએ તેને પૂછ્યું કે શું તેને અભિનયમાં રસ છે? તે આ માટે સંમત થયો. આ ક્રિશના જીવનમાં એક મહત્વપૂર્ણ વળાંક હતો કારણ કે તેને તેના માતાપિતાનો ટેકો મળ્યો હતો. તેમની માતા તેમને નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાના વર્કશોપમાં લઈ ગયા. ક્રિશે ત્યાંથી અભિનયની તાલીમ લીધી.ક્રિશે કહ્યું કે તેના માતા-પિતા ઈચ્છે છે કે તે મર્યાદિત પ્રોજેક્ટ્સ કરે જે તેના અભિનયને નિખારવા માટે જરૂરી છે. ક્રિશે કહ્યું કે તેના માતા-પિતા દરેક પ્રોજેક્ટ માટે હા નથી કહેતા.

### ગુવાહાટીમાં ધોધ પાસેથી મૃતદેહ મળ્યો

# ફેમિલી મેન 3 ફેમ અભિનેતા રોહિત બાસફોરનું અવસાન



**પોલીસ ઘટનાને અકસ્માત માની રહી છે જ્યારે પરિવારને શંકા છે કે ઝઘડાને કારણે તેની હત્યા કરવામાં આવી છે**

ગુવાહાટીમાં એક ધોધ પાસે તેના મિત્રો સાથે પિકનિક પર ગયેલા રોહિત બાસફોરનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસ તેને અકસ્માત માની રહી છે જ્યારે પરિવારન શંકા છે કે ઝઘડાને કારણે તેની હત્યા કરવામાં આવી છે. વેબ સિરીઝ ધ ફેમિલી મેન ૩ ના અભિનેતા રોહિત બાસફોર હવે આ દુનિયામાં નથી. રવિવારે ગુવાહાટીમાં એક ધોધ પાસે તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. રોહિત તેના મિત્રો સાથે પિકનિક પર ગયો હતો. તેમના પરિવારનો આરોપ છે કે આ કોઈ અકસ્માત નથી પણ એક કાવતરું છે. તેણે રોહિત સાથેના ઝઘડા વિશે પણ જણાવ્યું છે. પરિવારે જીમના માલિક પર પણ શંકા વ્યક્ત કરી છે જેણે તેમને પિકનિક માટે બોલાવ્યા હતા.એક અહેવાલ મુજબ, રોહિતનો મૃતદેહ ગર્ભંગા ધોધ નજીક મળી આવ્યો હતો. રોહિત તેના નવ મિત્રો સાથે પિકનિક પર ગયો હતો. અહેવાલો અનુસાર, તે ત્યાંના ધોધમાં પડી ગયો. પોલીસે જણાવ્યું કે આ ઘટના બપોરે ૨ વાગ્યાની આસપાસ બની હતી. પરિવારે જણાવ્યું કે રોહિત બપોરે ૧૨.૩૦ વાગ્યે ઘરેથી નીકળી ગયો હતો. પોલીસેજણાવ્યું, “અમને સાંજે ૪ વાગ્યાની આસપાસ માહિતી મળી અને અમે ૪.૩૦ વાગ્યે ઘટનાસ્થળે પહોંચ્યા. એસડીઆરએફ ટીમે સાંજે ૬.૩૦ વાગ્યાની આસપાસ મૃતદેહ બહાર કાઢ્યો. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે રોહિત આકસ્મિક રીતે ધોધમાં પડી ગયો હતો.એક અહેવાલ મુજબ, રોહિતના પરિવારને ષડયંત્રની શંકા છે. તેણે જણાવ્યું કે રોહિતનો રણજીત બાસફોર, અશોક બાસફોર અને ધરમ બાસફોર સાથે પાર્કિંગને લઈને ઝઘડો થયો હતો. આરોપ છે કે આ લોકોએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પરિવારે જીમના માલિક અમરદીપની ભૂમિકાને પણ શંકાસ્પદ ગણાવી, કારણ કે તેણે તેમને પિકનિક માટે બોલાવ્યા હતા.

### નગરના પરશુરામ ભગવાનનું મંદિર બનાવવાની ઘોષણા જ્યોતિ શાસ્ત્રી દ્વારા કરવામાં આવી

# ઝાલોદ સીમાવર્તી બ્રહ્મ સમાજ દ્વારા સોમનાથ મહાદેવ મંદિરે પરશુરામ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર ચિરંજીવી અને અમર એટલે પરશુરામ. બ્રહ્માના દસ માનસ પુત્રોમા એક એવા ભગવાન પરશુરામનો જન્મ બ્રાહ્મણ કુળના ભ્રૃગુઋષિ જમદગ્નિ અને રેણુકાના પુત્ર છે. ભગવાન પરશુરામ શાસ્ત્ર અને તપશ્ચર્યાની સિદ્ધિઓના પ્રભાવ થકી હિન્દુ ધર્મ અને પૌરાણિક પરંપરાનુ શાસન પૃથ્વી પર સ્થાપન કરેલ હતું. ભગવાન પરશુરામે શસ્ત્રની શિક્ષા મહાદેવ પાસે લીધી હતી.

ભગવાન પરશુરામ શસ્ત્ર તેમજ શાસ્ત્રોમાં પારંગત બનેલ હતા. તેઓ પિતાની દરેક આજ્ઞાઓનુ પાલન કરતા હતા પિતાના કહેવાથી તેઓએ તેમની માતાને મારી નાખી હતી તેનાથી ખુશ થઈ તેમના પિતાએ તેમને ત્રણ વચન માંગવાનુ કહ્યુ હતું. જેમાં પ્રથમ તેમની માતાને જીવિત કરવી, બીજું તેમના ભાઈઓ પહેલા હતા તેવા થઈ જાય અને ત્રીજું તેઓને યુદ્ધમા કોઈ હરાવી ન શકે અને તેઓ સદાય જીવિત રહે. ત્યારથી આજ સુધી પરશુરામ ભગવાની ગણના ચિરંજીવીઓમા થાય છે. આજે ૨૯-૦૪-૨૦૨૫ સાંજે ૫:૩૦ વાગે સીમાવર્તી બ્રહ્મ સમાજના લોકો મોટા પ્રમાણમાં લુહારવાડામા આવેલ મહાદેવ મંદિરે પરિવાર સાથે મોટા પ્રમાણમાં ઉપસ્થિત રહેલ હતા. સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ મુજબ દિપ પ્રાગટય, ભગવાન પરશુરામની પૂજા અર્ચના તેમજ હનુમાન ચાલીસા કરી પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ દરમિયાન બ્રહ્મ સમાજમાં જેઓએ પોતાના સ્વજન ગુમાવ્યા છે તેમની આત્માની શાંતિ માટે મૌન પાળવામાં આવ્યું હતું. ત્યારબાદ સમાજના વિવિધ આગેવાનો દ્વારા સમાજની પ્રગતિ તેમજ યસગાથા માટેનું ટૂંકમાં વર્ણન કરવામાં આવ્યું હતું.

બ્રહ્મ સમાજમા નોકરી કરી વય નિવૃત્ત થતાં સમાજના લોકોનું સન્માન તેમજ સમાજમા વિવિધ ક્ષેત્રે સુંદર પોતાની પ્રતિભા થી આગળ આવી જે બાળકો આગળ વધેલ છે તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સ્ત્રી અને પુરુષ એક સમાન માનતા સમાજ દ્વારા સ્ત્રી અને પુરુષ સહુ લોકોએ હળીમળીને આરતી કરવામાં આવી હતી. ઝાલોદ નગરમાં રામદ્વારા મંદિરના નવીનીકરણ નિમિતે ભગવાન પરશુરામનુ મંદિર બનાવવા જ્યોતિ શાસ્ત્રી દ્વારા કરવામાં આવી હતી.છેલ્લે ઉપસ્થિત સહુ સીમાવર્તી બ્રહ્મ સમાજના એક આહ્વાન કરતા પરશુરામ જન્મોત્સવ પ્રસંગે ઉપસ્થિત સહુ લોકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ભાવનગરમાં ખેલ મહાકુંભ ૩.૦ રાજ્યકક્ષાની અબવ-૪૦ અને ૬૦ ભાઈઓ-બહેનોની ટેબલ ટેનીસ સ્પર્ધા યોજાઇ




। (માહિતી બ્યૂરો) ભાવનગર, તા.૩૦ ।

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર તથા સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા રમતગમત અધિકારી અને જિલ્લા રમત વિકાસ અધિકારી ભાવનગર દ્વારા સંચાલિત ખેલ મહાકુંભ ૩.૦ રાજ્યકક્ષા ટેબલ ટેનીસ અંડર ૧૧,અં. ૧૪, અં.૧૭, ઓપન એજ ગ્રુપ, અબવ ૪૦ અને અબવ ૬૦ ભાઈઓ/બહેનોની સ્પર્ધાનું સરદાર પટેલ રમત સંકુલ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,સીદસર રોડ, ભાવનગર ખાતે તા.૨૭. ૦૪-૨૦૨૫ થી ૦૮-૦૫-૨૦૨૫ દરમ્યાન યોજાનાર છે.

જેમાં આજ રોજ અબવ ૪૦ અબવ ૬૦ ભાઈઓ અને બહેનોની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગુજરાત રાજ્યના જીલ્લાઓ માંથી બહોળી સંખ્યામાં રમતવીરોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. રમતવીરોને પ્રોત્સાહિત કરવા ઉદ્દઘાટન પ્રસંગે દિવ્યાંગ ખેલાડીઓ ને ઉપસ્થિત રાખી કાર્યક્રમની શરૂઆતની અનોખી પહેલ કરવામાં આવી હતી. ઓપનિંગ કાર્યક્રમ દિવ્યાંગ રમતવીરો દ્વારા કરવામાં આવ્યો હતો.

જેમાં જિલ્લા ટેબલ ટેનિસ રમતના રાષ્ટ્રિય કક્ષા અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ મેળવેલ દિવ્યાંગ રમતવીરો પેરા ટેબલ ટેનિસના ભાવનગર જિલ્લાના નરેશભાઈ દવે (પેરા સ્પોર્ટ્સ એસોસિએશન ભાવનગર જિલ્લા પ્રતિનિધિ), મનસુખભાઈ સોલંકી (નેશનલ પ્લેયર), ઈલાબેન દવે (પેરા સ્પોર્ટ્સ એસોસિએશન, ગુજરાત કમિટી મેમ્બર / નેશનલ પ્લેયર), સરલાબેન સોલંકી (નેશનલ પ્લેયર સિલ્વર મેડાલિસ્ટ),ભારતીબેન પડધરીયા (નેશનલ પ્લેયર ગોલ્ડ મેડાલિસ્ટ ), દિનેશભાઈ પડધરીયા (નેશનલ પ્લેયર સિલ્વર મેડાલિસ્ટ), અલ્પેશ સુતરીયા (ઈન્ટરનેશનલ પ્લેયર સિલ્વર મેડાલિસ્ટ) સંગીતા સુતરીયા (ઈન્ટરનેશનલ પ્લેયર સિલ્વર મેડાલિસ્ટ), નીતાબેન ચાવડા (નેશનલ પ્લેયર સિલ્વર મેડાલિસ્ટ), ભાવેશ રાઠોડ (નેશનલ પ્લેયર), સંજય મકવાણા (નેશનલ પ્લેયર), સોનલ ડાભી (નેશનલ પ્લેયર બ્રોન્ઝ મેડલ),શમીમ ચાવડા (નેશનલ પ્લેયર બ્રોન્ઝ મેડલ ), અસ્મા ગાહા (નેશનલ પ્લેયર), પ્રકાશ ચાવડા (નેશનલ પ્લેયર)તેમજ રમતગમત અધિકારી નરેશભાઈ ટી.ગોહિલ, જિલ્લા રમત વિકાસ અધિકારી સુનીલભાઈ ચૌધરી, વી.એમ. જાળેલા-વ્યાયામ શિક્ષક સંઘ, ભાવેશભાઈ ભટ્ટ-મંત્રીશ્રી વ્યાયામ શિક્ષક સંઘ સુદર્શન મેસરે -ટેબલ ટેનિસ કોચ- ભાવનગર, ચીફ રેફરી શ્રી વગેરે મહાનુભાવ તેમજ વ્યાયમ શિક્ષકશ્રીઓ અને ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાતના આવક વેરા વિભાગ દ્વારા આયોજિત રોજગાર મેળામાં કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોમાં પસંદ થયેલા ૧૮૭ ઉમેદવારોને સી.આર. પાટીલના હસ્તે નિમણુંક પત્રો એનાયત કરાયા




। (માહિતી) સુરત, તા.૩૦ ।

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ઓક્ટોબર ૨૦૨૨માં 'રોજગાર મેળા'ની શરૂઆત કરી - એક મહત્વાકાંક્ષી ભરતી પહેલ જેનો હેતુ દેશભરના ૧૦ લાખથી વધુ પાત્ર યુવાનોને તબક્કાવાર કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોમાં રોજગારની તકો પૂરી પાડવાનો છે.આ વિઝનને આગળ ધપાવીને, જોબ ફેરની ૧૫મી આવૃત્તિનું સમગ્ર ભારતમાં ૪૭ સ્થળોએ એક સાથે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૫૧ હજારથી વધુ યુવાનોને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોમાં સેવા માટે નિમણુંક પત્રો એનાયત કર્યા હતા.ગુજરાતના આવકવેરા વિભાગ દ્વારા સુરત શહેરના સરસાણા કન્વેન્શન ખાતે આયોજીત ૧૫માં રોજગાર મેળો કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલના અધ્યક્ષતામાં યોજાયો હતો. તેમણે કહ્યું કે, ૧૫મો જોબ ફેર એ યુવાનોને સશક્ત બનાવવા અને દેશના કાર્યબળને મજબૂત કરવા માટેનો બીજો સીમાચિહ્નરૂપ બનશે. આ મેળામાં શિક્ષણ રાજયમંત્રી શ્રી પ્રફુલ પાનસેરીયા, મેયર શ્રી દક્ષેશ માવાણી, સાંસદ શ્રી મુકેશકુમાર ચંદ્રકાંત દલાલ, ધારાસભ્ય શ્રી પૂર્ણેશ મોદી તથા મોટી સંખ્યામાં ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

## ૧લી મે : ગુજરાત સ્થાપના દિનઃ છેલ્લા બે દાયકાથી રાજ્યમાં વિકાસની રાજનીતિના નવીન અધ્યાય થકી ગુજરાત દેશમાં 'રોલ મોડેલ'

। ગાંધીનગર, તા.૩૦ ।

ગુજરાત વર્ષોથી સંસ્કાર, સંસ્કૃતિ, સમૃદ્ધિ અને વિકાસની ભૂમિ રહી છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૧માં વિકાસનો પાયો નાંખ્યો અને છેલ્લા બે દાયકા કરતાં વધુ સમયથી રાજ્ય સરકારના હકારાત્મક અભિગમ તેમજ જન ભાગીદારી થકી રાજ્યમાં વિકાસનો નવો અધ્યાય શરૂ થયો છે. જેના પરિણામે છેલ્લા બે દાયકાથી ગુજરાત દેશમાં વિકાસની રાજનીતિના નવા અધ્યાય થકી સતત રોલ મોડલ પુરવાર થઈ રહ્યું છે.

સૌ ગુજરાતીઓએ ગૌરવ થાય એવા ગુજરાતના ૬૫માં સ્થાપના દિન ૧લી મેએ આપણે આ અવિરત વિકાસ યાત્રાને વધુને વધુ આગળ વધારવા સંકલ્પબદ્ધ બનવું જ રહ્યું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ આજ માર્ગે રાજ્યની વિકાસ યાત્રાને આગળ ધપાવી રહ્યા છે. જેના પરિણામે ગુજરાત એ ભારતની વસતિના ૫ ટકા અને જમીનનો ૬ ટકા ભાગ ધરાવે છે તેમ છતાં દેશના આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો આપે છે. વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત'ના લક્ષ્યને હાંસલ કરવા ગુજરાત દેશના **GDP**માં ૮.૨ ટકા ફાળો આપી રહ્યું છે. જ્યારે ભારતના ટોચના પાંચ અર્થતંત્ર ધરાવતા રાજ્યોમાં ગુજરાત સ્થાન ધરાવે છે.

ગુજરાત ગૌરવશાળી ભૂતકાળ ધરાવતું રાજ્ય છે અને ભવિષ્ય માટે પહેલ કરતી અગ્રગણ્ય શક્તિ છે. અહીં મંદિર છે તો મોલ પણ છે, અહીં રણ ઉત્સવ છે તો ગિફ્ટ સિટી પણ છે. અહીં આધુનિક બાંધકામ છે તો પર્યાવરણને કેન્દ્ર સ્થાને રાખતાં ગ્રીન બિલ્ડિંગ્સ પણ છે. ગિફ્ટ સિટી, સાયન્સ સિટી, ધોલેરા સ્માર્ટ સિટી, મેટ્રો ટ્રેન, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, વ્હાઈટ રેવિન્યુ જનરેટિંગ પોર્ટ્સ – આવી અનેક યોજનાઓ ગુજરાતને નેશનલ લીડરશિપ તરફ લઈ જઈ રહી છે.

વાત કરીએ આપણા ગુજરાતના વિકાસની...

ગુજરાતનો ઈતિહાસ શરૂઆતથી જ ખૂબ જ વૈભવશાળી રહ્યો છે. લોથલ અને ધોળાવીરા જેવી સિંધુ ખીણ સંસ્કૃતિની સાઈટ્સથી લઈને મહાત્મા ગાંધીના જન્મસ્થળ પોરબંદર સુધી, ગુજરાતે ભારતના ઈતિહાસમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. શ્રી કૃષ્ણના દ્વારકા ધામથી લઈને સુફી સંસ્કૃતિ સુધી, ગુજરાત એક સાંસ્કૃતિક મેળાપનું પણ ઉદાહરણ છે. ગુજરાતના પનોતા પુત્ર અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સતત માર્ગદર્શન, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં તેમજ ગુજરાતીઓના અથાક પરિશ્રમથી ભારતના અર્થતંત્રમાં ગુજરાત એક મહત્વપૂર્ણ અને શક્તિશાળી રાજ્ય તરીકે વિશેષ સ્થાન ધરાવે છે.

આ ઉપરાંત ગુજરાત નિકાસના ક્ષેત્રમાં પણ અગ્રણી સ્થાન ધરાવે છે. ભારતમાં થતી કુલ નિકાસનો આશરે ૩૦ ટકાથી વધુ હિસ્સો ગુજરાત ધરાવે છે. આમાં મુખ્યત્વે પેટ્રોકેમિકલ, ફાર્માસ્યુટિકલ્સ, ટેક્સટાઈલ, સેરામિક્સ, જેમ એન્ડ જ્વેલરી, કેમિકલ્સ અને ફાર્મા ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

# ગુરુ ગોવિંદ મહારાજ સમાધી ધામ પર અખાત્રીજનો વાર્ષિક ભગતો સંતોનો મેળો ભરાયો હતો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

ઝાલોદ તાલુકાના ગુરુ ગોવિંદ કંબોઈ ધામ ખાતે તારીખ ૨૭-૪-૨૦૨૫ ના રોજ દર વર્ષોની જેમ આ વર્ષે ત્રણે રાજ્યોના ગુરુ ગોવિંદ મહારાજના સંતો ભગતોનો મેળો ભરાયો હતો જેમ સ્થાનિક ટ્રસ્ટ ના પ્રમુખ/મંત્રી અને ઉપપ્રમુખ પ્રવીણભાઈ રતિલાલભાઈ, વિનુભાઈ વિમલભાઈ, શૈલેશભાઈ અને સ્થાનિક સરપંચની ટીમ દ્વારા આવનાર સંતો ભગતોને જમણવાર ચા ની વ્યવસ્થા કરવામા આવી હતી અને મેળાનુ સારું સંચાલન કરતા જોવા મળ્યા હતા.

ગુરુ ગોવિંદ મહારાજના પાટવી સેવક કચરુભગત અને ગુરુસમાધીની બાજુમા ગુરુ ગોવિંદ મહારાજની દિકરીની ખુણાપર સમાધી જોવા મળી હતી અને મંદિર ઉપર સાત જેટલા અલગ અલગ કલરની ધજાઓ ચડાવવામા આવી હતી જેનાથી આવનાર વર્ષે સારુ નિવડે વરસાદ ખેતી લાયક ઉતરે સોમાચાનુ ઉગાડેલ અનાજ કઠોળ પાકો સારા અને ભરપુર માત્રામાં પાકે તે માટે ગુરુ ગોવિંદ મહારાજના અનુઆયો દ્વારા ચડાવવામા આવ્યું હતું મળેલ ભગતો સંતો એ અલગ અલગ જગ્યાએ પોત પોતાની મંડળો એકઠા થઈ ને ભજન કીર્તન કરવામા મોજ માણી હતી જેની જાણકારી સ્થાનિક ટ્રસ્ટના પ્રમુખ પંકજભાઈ નરસિગભાઈ નિનામા એ આપી હતી.

આખી રાત ભગતોએ પાટ પુરીને દરશૅન કરીને આવનાર વર્ષે સારુનિવડે તે માટે સૌએ ગુરુ ગોવિંદ મહારાજની સમાધી ઉપર માગણી કરી સૌ સવારમા વિખેરાઈ પોત પોતાના ઘરે ગયા હતા અને ગુરુ ગોવિંદ મહારાજ દ્વારા આપેલા વચનોનુ પાલન કરી અગમ ભવિષ્ય વાણી સાથે કામગીરી કરતા ભગતો જોવા મળ્યા હતા.

# પિતાની ચાલે ચાલી રહી છે દીકરીઃ ચાર વર્ષની અનન્યા ઐયરની શતરુંજની જીતી





। (માહિતી) વડોદરા, તા.૩૦ ।

વડોદરાની ચાર વર્ષની ચેસ ખેલાડી અનન્યા ઐયરે એપ્રિલ ૨૦૨૫માં બેંગલુરુમાં યોજાયેલા પ્રતિષ્ઠિત "બેંગલુરુ ચેસ ઓપન" ટૂર્નામેન્ટમાં પોતાની અસાધારણ કુશળતા અને ઉમંગભર્યા ભવિષ્યના સંકેતો આપીને ચેસ જગતનું ધ્યાન પોતાના તરફ ખેંચ્યું છે. માત્ર ચાર વર્ષની ઉમરે, અનન્યાએ કેટેગરી ઝ માં સ્પર્ધા કરી હતી અને સૌથી નાની ઉંમરની સ્પર્ધક હોવા છતાં સર્વત્ર પોતાની આગવી ઓળખ બનાવી હતી.

પિતા ડૉ. આનંદ ઐયર, સ્વયં રાષ્ટ્રીય સ્તરના ચેસ ખેલાડી રહી ચૂક્યા છે, અને આજે તેમની દીકરી તેમનો વારસો ગૌરવભેર આગળ વધારી રહી છે. "અનન્યા બાળપણથી જ ચેસ બોર્ડ તરફ આકર્ષાયેલી હતી. જ્યારે હું રમતો હતો, ત્યારે તે આતુરતાથી નિહાળતી અને તરત જ મારી ચાલો સમજવા લાગી. એક દિવસ તે એમ જ બોલી ઉઠી —'હું પણ રમીશ!' અને ત્યાંથી તેની સફર શરૂ થઈ," ગર્વભેર પિતા એ જણાવ્યું.

અનન્યા હવે માત્ર ચેસ રમતી નથી, પણ તે દરેક ચાલ સાથે પોતાનું ભવિષ્ય રચે છે. ૩.૫ વર્ષની ઉંમરે તેણે ચેસ રમવાનું આરંભ્યું અને અત્યાર સુધીમાં બે રાષ્ટ્રીય તથા એક આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં ભાગ લઈ ચુકી છે. માત્ર ત્રણ ફૂટ ઉંચી આ નાની ખેલાડી પોતાના મેચ દરમિયાન બે ખુરશી ઉપર બેસીને ચેસબોર્ડ સુધી પહોંચતી હતી – પણ તેની દઢતા અને તેજસ્વી વિચારો તેને અન્ય કરતા ઊંચા સ્થાને મૂકે છે. બેંગલુરુ ચેસ ઓપન ૨૦૨૫ ટૂર્નામેન્ટમાં, જે કોરામંગલા ઈન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી, ભારત સહિત ૧૧ દેશોના ૨૦૦૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. અનન્યાની રમતમાં નિપુણતા, નિખાલસતાથી હસવું અને બોર્ડ પરનો નિર્ભય અભિગમ એ દરેક નિરીક્ષક માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું. તે જ્યારે **'Grand-master in Process'** લખેલા ટી-શર્ટમાં દેખાતી ત્યારે તમામ દર્શકો માટે તે આશાની એક ઝલક બની.

અનન્યાની શિક્ષણયાત્રા વડોદરાની ઓક્સઝિલિયમ સ્કૂલમાં ચાલે છે. તે માત્ર શત્રંજમાં જ નહિ, પરંતુ ગીતગાન, ચિત્રકળા અને ભાષામાં પણ નિપુણ છે. તે અંગ્રેજી, ગુજરાતી, તમિલ અને હિન્દી સરળતાથી બોલી શકે છે – જાણે શબ્દો પણ એની ચાલની જેમ વિચારીને આવે છે.

અત્યારે અનન્યા ચેસ કોચ અવની દોશી પાસેથી તાલીમ લે છે અને પોતાનું ધ્યાન સમગ્રપણે આ બૌદ્ધિક રમત પર કેન્દ્રિત રાખી રહી છે. પિતા તરફથી મળેલી પ્રેરણા અને માર્ગદર્શન સાથે તે એકદમ જુસ્સાવાળું ભવિષ્ય ગઢી રહી છે. ડૉ. ઐયર કહે છે, "મારું સ્વપ્ર છે કે અનન્ય સાત વર્ષની ઉમરે ગ્રાન્ડમાસ્ટર બને. એ માત્ર એક ખિતાબ નહીં, પણ અમારી સંયુક્ત મહેનત અને પ્રેમનું પરિણામ હશે."

અનન્યા ઐયર આજે માત્ર ચાર વર્ષની છે, પણ એની દઢતા, આત્મવિશ્વાસ અને કળાવિદ્યા સાથે ભવિષ્યના ચેસ વિશ્વમાં એક ગૌરવપૂર્ણ સ્થાન બનાવવાની તાકાત રાખે છે. પિતાની ચાલ હવે દીકરીના પંથ બની ગઈ છે—અને એ પંથ હવે વિશ્વસૂચક જીતોની દિશામાં આગળ વધી રહ્યો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે બોલતા પહેલા બે વાર વિચાર કરો. જાણતા જ પ્રગટ થયેલા તમારા મંતવ્યો કોઈકની લાગણી દુભાવી શકે છે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**મિથુન (ક,છ,ઘ) :**
સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.

**કર્ક (ડ,હ) :**
આજે તમારા દિવસની શરૂઆત સવારે થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવારમાંથી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો?

**સિંહ (મ,ટ) :**
કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજથી સંતોષી જીવન માટે તમારી માનસિક દઢતામાં વધારો કરો. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. કામ બાકી હોવા છતાં રૉમાન્સ તથા સામાજિક બાબતો તમારા મગજ પર રાજ કરશે.

**તુલા (ર,ત) :**
આજે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે કરેલ રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. કોઈ પિકનિક સ્પૉટની મુલાકાત લઈ તમે તમારૂ પ્રેમ જીવન ઝળકાવી શકો છો. ભાગીદારીને લગતી તકો સારી જણાય છે, પણ બધું જ કાગળ પર સ્પષ્ટ કરજો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે અમુક બાબતે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. આનંદ આપીને તથા ભૂતકાળની ભૂલોને માફ કરીને તમે તમારા જીવનને લાયક બનાવશો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારે કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમારે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. આજે તમે અને તમારૂં પ્રિયપાત્ર પ્રેમના સમુદ્રમાં ડૂબકી લગાડશો અને પ્રેમની ઉચ્ચતમ બાજુ અનુભવશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં. જે લોકો તેમના પ્રેમી થી દૂર રહે છે તે આજે તેમના પ્રેમી ને યાદ કરી શકે છે. તમે રાત્રે પ્રેમી સાથે કલાકો સુધી ફોન પર વાત કરી શકો છો. વધારે પડતા કામ છતાંય કાર્યક્ષેત્ર માં તમારી અંદર ઉર્જા જોઈ શકાય છે.

## ન્યૂઝ બ્રિફ

### પાકિસ્તાનીઓના દેશનિકાલ મામલે ફેરવિચારણા કરો



। (એજન્સી) શ્રીનગર, તા.૩૦ ।

પહેલગામ આતંકવાદી હુમલા પછી કેન્દ્ર સરકારે પાકિસ્તાની નાગરિકોને ભારત છોડવા માટે આદેશ આપ્યો છે. આ દરમિયાન પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી(પીડીપી)ના પ્રમુખ મેહબૂબા મુફ્તીએ મંગળવારે સરકારને એ પાકિસ્તાની નાગરિકોને દેશનિકાલ કરવાના નિર્ણય પર ફેરવિચારણા કરવા વિનંતી કરી છે, જે ભારતીયો સાથે વિવાહિત છે અને કેટલાય વર્ષોથી અહીંયા રહી રહ્યા છે. તેમણે સરકારને અપીલ કરી છે કે આ મામલામાં સહાનુભૂતિપૂર્ણ દૃષ્ટિકોણ અપનાવવો જરૂરી છે.મહેબૂબા મુફ્તીએ સોશિયલ મીડિયા પર કરેલી એક પોસ્ટમાં કહ્યું કે, ભારતમાંથી તમામ પાકિસ્તાની નાગરિકોને દેશનિકાલ કરવાના તાજેતરના સરકારી આદેશને લીધે ગંભીર માનવીય ચિંતાઓ જન્મી છે, એમાં ખાસ કરીને જમ્મુ-કાશ્મીરમાં આ સ્થિતિ વધુ મુશ્કેલીભરી છે. ૩૦-૪૦ વર્ષ પહેલા ભારત આવેલી મહિલાઓ પણ તેના ભોગ બની રહી છે અને ભારતીય નાગરિકો સાથે લગ્ન કર્યા, પરિવારનું પાલન-પોષણ કર્યું અને લાંબા સમયથી આપણા સમાજનો હિસ્સો રહી છે.

### USમાં ટ્રક ચલાવવા અંગ્રેજી આવડવું ફરજિયાત : ડોનાલ્ડ ટ્રમ્પનો નવો આદેશ



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૦ ।

યુએસના પ્રમુખ તરીકે સત્તાનું સુકાન સંભાળ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ તેમના ચૂંટણી વચનો પૂરા કરવા માટે યુદ્ધના ધોરણે કામ કરી રહ્યા છે. આ માટે ટ્રમ્પ દરરોજ નવા આદેશો પસાર કરી રહ્યા છે. ટ્રમ્પે હવે ટ્રંક ડ્રાઈવરો અંગે એક આદેશ આપ્યો છે, જેનાથી લાખો ડ્રાઇવરોની ઊંઘ ઉડી ગઈ છે. ટ્રમ્પે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા છે જેમાં અમેરિકામાં ટ્રક ડ્રાઈવરો માટે અંગ્રેજી ભાષા ફરજિયાત બનાવવામાં આવી છે.'અમેરિકાના ટ્રક ડ્રાઈવર્સ માટે રોડના કોમનસેન્સ રૂલ્સનો અમલ' નામના એક્ઝિક્યુટિવ ઓર્ડરમાં કહેવામાં આવ્યું છે કે, અમેરિકાના ટ્રક ડ્રાઈવરો દેશની અર્થવ્યવસ્થા, તેની સુરક્ષા અને અમેરિકન લોકોની આજીવિકા માટે જરૂરી છે. જો કે, ટ્રમ્પના આદેશ બાદ ખાસ કરીને શીખ જૂથોમાં ચિંતા વધી છે. તેમનું કહેવું છે કે, આનાથી સમુદાયના ટ્રક ડ્રાઇવરો પર અસર પડી શકે છે અને રોજગારમાં બિનજરૂરી અવરોધો ઉભા થઈ શકે છે.આદેશમાં કહેવામાં આવ્યું છે કે, વ્યાવસાયિક ડ્રાઇવરો માટે અંગ્રેજીનું જ્ઞાન આવશ્યક છે. જેથી તે ટ્રાફિક સિગ્નલો વાંચી અને સમજી શકે. ટ્રાફિક સુરક્ષા, સરહદ પેટ્રોલિંગ, કૃષિ ચોકી અને કાર્ગો વજન-મર્યાદા સ્ટેશનના અધિકારીઓ સાથે પણ વાતચીત કરવામાં સક્ષમ થઈ શકે. 'મારું વહીવટીતંત્ર અમેરિકન ટ્રકચાલકો, ડ્રાઇવરો, મુસાફરો અને અન્ય લોકોના રક્ષણ માટે કાયદા લાગુ કરશે, જેમાં સલામતી અમલીકરણ નિયમોનું પાલન કરીને ખાતરી કરવામાં આવશે કે કોમર્શિયલ વાહન ચલાવનાર કોઈપણ વ્યક્તિ આપણી રાષ્ટ્રીય ભાષા, અંગ્રેજીમાં યોગ્ય રીતે લાયક અને નિપુણ છે.' તેવો પણ ટ્રમ્પે આદેશમાં ઉલ્લેખ કર્યો છે.

### પેગાસસ જાસૂસ વિવાદનો રીપોર્ટ સાર્વજનિક કરવાનો ઇનકાર

# દેશ ત્રાસવાદીઓ સામે સ્પાયવેરનો ઉપયોગ કરે તો તેમાં ખોટું શું છેઃ SC

### પેગાસસ જાસૂસી વિવાદ પછી સુપ્રીમ કોર્ટે ૨૫ ઓગસ્ટ ૨૦૨૨એ ટેકનિકલ સમિતિની રચના કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

પેગાસસ જાસૂસી વિવાદ અંગેની ટેકનિકલ સમિતિના અહેવાલને સાર્વજનિક કરવાનો ઈનકાર કરતાં સુપ્રીમ કોર્ટે મંગળવારે જણાવ્યું હતું કે જો સરકાર આતંકવાદીઓ સામે સ્પાયવેરનો ઉપયોગ કરે તો તેમાં ખોટું શું છે? દેશની સુરક્ષા અને સાર્વભૌમત્વને સ્પર્શતો કોઈપણ અહેવાલ જાહેર કરી શકાય નહીં. ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ એન કોટિશ્વર સિંહની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે તે ગોપનીયતા ભંગની વ્યક્તિગત આશંકાઓની સુનાવણી કરી શકે છે, પરંતુ ટેકનિકલ સમિતિનો અહેવાલ ''રસ્તાઓ પર'' ચર્ચા કરવા માટેનો કોઈ દસ્તાવેજ નથી. દેશની સુરક્ષા અને સાર્વભૌમત્વને સ્પર્શતા કોઈપણ અહેવાલને જાહેર કરી શકાય નહીં, જોકે ટેકનિકલ સમિતિનો રીપોર્ટ કેટલી હદ સુધી જાહેર કરી શકાય છે તેની તે ચકાસણી કરશે. એક અરજદારના એડવોકેટ દિનેશ દ્વિવેદીએ જણાવ્યું હતું કે સરકાર પાસે સ્પાયવેર હતું કે નહીં અને તેને તેનો ઉપયોગ કર્યો હતો કે તે સવાલ છે. જો સરકાર



પાસે તે છે, તો આજે પણ સરકારને તેનો સતત ઉપયોગ કરવાથી કોઈ રોકી શકે તેમ નથી. આનો જવાબ આપતાં ખંડપીઠે જણાવ્યું હતું કે આજકાલ આપણે જે પ્રકારની સ્થિતિનો સામનો કરી રહ્યા છીએ, ત્યારે આપણે થોડા જવાબદાર બનીએ. જો દેશ આતંકવાદીઓ સામે સ્પાયવેરનો ઉપયોગ કરી રહ્યો હોય તો શું ખોટું છે? સ્પાયવેર રાખવું ખોટું નથી, તમે કોની સામે ઉપયોગ કરી રહ્યા છો તે પ્રશ્ન છે. તમે રાષ્ટ્રની સુરક્ષા સાથે સમાધાન કરી શકતા નથી. ખાનગી નાગરિક વ્યક્તિ જેને ગોપનીયતાનો અધિકાર છે તે બંધારણ હેઠળ સુરક્ષિત રહેશે. સુપ્રીમ કોર્ટે આ મામલાની વધુ સુનાવણી ૩૦ જુલાઈએ નિર્ધારિત કરી હતી. પેગાસસ જાસૂસી વિવાદ પછી સુપ્રીમ કોર્ટે ૨૫ ઓગસ્ટ ૨૦૨૨એ ટેકનિકલ સમિતિની રચના કરી હતી. આ સમિતિની તપાસમાં બહાર આવ્યું હતું કે ૨૯ તપાસાયેલા સેલ ફોનમાંથી પાંચમાં માલવેર મળ્યું હતું, પરંતુ સમિતિ એવું તારણ કાઢી શકી ન હતી કે પેગાસસનો ઉપયોગ થયો હતો.સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જસ્ટિસ આર.વી. રવિન્દ્રનના અહેવાલ પછી સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે કેન્દ્રએ પેગાસસ તપાસમાં સહકાર આપ્યો નથી. સર્વોચ્ચ અદાલતે ૨૦૨૧માં સરકારી એજન્સીઓ દ્વારા રાજકારણીઓ, પત્રકારો અને કાર્યકરોના સર્વેલન્સ માટે ઈઝરાયેલી સ્પાયવેરના ઉપયોગના આરોપોની તપાસનો આદેશ આપ્યો હતો અને આ બાબતની તપાસ કરવા માટે ટેકનિકલ અને દેખરેખ સમિતિઓની નિમણૂક કરી હતી.

### રામ મંદિરના તમામ પૂજા સ્થળ ક્યાં સુધીમાં બનીને તૈયાર થઈ જશે? નૃપેન્દ્ર મિશ્રા

#### મંદિરનું તમામ બાંધકામ હવે લગભગ પૂર્ણ થઈ ગયું છે અમારા મંદિરનું કામ ૫ જૂનના રોજ પૂર્ણ થશે

। (એજન્સી) અયોધ્યા, તા.૩૦ ।

અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ આ વર્ષે ૫ જૂન સુધીમાં પૂર્ણ થશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ આ માહિતી શેર કરી છે. આ સાથે, સંકુલમાં સ્થિત તમામ વિવિધ મંદિરો ૫ જૂન અથવા તેના એક દિવસ પછી ભક્તો માટે ખોલવામાં આવશે.

મંદિરનું ૯૯ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે, પહેલો માળ અને બીજો માળ પણ પૂર્ણ થઈ ગયો છે. શિખર પરનું કામ પૂર્ણ થઈ ગયું છે. મંદિરનું તમામ બાંધકામ હવે લગભગ પૂર્ણ થઈ ગયું છે. અમારા મંદિરનું કામ ૫ જૂનના રોજ પૂર્ણ થશે.

નૃપેન્દ્ર મિશ્રાએ કહ્યું કે મંદિર પરિસરમાં મહર્ષિ વાલ્મીકિ, વશિષ્ઠ જી, વિશ્વામિત્ર, અહલ્યા બાઈ, નિષાદરાજ મહારાજ, શબરી માતા અને અગસ્ત્ય મુનિની મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી છે. આ બધાની પૂજા ૫ જૂને રામ દરબાર સાથે કરવામાં આવશે. આ ૭ મંદિરો પણ ૫ જૂન પછી જાહેર જનતા માટે ખોલવામાં આવશે. રામ દરબાર અને મંદિર પરિસરમાં બનેલા ૬ મંદિરોની પૂજા ૫ જૂને કરવામાં આવશે. ચંપત રાય ૫ જૂનના વિગતવાર કાર્યક્રમની જાહેરાત કરશે.

અયોધ્યામાં રામ મંદિરનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. મંદિર લગભગ બનીને તૈયાર થઈ ગયું છે. ત્યારે હવે આ મંદિરની શોભામાં વધારો કરવા માટે અમદાવાદમાંથી તૈયાર થયેલો ધ્વજ સ્તંભ પણ અયોધ્યા પહોંચી ચુક્યો છે અને આ સ્તંભ શુભ મુહૂર્ત વૈશાખ શુક્લ દ્વિતિયના સમયે લગાવવામાં આવ્યો છે. આ ધ્વજ સ્તંભ ૪૨ ફુટ લાંબો છે, જેને આજે સવારે ૬.૩૦ કલાકે લગાવવાની તૈયારીઓ કરી લીધી હતી, જ્યારે ૮ વાગ્યે સવારે આ ધ્વજ સ્તંભ અયોધ્યા રામ મંદિરના પટાંગણમાં લગાવવામાં આવ્યો છે.આ ધ્વજ સ્તંભ અમદાવાદમાં બનીને તૈયાર થયો છે. જેને અમદાવાદથી અયોધ્યા લઈ જવામાં આવ્યો હતો. ત્યાર બાદ તેની સ્થાપના કરવામાં આવી છે.

### વક્ફ સંશોધન કાયદાનો ઓવૈસીનો અનોખો વિરોધ, કહ્યું- 'તમે સૌ ઘરની લાઈટ બંધ કરી દો

। (એજન્સી) નવી દિલ્હી,તા.૩૦ ।

AIMIM સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ વક્ફ સુધારા અધિનિયમ ૨૦૨૫ વિરૂદ્ધ વિરોધ પ્રદર્શન મુદ્દે મોટી જાહેરાત કરી છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ તરફથી વક્ફ કાયદાના વિરોધમાં ૩૦ એપ્રિલે લાઈટ બંધ રાખવા સલાહ આપશે. બુધવારે રાત્રે ૯ વાગ્યાથી ૯:૧૫ વાગ્યા સુધી લાઇટ બંધ કરવાનો આહ્વાન કર્યું છે. તેમણે કહ્યું કે, 'હું લોકોને અપીલ કરું છું કે તેઓ તેમના ઘરો/દુકાનોની લાઇટ બંધ કરીને આ વિરોધમાં ભાગ લે, જેથી આપણે પીએમ મોદીને સંદેશ આપી શકીએ કે આ કાયદો મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન છે.' અસદુદ્દીન ઓવૈસીએ આ નિવેદન એવા સમયે આપ્યું છે, જ્યારે સુપ્રીમ કોર્ટે વક્ફ સુધારા અધિનિયમ ૨૦૨૫ની બંધારણીય માન્યતાને પડકારતી ૧૩ નવી અરજીઓ પર વિચાર કરવાનો ઈનકાર કર્યો હતો.

### સ્થાનિક ક્રિકેટ મેચ દરમિયાન બે વ્યક્તિઓ વચ્ચેનો ઝઘડો હત્યામાં ફેરવાયો

## મેંગલુરુમાં 'પાકિસ્તાન ઝિંદાબાદ'ના નારા પોકારી રહેલા યુવકની ટોળાએ હત્યા કરી

। (એજન્સી) મેંગલુરુ, તા.૩૦ ।

પહેલગામમાં આતંકી હુમલામાં ૨૬ પ્રવાસીઓના મોત બાદ દેશભરમાં આક્રોશ ચરમસીમાએ છે. આ દરમિયાન કર્ણાટકના મેંગલુરુમાં ક્રિકટ મેચ દરમિયાન પાકિસ્તાન ઝિંદાબાદના નારા લગાવવા બદલ ટોળાએ એક વ્યક્તિની હત્યા કરી હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. આ મામલે પોલીસે ૧૦ લોકોની ધરપકડ કરી છે.કર્ણાટકના ગૃહમંત્રી જી પરમેશ્વરે ઘટનાની પુષ્ટિ કરતા કહ્યું હતું કે, એક અજાણ્યા વ્યક્તિ સાથે મોબ લિંચિંગની ઘટના નોંધાઈ છે. મને જાણ કરવામાં આવી હતી કે, સ્થાનિક ક્રિકેટ મેચ દરમિયાન તે 'પાકિસ્તાન ઝિંદાબાદ' ના નારા લગાવી રહ્યો હતો, જેના કારણે કેટલાક લોકોએ તેને માર માર્યો હતો. તેનું ઘટનાસ્થળે નહીં પરંતુ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. મને હજુ સુધી સંપૂર્ણ રિપોર્ટ મળ્યો નથી. લગભગ ૧૦થી ૧૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને વધુ તપાસ ચાલી રહી છે. તેમણે ખાતરી આપી હતી કે આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લેવામાં આવશે. આ ઘટના રવિવારે બપોરે ૩ વાગ્યાની આસપાસ મેંગલુરુના બહારના કુડુપુ ગામમાં ભત્રા કલ્લુર્તી મંદિર પાસે ૧૦ ટીમો અને ૧૦૦થી વધુ ખેલાડીઓ સાથેના ક્રિકેટ કાર્યક્રમ દરમિયાન બની હતી. સાક્ષીઓએ જણાવ્યું હતું કે પીડિત અને સચિન નામના વ્યક્તિ વચ્ચે ઝપાઝપીથી શરૂ થઈ હતી. જે જોત જોતામાં ઉગ્ર બનીને જૂથ અથડામણમાં ફેરવાઈ હતી. ઘર્ષણ થતાં કેટલાક રાહદારીઓએ દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, ટોળાએ લાકડીઓ અને લાતોથી પીડિતને મારવાનું ચાલુ રાખ્યું હતું.

### કાનૂની લડાઈમાં બાળકોનું કલ્યાણ સર્વોપરી : સુપ્રીમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

સુપ્રીમ કોર્ટે મંગળવારે જણાવ્યું હતું કે માતા-પિતા વચ્ચે બાળકોની કસ્ટડી મેળવવા માટેની કાનૂની લડાઈમાં બાળકોનું કલ્યાણ સર્વોપરી છે. બાળકની કસ્ટડીના કેસોમાં બાળકના સર્વોચ્ચ વિચારણા હોવી જોઈએ. માતાપિતા દ્વારા દર્શાવવામાં આવતી ઈમાનદારી કે સ્નેહ બાળકની કસ્ટડી નક્કી કરવાનો આધાર હોઈ શકે નહીં. કેરળ હાઈકોર્ટના ૧૧ ડિસેમ્બર ૨૦૧૪ના એક આદેશને રદ કરતાં જસ્ટિસ વિક્રમ નાથ, સંજય કરોલ અને સંદીપ મહેતાની બનેલી ખંડપીઠે આ અવલોકનો કર્યા હતા. હાઈકોર્ટે પિતાને દર મહિને ૧૫ દિવસ માટે બે બાળકોની વચગાળાની કસ્ટડી આપી હતી, પરંતુ સર્વોચ્ચ અદાલતે આ વ્યવસ્થાને અવ્યવહારુ અને બાળકોના સુખાકારી માટે હાનિકારક ગણાવી હતી.સોફ્ટવેર પ્રોફેશનલ માતાએ હાઈકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. આ દંપતીએ ૨૦૧૪માં લગ્ન કર્યા હતાં અને તેમને બે બાળકો છે.

### યુએનમાં ભારતે પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા

# ભારત અને પાકિસ્તાનને સ્વીકાર્ય કોઇપણ પહેલને ટેકો : UN વડા એન્ટોનિયો ગુટેરેસ

### બંને દેશો વચ્ચે વધેલી તંગદિલી વિશે ચિંતા વ્યક્ત કરીઃ સંયમ જાળવવાની પણ ગુટેરેસની અપીલ

। (એજન્સી) યુનાઇટેડ નેશન્સ, તા.૩૦ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચેની સ્થિતિ પર ઊંડી ચિંતા વ્યક્ત કરીને યુએનના વડા એન્ટોનિયો ગુટેરેસ જણાવ્યું હતું કે તેઓ તણાવ ઓછો કરવા અને વાતચીત ફરી શરૂ કરવા માટે બંને પક્ષોને સ્વીકાર્ય હોય તેવી કોઈપણ પહેલને સમર્થન આપવા તૈયાર છે. યુએસ વડાના કાર્યાલયે એક નિવેદનમાં સોમવારે જણાવ્યું હતું કે મહાસચિવ ભારત અને પાકિસ્તાન વચ્ચેની પરિસ્થિતિ અંગે ખૂબ જ ચિંતિત છે. તેઓ બંને સરકારોને મહત્તમ સંયમ રાખવા અને કોઈપણ પ્રકારની ઉગ્રતા ટાળવા ભારપૂર્વક અનુરોધ કરે છે. ગુટેરેસ તેમના દ્રઢ વિશ્વાસને દોહરાવે છે કે સૌથી પડકારજનક મુદ્દાઓનો પણ અર્થપૂર્ણ અને રચનાત્મક સંવાદ દ્વારા શાંતિપૂર્ણ રીતે ઉકેલી લાવી શકાય છે. તેઓ બંને પક્ષોને સ્વીકાર્ય હોય તેવી કોઈપણ પહેલને સમર્થન આપવા તૈયાર છે, જે તણાવ ઓછો કરવા અને સંવાદ ફરી શરૂ કરવાને પ્રોત્સાહન આપે



છે.ગુટેરેસે જણાવ્યું હતું કે તેઓ ભારત અને પ ાકિસ્તાન વચ્ચેની પરિસ્થિતિ પર ખૂબ જ નજીકથી અને ખૂબ જ ચિંતા સાથે નજર રાખી રહ્યાં છે અને બંને સરકારોને મહત્તમ સંયમ રાખવા અને સ્થિતિ વધુ વણસે નહીં તેની ખાતરી કરવાનો અનુરોધ કરે છે. નિવેદનમાં નોંધવામાં આવ્યું હતું કે ભારત અને પાકિસ્તાનમાં સંયુક્ત રાષ્ટ્ર લશ્કરી નિરીક્ષક જૂથ (UNMOGIP)ની જે વિસ્તારમાં હુમલો થયો હતો ત્યાં કોઈ હાજરી નથી અને નિયંત્રણ રેખા પર ૧૯૭૧ના યુદ્ધવિરામના કડક પાલનને લગતી ગતિવિધિ નિરીક્ષણ અને દેખરેખ રાખવાના તેના આદેશનો અમલ કરવાનું ચાલુ રાખે છે.UNMOGIPની સ્થાપના જાન્યુઆરી ૧૯૪૯માં થઈ હતી. જોકે ભારત માને છે કે UNMOGIP તેની ઉપયોગીતા ખતમ કરી ચૂક્યું છે. સિમલા કરાર અને તેના પરિણામે નિયંત્રણ રેખા (LoC)ની સ્થાપના પછી તે અપ્રસ્તુત બન્યું છે. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં એક કાર્યક્રમમાં પાકિસ્તાન પર આકરા પ્રહાર કરતાં યુએનમાં ભારતના નાયબ કાયમી પ્રતિનિધિ યોજના પટેલે જણાવ્યું હતું કે પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે આતંકવાદી સંગઠનોને ટેકો આપવા અને ભંડોળ પૂરું પાડવાના પોતાના દેશના લાંબા ઈતિહાસની ખુલ્લી કબૂલાત કરી છે. આ ખુલ્લી કબૂલાત પાકિસ્તાન એક ''બદમાશ દેશ' હોવાનો પર્દાફાશ કરે છે. પાકિસ્તાન વિશ્વમાં ત્રાસવાદને પ્રોત્સાહન આપે છે અને અસ્થિરતા ઊભી કરે છે. પાકિસ્તાનના પ્રતિનિધિએ પહેલગામ હુમલાનો ઉલ્લેખ કર્યો ત્યારે યોજના પટેલે આ આકરો જવાબ આપ્યો હતો.

### સૌથી પહેલા વેપાર કરાર થઇ શકે તેવા દેશોમાં ભારતઃ ટ્રેઝરી સેક્રેટરી બેસન્ટ

## ભારત સાથે વાટાઘાટો સફળ, દ્વિપક્ષી વેપાર કરાર ટૂંકમાં થઈ શકેઃ અમેરિકા

। (એજન્સી) વોશિંગ્ટન, તા. ૩૦ ।

ટ્રમ્પ સરકારે શરૂ કરેલા ટેરિફ અભિયાન બાદ અમેરિકાએ અનેક દેશ સાથે વાટાઘાટો શરૂ કરી છે. અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે કહ્યુ હતું કે, ભારત સાથે વાટાઘાટો કરવાનું ખૂબ સરળ રહ્યું છે અને ઊંચા ટેરિફ મામલે ચાલી રહેલી વાટાઘાટો સફળ રહી છે. ભારત સાથે દ્વિપક્ષી વેપાર કરારને ટૂંક સમયમાં આખરી ઓપ આપવાની અપેક્ષા વ્યક્ત કરતા સ્કોટે કહ્યું હતું કે, અમેરિકાએ રેસિપ્રોકલના ટેરિફના વિકલ્પે દ્વિપક્ષી વેપાર કરારને મહત્ત્વ આપ્યું છે. સૌથી પહેલા આ કરારને મંજૂરી આપનારા દેશોની યાદીમાં ભારતનો સમાવેશ થઈ શકે છે. વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાત કરતાં બેસન્ટે કહ્યું હતું કે, અમેરિકાના એશિયન ટ્રેડિંગ પાર્ટનર્સ અને મિત્ર રાષ્ટ્રો આ કરારની શરતો બાબતે નક્કર પ્રગતિ સાધવામાં મોખરે છે. ગત સપ્તાહે ઉપપ્રમુખ વેન્સે ભારતની મુલાકાત લીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેઓ મળ્યા હતા અને આ વાટાઘાટોમાં ઘણી સારી પ્રગતિ સધાઈ હોય તેમ જણાય છે. તેથી ભારત સંદર્ભે સત્તાવાર જાહેરાત થવાની શક્યતા છે. બેસન્ટે દક્ષિણ કોરિયા અને જાપાન સાથે પણ ટ્રેડ ડીલ બાબતની વાટાઘાટો યોગ્ય દિશામાં આગળ વધી રહી હોવાનું કહ્યું હતું. ભારત સાથે ટ્રેડ ડીલને આખરી ઓપ આપવાનો તબક્કો ખૂબ નજીક હોવાનું જણાવતા તેમણે કહ્યું હતુ કે, અન્ય દેશોની સરખામણીએ ભારત સાથે વાટાઘાટો કરવાનું ખૂબ સરળ છે, કારણ કે ભારતમાં ઘણાં ઊંચા ટેરિફ દર છે.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીનો ૯ મો વાર્ષિક પદવીદાન સમારોહ યોજાયો

। ભાવનગર, તા.૩૦ ।

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીનો ૯ મો વાર્ષિક પદવીદાન સમારોહ અટલ ઓડિટોરિયમ ખાતે યોજાયો હતો. કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા અને શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ આ પદવીદાન સમારોહમાં રાજ્યપાલશ્રીન હસ્તે ૪૪ ગોલ્ડ મેડલ, ૧૨ સિલ્વર મેડલ અને ૩૪ ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ મળીને કુલ-૯૦ વિદ્યાર્થીઓને ૮૮ મેડલ એનાયત તથા ૧૨ વિદ્યાશાખાના ૧૩,૯૬૫ વિદ્યાર્થીઓને ડીજી લોકર એપ્લિકેશનના માધ્યમથી ડિગ્રી સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ દીક્ષાંત સમારોહમાં પદવી મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું કે, તમારા માતા-પિતા અને ગુરુજનોએ તમને સારુ શિક્ષણ અપાવ્યું છે ત્યારે સુશિક્ષિત હોવું પૂરતું નથી, ગુણવાન અને સુસંસ્કૃત હોવું જરૂરી છે. તમે જે વિષયનું શિક્ષણ મેળવ્યું છે એ શિક્ષણનો પરિવાર, સમાજ અને રાષ્ટ્રના ભલા માટે ઉપયોગ કરીએ. આપણે મૂલ્યનિષ્ઠ, સભ્ય અને સમાજ પ્રત્યે જવાબદેહ રહેવું જરૂરી છે. પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ દેશની ઉન્નતિ અને ભવિષ્ય નિર્માણમાં પોતાનું બહુમૂલ્ય યોગદાન આપવું જરૂરી છે.

રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું કે, ભારતની પ્રાચીન ગુરૂકુલ પરંપરામાં પણ ઋષિમુનિઓ પોતાના શિષ્યોને શિક્ષા-દીક્ષા અર્પણ કરી અંતમાં સત્ય બોલવા, ધર્મનું આચરણ કરવા અને અભ્યાસમાં આળસ ન કરવાનો ઉપદેશ આપતાં હતા. તેમણે પદવી ધારણ કરતા વિદ્યાર્થીઓને સ્વાધ્યાયમાં-જ્ઞાન ઉપાર્જનમાં ક્યારેય આળસ નહીં કરવા જણાવ્યું હતું. વિદ્યાર્થીઓને પ્રાપ્ત કરેલી શિક્ષા અને સિદ્ધિઓ પોતાના પૂરતી સીમિત



ન રાખતા લોકઉપયોગી થાય જેમાં લોકોનું કલ્યાણ થાય એ દિશામાં ઉપયોગ કરવા સૂચન કર્યું હતું. તેમજ 'માતૃદેવો ભવઃ પિતૃ દેવો ભવઃ, આચાર્ય દેવો ભવઃ અને અતિથિ દેવો ભવઃ' ના આપણા સંસ્કૃતિભાવને હૃદયમાં ઉતારવા જણાવ્યું હતું. જ્ઞાન મેળવ્યા બાદ હવે એવું જીવન ઘડતર કરવાથી આવનારી પેઢી તમારામાંથી પ્રેરણા મેળવે તેવું જીવન જીવવા જણાવ્યું હતું.

રાજ્યપાલશ્રીએ શિક્ષણ અને ધર્મનો સાચો મર્મ સમજાવતા કહ્યું કે, જેને ધારણ કરીએ તે ધર્મ, સત્ય અને અસત્યમાંથી જે ટકી શકે એ જ ધર્મ. પ્રાણી માત્રને દુઃખ આપવું એ અધર્મ છે. વેદોમાં પણ કહ્યું છે કે, આપણા આત્માને બીજાના આત્મામાં જુઓ અને પ્રાણી માત્રના કલ્યાણ માટે કાર્ય કરવું એ જ ધર્મ હોવાનું તેમણે જણાવ્યું હતું. ભણેલા અને અભણ વચ્ચે ભેદ ન હોય તો ડિગ્રી શું કામની ? એમ કહી તેમણે માતા- પિતાની સેવા કરવા તથા ગુરુજનોને ન ભૂલવા અને જીવનના દરેક ક્ષેત્રમાં બીજાને ઉપયોગી બનવા શીખ આપી હતી. કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું કે, આજનો દિવસ શૈક્ષણિક ઉત્સવનો છે તેમ કહી તેમણે નેક નામદાર મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ કરેલા પ્રજા કલ્યાણ કાર્યોને બિરદાવ્યા હતાં. તેમણે કહ્યું કે, આજના પદવીદાન સમારોહમાં ૮૮ પૈકી ૬૨ જેટલાં મેડલ્સ તો માત્ર બહેનોએ મેળવ્યાં છે. જે દર્શાવે છે કે, આજના સમયમાં મહિલાઓએ દરેક ક્ષેત્રમાં આગળ વધીને સફળતા હાંસલ કરી રહી છે. તેમણે કહ્યું કે, આજે પદવી મેળવ્યાં બાદ તમારી જવાબદારી વધે છે એટલે રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા, વિકસિત ભારતના સંકલ્પ ને સાકાર કરવામાં તમારું યોગદાન ખૂબ જ મહત્વપૂર્ણ બની રહેશે. આજના સમયમાં ખૂબ જ ઝડપથી બદલાવ આવી રહ્યો છે ત્યારે બદલાતા સમયમાં નવી તકોને ઓળખવાની આવશ્યકતા છે. તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં અને રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય એ અનેક નવા કિર્તીમાન સ્થાપ્યાં છે ત્યારે આપણે પણ રાજ્ય અને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપ ીએ. આ અવસરે શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ પદવી મેળવનાર સૌ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, ત્યાગીને ભોગવી જાણે તેનું ઉત્તમ ઉદાહરણ એટલે મહારાજા કૃષ્ણકુમારસિંહજી. જેમના નામ સાથે જે યુનિવર્સિટીનું નામ જોડાયેલું છે એવા મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ આઝાદીના સમયે ૫૬૨ રજવાડાઓમાંથી સૌથી પહેલું રાજ્ય દેશને અર્પણ કર્યું હતું એ યુનિવર્સિટીના વિદ્યાર્થી હોવાનું ગૌરવ હોવું જોઈએ. મંત્રીશ્રીએ પદવી ધારણ કરનાર વિદ્યાર્થીઓને કહ્યું કે, અહીંથી જ્ઞાન પ્રાપ્ત કરીને વિનય, વિવેક, સત્ય પ્રાપ્તિ, નિષ્ઠાના ગુણો સાથે તમે બહાર જઈ રહ્યાં છો ત્યારે ભારતની સાંસ્કૃતિક ધરોહરની વિરાસતને ઉજાગર કરવાનું કામ કરીએ. જીવનમાં ભણવું, ગણવું તો જરૂરી છે જ પરંતુ અહીંથી જ્ઞાન મેળવીને તમે જઈ રહ્યાં છો ત્યારે તમારી યુનિવર્સિટીની લાયબ્રેરી જો યાદ આવે તો માનજો કે તમે મેળવેલી પદવી શ્રેષ્ઠ છે.

सत्यमेव जयते
ગુજરાત સરકાર

# ૧લી મે, ૨૦૨૫
# ગુજરાત ગૌરવ દિવસની
## સૌને ખૂબ ખૂબ શુભકામનાઓ







## ભવ્ય ગુજરાત, દિવ્ય ગુજરાત
## જય જય ગરવી ગુજરાત

પંચમહાલને ₹**૬૫૦ કરોડ**થી વધુની રકમના
કુલ **૮૫** વિકાસકાર્યોની ભેટ

ગુજરાતના માનનીય રાજ્યપાલ
**શ્રી આચાર્ય દેવવ્રતજી**
સમારોહનું અધ્યક્ષસ્થાન શોભાવશે

ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ની
પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાત ગૌરવ દિવસના વિવિધ કાર્યક્રમોનું આયોજન

તારીખ ૧-૫-૨૦૨૫, ગુરુવાર

**પોલીસ મહાનિરીક્ષકશ્રીની કચેરીનું લોકાર્પણ**
**સમયઃ** સવારે ૧૦:૧૦ વાગે
**સ્થળઃ** પંચામૃત ડેરી પાસે, ગોધરા.

**લોકાર્પણ અને ભૂમિપૂજન તથા શસ્ત્ર પ્રદર્શન**
**સમયઃ** સવારે ૧૦:30 વાગે
**સ્થળઃ** રામ દરબાર મંદિર પાસે, છબનપુર, ગોધરા-લુણાવાડા રોડ, ગોધરા.

**પોલીસ પરેડ નિરીક્ષણ**
**સમયઃ** સાંજે ૬:00 વાગે
**સ્થળઃ** વાવડી ચોકડી પાસે, ગોધરા-બામરોલી રોડ, ગોધરા.

**સાંસ્કૃતિક કાર્યક્રમ**
**સમયઃ** સાંજે ૭:30 વાગે
**સ્થળઃ** એસ.આર.પી. ગ્રાઉન્ડ, પંચામૃત ડેરી પાસે, ગોધરા.